# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 62 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 March 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૩ માર્ચ ૨૦૨૪ (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઈન્ટરવલ પૂર્તિ ૧૦ ૧૧ ૧૨ ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સૌરાષ્ટ્રમાંથી ૪૮૦ કરોડના ડ્રગ્સ સાથે છ પાકિસ્તાનીની ધરપકડ


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રનો દરિયાકિનારો નશીલા પદાર્થોના લેન્ડિંગ માટે સોફ્ટ ટાર્ગેટ હોય તેમ વધુ એકવાર અરબી સમુદ્રમાંથી વધુ એક વખત ડ્રગ્સનો મોટો જથ્થા સાથે છ પાકિસ્તાનીને ઝડપી લેવામાં આવ્યાં છે.

પ્રાથમિક માહિતી મુજબ પોરબંદરના દરિયામાં એટીએસ, એનસીબી અને કોસ્ટ ગાર્ડની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને તાજેતરમાં સોમનાથના દરિયામાંથી ૩૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયા બાદ મંગળવારે પોરબંદરથી આશરે ૩૮૦ કિલોમીટર મધદરિયે પાકિસ્તાન સરહદ નજીક કોસ્ટગાર્ડ, એટીએસ અને એનસીબીએ એક શંકાસ્પદ બોટ અટકાવી તલાશી લેતા તેમાંથી અંદાજે રૂ. ૪૮૦ કરોડની કિંમતનો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ બોટમાંથી છ પાકિસ્તાની શખસ ઝડપાતા આ ડ્રગ્સનો જથ્થો પાકિસ્તાનથી આવી રહ્યાની આશંકા દર્શાવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરબી સમુદ્રમાંથી ૧૩ દિવસ પહેલા પણ એસીબી, ગુજરાત એટીએસ તથા નેવી દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી ડ્રગ્સનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો, જેમાં ૩૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું બહાર આવ્યું હતું. જેમાં કુલ અલગ અલગ ત્રણ પ્રકારનાં ડ્રગ્સ મળી આવ્યાં હતા. ડ્રગ્સના જથ્થા સાથે બોટમાં સવાર પાંચ જેટલા પાકિસ્તાની ક્રૂ મેમ્બરની ધરપકડ પણ કરવામાં આવી હતી. બોટ સાથે ઝડપાયેલા તમામ આરોપીઓને મેડિકલ ચેકઅપ બાદ પોરબંદર જ્યૂડિયશલ ફર્સ્ટ કોર્ટમાં ૧૫ દિવસના રિમાન્ડ માટે રજૂ કરાયા હતા. આ તમામ આરોપીઓ પાકિસ્તાની હતા. જેઓ ઇરાની બોટમાં સવાર હતા. જેમના વિરુદ્ધ પોરબંદરના નવીબંદર મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયો હતો. કોસ્ટગાર્ડ, એટીએસ અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ જોઈન્ટ ઓપરેશન કરીને અત્યાર સુધીમાં ૩૩૦૦ કરોડનો ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યો છે. ■

કોંગ્રેસે બીજી યાદી જાહેર કરી ૨


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 59,940/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ૭૫ દિવસમાં ૧૧ લાખ કરોડના પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ કરાયુંઃ મોદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:૨૦૨૪ના ૭૫ દિવસોમાં ૧૧ લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અથવા શિલાન્યાસ કરવામાં આવ્યું છે જ્યારે છેલ્લા ૧૦-૧૨ દિવસમાં ૭ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું અનાવરણ કરવામાં આવ્યું છે એવું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

ગુજરાતના પ્રવાસે આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે દેશના લગભગ ૧ લાખ કરોડનાં વિકાસકાર્યોની ભેટ મળી હતી. જેમાં ૮૫૦૦૦ કરોડથી વધુ રેલવે પ્રોજેક્ટનું શિલાન્યાસ - લોકાર્પણ કર્યુ હતું. ૧૦ નવી વંદે ભારત ટ્રેનનું પ્રસ્થાન. જેમાં અમદાવાદ - મુંબઈ વંદે ભારતનું ફ્લેગ ઓફ કરાવ્યું હતું. આ ઉપરાંત દહેજ ખાતે રૂ.૨૦૦૦૦ કરોડથી વધુની કિંમતના પેટ્રોનેટ એલએનજીના પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્ષના

(જુઓ પાનું ૨) ▶▶

## એનઆઇએના દેશભરમાં 30 સ્થળ પર દરોડા

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ) એ આતંકવાદીઓ અને કુખ્યાત ગેંગસ્ટરોની સાંઠગાંઠની તપાસ મામલે મંગળવારે ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં દરોડા પાડ્યા હતા. સૂત્રોએ આ માહિતી આપી હતી.

એક સૂત્રએ જણાવ્યું હતું કે આ મામલામાં એનઆઇએ દ્વારા પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને કેન્દ્ર શાસિત પ્રદેશ ચંડીગઢમાં ૩૦ સ્થળો પર વ્યાપક પ્રમાણમાં દરોડા પાડવામાં આવ્યા હતા. એનઆઇએના પ્રવક્તાએ અગાઉ કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

## હરિયાણામાં સત્તા પરિવર્તનઃ ખટ્ટરને સ્થાને સૈનીને જવાબદારી સોંપાઈ



**શપથગ્રહણઃ** હરિયાણાના ગવર્નર બંડારુ દત્તાત્રેયે મંગળવારે ભાજપના નેતા નાયાબસિંહ સૈનીને હરિયાણાના મુખ્ય પ્રધાન તરીકે શપથગ્રહણ કરાવ્યા હતા. (એજન્સી)

ચંદીગઢઃ હરિયાણામાં મંગળવારનો દિવસ સત્તામાં ભારે ઊથલપાથલનો રહ્યો હતો. મુખ્ય પ્રધાન મનોહરલાલ ખટ્ટર અને તેમના કેબિનેટ પ્રધાનોએ અચાનક રાજીનામું આપી દીધાના કલાકોમાં જ ભાજપના નેતા નાયાબ સિંહ સૈનીએ મુખ્ય પ્રધાન તરીકેના શપથ ગ્રહણ કર્યા હતા. તેમની કેબિનેટના પાંચ પ્રધાનોને પણ હરિયાણાના રાજ્યપાલ બંડારુ દત્તાત્રેય દ્વારા રાજભવનમાં શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાન તરીકેના શપથ ગ્રહણ કર્યા બાદ નાયાબ સિંહ સૈનીએ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મનોહરલાલ ખટ્ટરને પગે લાગીને તેમના આશીર્વાદ લીધા હતા. મુખ્ય પ્રધાન સાથે શપથ ગ્રહણ કરનારા ભાજપના નેતાઓના નામ કંવર પાલ, મૂલચંદ શર્મા, જય પ્રકાશ દલાલ અને બનવારી લાલ છે. તેમની સાથે એક અપક્ષ વિધાનસભ્ય રણજિત સિંહ ચૌટાલાને પણ પ્રધાનપદના શપથ લેવડાવવામાં આવ્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે ભાજપે ઓબીસી નેતા નાયાબ સિંહ સૈની (૫૪)નું નામ હરિયાણાના નવા મુખ્ય પ્રધાન તરીકે જાહેર કર્યું હતું. તેઓ

(જુઓ પાનું ૨) ▶▶

## ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના હુમલામાં ૬૭ પેલેસ્ટીનીનાં મોત

રફાહઃ ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચેના યુદ્ધનો અંત દેખાતો નથી ત્યારે ગાઝા પટ્ટીમાં સોમવારથી રમઝાનના પવિત્ર માસ નિમિત્તે રોજાની શરૂઆત થઈ છે. ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના દબાણને કારણે ખાદ્ય સામગ્રીની અછતને કારણે ભૂખમરાની સ્થિતિ વણસી છે. બીજી તરફ ઈઝરાયલ પર માનવતાના ધોરણે ઢીલ મૂકવાનું દબાણ વધી રહ્યું છે.

અમેરિકા, કતાર અને ઈજિપ્તે રમઝાનના રોજા ચાલુ થાય તે પહેલાં મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં ઈઝરાયલના બંદીઓને મુક્ત કરવાની અને તેની સામે પેલેસ્ટાઈનના કેદીઓને મુક્ત કરવાની વાત હતી. આ ઉપરાંત માનવતાના ધોરણે સહાય સામગ્રી પહોંચવા દેવાની વાત હતી, પરંતુ યુદ્ધવિરામની વાતો ગયા સપ્તાહે સ્થગિત થઈ ગઈ હતી.

ગાઝાના આરોગ્ય અધિકારીએ એવી માહીતી આપી હતી કે ઈઝરાયલી હુમલામાં મૃત્યુ પામેલા ઓછામાં ઓછા ૬૭ લોકોને છેલ્લા ૨૪ કલાકમાં હોસ્પિટલોમાં લાવવામાં

(જુઓ પાનું ૨) ▶▶







એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ સીએએનો રાજકીય ફાયદો લે તેમાં ખોટું શું?

કેન્દ્ર સરકારે અંતે સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (CAA) અંગે જાહેરનામું બહાર પાડી દીધું છે અને અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા બિન-મુસ્લિમોને ભારતની નાગરિકતા આપવાનો માર્ગ સંપૂર્ણ મોકળો કરી દીધો. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન ત્રણેય મુસ્લિમ રાષ્ટ્રો છે. આ ત્રણેય રાષ્ટ્રોમાં કટ્ટરવાદીઓ દ્વારા લઘુમતીઓ પર ભારે અત્યાચારો થાય છે તેથી એ લોકો ભાગીને ભારત આવે છે. આ રીતે ભાગીને ભારત આવેલા બિન-મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા મેળવવાનો માર્ગ સીએએના કારણે મોકળો થઈ ગયો છે.

સીએએના જાહેરનામા પ્રમાણે અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા બિન-મુસ્લિમ એવી છ લઘુમતીઓને ભારતીય નાગરિકતા અપાશે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા હિંદુ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌદ્ધ અને પારસી એ છ ધર્મનાં લોકોને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ સીએએમાં કરવામાં આવી હતી અને જાહેરનામામાં તેને લગતા નિયમો જાહેર કરાયા છે.

આ નિયમો અનુસાર અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા તમામ હિંદુ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌદ્ધ અને પારસીઓને નાગરિકતા નથી મળવાની પણ કોને નાગરિકતા આપવી ને કોને નહીં આપવી એ કેન્દ્ર સરકાર નક્કી કરશે. મતલબ કે, નાગરિકતા આપવાનો અધિકાર કેન્દ્ર સરકારના હાથમાં રહેશે. ૨૦૧૯માં નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે નાગરિકતા કાયદામાં સુધારો કર્યો તેમાં જોગવાઈ કરેલી કે, ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા હિંદુ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌદ્ધ અને પારસી ધર્મનાં લોકોને ભારતીય નાગરિકતા આપવામાં આવશે.

સીએએને લગતો કાયદો સંસદમાં પસાર થયો એ વાતને લગભગ પાંચ વર્ષ વિતી ગયાં છે. અત્યાર સુધી મોદી સરકાર આ અંગેના નિયમો બનાવતી નહોતી તેના કારણે તેના માથે માછલાં પણ ધોવાઈ રહ્યાં હતાં. કેન્દ્ર સરકાર ખરેખર સીએએ લાગુ કરવા માગે છે કે નહીં એ સવાલ પણ ઊઠેલો.

સંસદમાં કોઈ પણ કાયદો પસાર થાય અને તેના પર રાષ્ટ્રપતિ સહી કરે પછી ૬ મહિનામાં તેને લગતા નિયમો તૈયાર કરી દેવા પડે. સંસદે આ ખરડો સાડા ચાર વર્ષ પહેલાં પસાર કરી દીધેલો ને રાષ્ટ્રપતિએ તેના પર સહી પણ કરી દીધેલી પણ કેન્દ્ર સરકારે નિયમો નહોતા બનાવ્યા એટલે ભાજપ સરકાર ચૂંટણીમાં આ મુદ્દાનો રાજકીય ફાયદો લેવા માટે વાતને લંબાવ્યા કરે છે એ સ્પષ્ટ થઈ ગયેલું ને એ ધારણા સાચી પડી છે.

રાષ્ટ્રપતિની સહી થયાના છ મહિનામાં નિયમો ના બને તો લોકસભા અને રાજ્યસભામાં ગૃહ બાબતોની સંસદીય સમિતિ પાસેથી એક્સટેન્શન લેવું પડે. CAAના કિસ્સામાં, ૨૦૨૦થી, ગૃહ મંત્રાલય નિયમો બનાવવા માટે છ મહિને સંસદીય સમિતિ પાસેથી એક્સટેંશન લઈ લેતું હતું ને એ રીતે લોકસભાની ચૂંટણી લગી મુદ્દાને લંબાવી દીધેલો. લોકસભાની ચૂંટણી નજીક આવતાં જ ભાજપે પાછો ઉપાડો લીધેલો.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ૨૦૨૩ના ડિસેમ્બરમાં કોલકાતામાં એક રેલી દરમિયાન હુંકાર કરેલો કે, દેશભરમાં સીએએને લાગુ થતાં કોઈ રોકી શકશે નહીં અને બહુ જલદી સીએએનો અમલ થશે. જો કે એ વાતને પણ ત્રણ મહિના થઈ ગયા છતાં કોઈ સળવળાટ નહોતો દેખાતો તેથી જેમને નાગરિકતા મળવાની છે એ લોકો ઊંચાનીચા થવા માંડેલા. હવે કેન્દ્ર સરકારે લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલાં દેશભરમાં સીએએનો અમલ કરવાનું જાહેરનામું બહાર પાડતાં તેમને પણ હાશકારો થયો છે.

સીએએ અંગેના નિયમો જાહેર થતાં જ પાછા રાજકીય આક્ષેપો શરૂ થયા છે. ભાજપ રાજકીય ફાયદા માટે આ મુદ્દાને ઉઠાવી રહ્યો છે એવા આક્ષેપ થઈ રહ્યા છે. આ આક્ષેપો હાસ્યાસ્પદ છે કેમ કે રાજકીય પક્ષ રાજકીય ફાયદા માટે જ પગલું ભરે ને ? ભાજપ સરકારે પણ રાજકીય ફાયદા માટે જ પગલું ભર્યું છે, બાકી અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા તમામ હિંદુ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌદ્ધ અને પારસીઓને નાગરિકતા આપવી હોય તો તેના માટેની સત્તા પણ કેન્દ્ર સરકાર પાસે હતી જ. આ સત્તાનો ઉપયોગ કરીને ભાજપ સત્તામાં આવ્યો એ પહેલાંથી બહારનાં લોકોને નગરિકતા અપાતી હતી ને ભાજપના શાસનમાં પણ અપાય છે.

છેલ્લાં બે વર્ષમાં ગુજરાત, રાજસ્થાન, છત્તીસગઢ, હરિયાણા, પંજાબ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને મહારાષ્ટ્ર એ નવ રાજ્યના ૩૦થી વધુ જિલ્લા મેજિસ્ટ્રેટ અને ગૃહ સચિવોને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી આવતા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓને નાગરિકતા આપવા માટે સત્તા આપવામાં આવી છે. દેશના નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ હેઠળ કલેક્ટર કે ગૃહ સચિવ જ આ લોકોને સીધું ભારતીય નાગરિકત્વ આપી શકે છે.

છેલ્લાં બે વર્ષમાં ત્રણ હજારથી વધારે લોકોને આ રીતે નાગરિકતા અપાઈ છે. ૨૦૨૧-૨૨ના ગૃહ મંત્રાલયના વાર્ષિક અહેવાલ મુજબ ૧ એપ્રિલ, ૨૦૨૧થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધીમાં જ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના આ બિન-મુસ્લિમ લઘુમતી સમુદાયોના કુલ ૧,૪૧૪ વિદેશીઓને ભારતીય નાગરિકતા આપવામાં આવી છે.

આ સંજોગોમાં નવા કાયદાની જરૂર જ નથી પણ ભારત પોતાના પાડોશી દેશમાં અત્યાચારનો ભોગ બનેલા હિંદુઓ તથા અન્ય લઘુમતીઓનું તારણહાર છે એ સાબિત કરવા આ કાયદો બનાવાયો છે. તેના કારણે ભાજપની હિંદુવાદી મતબેંક મજબૂત થઈ છે, ભાજપની હિંદુવાદી તરીકેની છાપ મજબૂત થઈ છે ને તેમાં કશું ખોટું નથી. કોંગ્રેસ વરસોથી પોતાની મુસ્લિમ મતબેંકને સાચવવા માટે ઈસ્લામમાં મંજૂરી નથી એવી હજ સબસિડી સહિતના ફાયદા કરાવતી હતી તો ભાજપ પોતાની હિંદુવાદી મતબેંકને સાચવવા માટે બીજા દેશોના ભારતીયોને નાગરિકતા આપે તેમાં કશું ખોટું નથી. બાંગ્લાદેશથી આવેલા લાખો મુસ્લિમોને ગેરકાયદેસર રીતે ભારતના નાગરિક બનાવાયા તેની સામે કોંગ્રેસની સરકારોએ આંખ આડા કાન કર્યા જ છે ત્યારે અહીં તો કાયદેસરતાની નાગરિકતા આપવામાં આવી રહી છે. ભાજપ સરકાર કોઈનું કશું છિનવી નથી રહી, બલકે જે લોકો તકલીફમાં છે તેમને મદદ જ કરી રહી છે.

સીએએ અંગેનું નોટિફિકેશન બહાર પડતાં લોકસભાની ચૂંટણીમાં ભાજપને ફાયદો થશે એવી ગણતરી છે. આ ફાયદો થાય કે ના થાય, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી ત્રાસીને ભારત આવેલા બિન-મુસ્લિમોની આંતરડી તો ઠરશે જ. પોતે જેને વતન માનતા હતા ત્યાં રહી શકાય એવી સ્થિતી નથી ને અહીં કોઈ કાનૂની દરજ્જો નથી તેથી એ લોકોની હાલત ત્રિશંકુ જેવી થયેલી. સીએએના કારણે એ લોકો ભારતના નાગરિક બનીને ગૌરવભેર જીવી શકશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), બુધવાર, તા. ૧૩-૩-૨૦૨૪, વિનાયક ચતુર્થી, ભદ્રા

- ભારતીય દિનાંક ૨૩, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ,સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૪થો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર અશ્વિની સાંજે ક. ૧૮-૨૪ સુધી, પછી ભરણી.
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૪-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૯ (તા. ૧૪)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૫, રાત્રે ક. ૧૯-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, સંત ચતુર્થી (ઓરિસ્સા), પારસી ૮મો આવા માસારંભ, ભદ્રા બપોરે ક. ૧૪-૪૦ થી મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૫ (તા. ૧૪).
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શ્રીગણેશ, શ્રીસત્યનારાયણ દેવતા, શ્રી વિષ્ણુ લક્ષ્મી, શ્રી અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર પાઠ વાંચન, શ્રી વિષ્ણુ પ્રતિષ્ઠા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, લગ્ન સિવાયનાં માંગલિક કાર્યો વર્જ્ય છે. બુધ -કેતુ દેવતાનું પૂજન, લગ્ન નિમિત્તે નવા વસ્ત્રો, આભૂષણ, મહેંદી, નવા વાસણ. નિત્ય થતાં પશુ લે-વેચ, દસ્તાવેજ, દુકાન, નોકરી વેપારનાં કામકાજ. નિત્ય થતાં દસ્તાવેજી,ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ લોકપ્રિય, ચંદ્ર-ગુરુ યુતિ ફત્તેહ પામશો.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ, ચંદ્ર-ગુરુ યુતિ,
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ , મંગળ-મકર, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર. ■

## લોકસભાની ચૂંટણીઃ કૉંગ્રેસે ૪૩ ઉમેદવારની બીજી યાદી જાહેર કરી

### ગુજરાતના સાત પણ મહારાષ્ટ્રના એકપણ ઉમેદવારનું નામ નહીં

નવી દિલ્હીઃ લોકસભાની ચૂંટણી માટેની કૉંગ્રેસના ઉમેદવારોની બીજી યાદી મંગળવારે જાહેર કરવામાં આવી હતી. ૪૩ ઉમેદવારોની આ યાદીમાં ૧૩ ઓબીસી, ૧૦ એસસી, ૯ એસટી અને એક મુસ્લિમને તક આપવામાં આવી છે. ૭૬ ટકા ઉમેદવાર એવા છે, જેમની ઉંમર ૬૦ વર્ષથી ઓછી છે. આ યાદીમાં ગુજરાતના સાત, આસામના ૧૨, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના ૧૦-૧૦, ઉત્તરાખંડના ત્રણ અને દમણ-દીવના એક ઉમેદવારનો સમાવેશ થાય છે. અહીં ઉલ્લેખનીય છે કે પહેલી યાદીની જેમ જ બીજી યાદીમાં પણ મહારાષ્ટ્રના એકેય ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

કૉંગ્રેસ પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ (સીઈસી) દ્વારા આ યાદીને મંજૂરી આપવામાં આવ્યા બાદ તેને જાહેર કરવામાં આવી હતી. પાર્ટીના દિલ્હીમાં આવેલા મુખ્યાલયમાં પક્ષપ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધી અને અન્ય સભ્યો સામેલ હતા. આઠ માર્ચે પહેલી યાદીમાં ૩૯ ઉમેદવારની જાહેરાત કરવામાં આવી હતી.

કૉંગ્રેસની બીજી યાદીમાં ગુજરાતના સાત ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે, જેમાં કચ્છથી નીતિશભાઈ લાલન, બનાસકાંઠાથી ગનીબેન ઠાકોર, અમદાવાદ પૂર્વથી રોહન ગુપ્તા, અમદાવાદ પશ્ચિમથી ભરત મકવાણા, પોરબંદરથી લલિતભાઈ વસાયા, બારડોલીથી સિદ્ધાર્થ ચૌધરી અને વલસાડથી અનંતભાઈ પટેલને ઉમેદવારી આપવામાં આવી છે.

કૉંગ્રેસના સંસદસભ્ય ગૌરવ ગોગોઈ આસામના જોરહાટથી ચૂંટણી લડશે. નકુલ નાથ મધ્ય પ્રદેશના છિંદવાડાથી, રાહુલ કાસવા રાજસ્થાનના ચુરુથી અને વૈભવ ગેહલોત જાલોરથી ચૂંટણી લડશે.

રાજસ્થાનમાં વૈભવ ગેહલોત ઉપરાંત બીકાનેરથી ગોવિંદરામ મેઘવાળ, ચુરુથી રાહુલ કાસવા, ટોંક-સવાઈ માધોપુરથી હરીશ મીણા, ભરતપુરથી સંજના જાટવ, ઝુંઝનુંથી બૃજેન્દ્ર ઓલા, જોધપુરથી કરણ સિંહ, અલવરથી લલિત યાદવ, ઉદયપુરથી તારાચંદ મીણા અને ચિતોડગઢથી ઉદયલાલ આંજનાને ઉમેદવારી આપવામાં આવી છે.

મધ્ય પ્રદેશમાં ભીંડથી ફૂલ સિંહ બરૈયા, ટીકમગઢથી પંકજ અહિરવાર, સતનાથી સિદ્ધાર્થ કુશવાહા, સીધીથી કમલેશ્વર પટેલ, મંડલાથી ઓંકારસિંહ મરકામ, દેવાસથી રાજેન્દ્ર માલવીય, ધારથી રાધેશ્યામ મુવેલ, ખરગોનથી પોરલાલ ખરતે અને બૈતુલથી રામુ ટેકામને ઉમેદવારી આપવામાં આવી છે.

ઉત્તરાખંડમાં ટિહરી ગઢવાલથી જોત સિંહ ગુનસોલા, ગઢવાલ પૌડીથી ગણેશ ગોદિયાલ અને અલ્મોડાથી પ્રદીપ ટમ્ટાને ઉમેદવારી આપવામાં આવી છે.

આસામના ૧૨ ઉમેદવારમાં કોકરાઝારથી ગર્જન મૈશરી, ધુબડીથી રકીબુલ હુસેન, બારપેટાથી દીપ બાયન, દારંગ ઉદાલગીરીથી માધવ રાજવંશી, ગુવાહાટીથી મીરા બારઠાકુર ગોસ્વામી, દિફુથી જોયરામ એંગલેગ, કરીમગંજથી હાફિઝ રશીદ અહમદ ચૌધરી, સિલ્ચરથી સૂર્યકાંત સરકાર, નૌગાંવથી પ્રદ્યુત બોરદોલોઈ, કાઝીરંગાથી રોઝેલિના તીર્કી, સોનિતપુરથી પ્રેમ લાલ ગંજુ અને જોરહાટથી ગૌરવ ગોગોઈનો સમાવેશ થાય છે. દીવ-દમણની બેઠક પરથી કેતન દહિયા પટેલને ઉમેદવારી આપવામાં આવી છે. ■

## બધા પક્ષોની ચૂંટણી પંચ સમક્ષ રજૂઆતઃ કાશ્મીરમાં લોકસભાની સાથે વિધાનસભાની ચૂંટણી કરો

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : લોકસભા ચૂંટણીના સફળ આયોજનની તૈયારીની સમીક્ષા કરવા માટે ચૂંટણી પંચના મુખ્ય કમિશનર રાજીવ કુમારની ટીમ કાશ્મીરના ત્રણ દિવસના પ્રવાસે આવી છે. મંગળવારે શ્રીનગરમાં પંચની ટીમે સૌથી પહેલાં રાજકીય પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. આવતી કાલે ટીમ રાજકીય પક્ષોને મળશે. રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથેની મુલાકાતમાં પ્રતિનિધિઓએ એક સુરમાં માગણી કરી હતી કે લોકસભાની સાથે જ વિધાનસભાની ચૂંટણી યોજો.

પીડીપીના પ્રતિનિધિ ગુલામ નબી લોન હંજુરાએ કહ્યું હતું કે સુરક્ષા સ્થિતિ સારી હોય તો લોકસભાની સાથે વિધાનસભાની ચૂંટણી કરાવવી જોઈએ. અમે આશા રાખીએ છીએ કે વહેલામાં વહેલી તકે વિધાનસભાની ચૂંટણી થાય. તેમણે આ સાથે સર્વિસ વોટરના મુદ્દાને પણ ઉજાગર કર્યો હતો.

ભાજપના પ્રતિનિધિ આર. એસ. પઠાનિયાએ લોકસભા ચૂંટણીમાં મતદાનની ટકાવારી કેવી રીતે વધે એના વિશે પંચના અધિકારીઓ સાથે વાતચીત કરી. આની સાથે લોકો આસાનીથી મતદાન કરી શકે એ અંગે વાતચીત કરી. ભાજપે કાશ્મીરી પંડિતોની ચૂટણીમાં હિસ્સેદારી વધે એ માટે દેશના બીજા વિસ્તારોમાં પોલિંગ બુથ બનાવવાની માગણી કરી. પઠાનિયાએ કહ્યું હતું ક ભાજપ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી કરવાની તરફેણમાં છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે થાય એની ભાજપ તરફેણ કરશે.

ચૂંટણી પંચના અધિકારીઓને મળ્યા બાદ નેશનલ કોન્ફરન્સના પ્રતિનિધિ નાસિર અસલમ યાનીએ કહ્યું હતું કે મેં લોકસભાની સાથે જ વિધાનસભાની ચૂંટણી કરવાની માગણી કરી હતી. લોકોને છેલ્લાં દસ વર્ષથી પોતાની સરકાર ચૂંટવાનો મોકો મળ્યો નથી. પ્રદેશની જનતાને લોકતાંત્રિક અધિકારોથી વંચિત રખાય છે. વડા પ્રધાન મોદી 'એક દેશ, એક ચૂંટણી'ની વાત કરે છે તો એની શરૂઆત જમ્મુ અને કાશ્મીરથી કેમ ન થાય. યાનીએ કહ્યું હતું કે અધિકારીઓએ તેમની વાત ધૈર્યથી સાંભળી હતી અને અમને આશા છે કે આના પર ઉચિત નિર્ણય લેવાશે.

જ્યારે નેશનલ કોન્ફરન્સના બીજા એક નેતાએ કહ્યું હતું કે મેં પ્રદેશના લોકોને તેમના લોકતાંત્રિક હક્ક આપવાની માગણી કરી હતી. અમરનાથ યાત્રા શરૂ કર્યા પહેલાં વિધાનસભાની ચૂંટણી યોજાવી જોઈએ જેથી સુરક્ષાની દૃષ્ટિએ વધુ પડકારો ન આવે. પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજવા સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવો પડે એવા સંજોગો ન ઊભા થવા જોઈએ.

અહીં ઉલ્લેખનીય છે કે નેશનલ કોન્ફરન્સના ઉપપ્રમુખ ઉમર અબ્દુલ્લાએ સોમવારે કહ્યું હતું કે મારો પક્ષ પંચની ટીમ સમક્ષ જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની ચૂટણી સાથે વિધાનસભાની ચૂંટણી યોજવાની માગણી કરશે. વિધાનસભાની ચૂંટણી સ્થગિત કરવાથી લોકોની જોડે અન્યાય થશે. ■

## અમિત શાહે આપ અને કૉંગ્રેસની યુતિની ટીકા કરીઃ શૂન્ય વત્તા શૂન્ય શૂન્ય જ થાય

નવી દિલ્હી : દિલ્હીમાં કૉંગ્રેસે આમ આદમી પાર્ટી (આપ) સાથે હાથ મિલાવ્યા એની આલોચના કરતાં કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટી આપ કૉંગ્રેસ સાથે યુતિ કરે કે એમાં વિલિનીકરણ કરે એનાથી કશું ઉપજવાનું નથી કારણ કે શૂન્ય વત્તા શૂન્ય શૂન્ય જ થાય છે.

૨૦૧૯ અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે સાતે સાત બેઠક જીતી હતી અને આપ અને કૉંગ્રેસે ખાતું પણ ખોલ્યું નહોતું. શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે તમે ગઠબંધન કરી શકો છો, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૪૦૦ બેઠક સાથે સત્તા પર પાછા ફરશે. આમ આદમી પાર્ટીએ શાહની ટીકાનો જવાબ આપતાં કહ્યું હતું કે દિલ્હીના લોકોએ 'પ્રમાણીક સરકાર' માટેનો તેનો અગ્રતાક્રમ વારંવાર બતાવ્યો છે.

લોકસભાની આગામી ચૂંટણીમાં દિલ્હીના લોકો ભાજપની હકાલપટ્ટીની તકેદારી લેશે અને સંસદમાં અરવિંદ કેજરીવાલના પક્ષને વધુ બળ આપશે.

શાહે દિલ્હી ગ્રામોદય અભિયાન હેઠળ ૪૧ ગામોને પાઈપ્ડ નેચરલ ગૅસ સપ્લાઈ લાઈન અને ૧૭૮ ગામોમાં વિકાસ કાર્યો લોન્ચ કરતી વખતે આપની ટીકા કરી હતી. તેમની સાથે લેફ. ગવર્નર વી. કે. સકસેના તથા કેન્દ્રના આવાસ અને શહેરી વિકાસ ખાતાના પ્રધાન હરદીપ પુરી હતા.

તેમણે કેજરીવાલની ટીકા કરતાં કહ્યું હતું કે તેઓ ભ્રષ્ટાચાર અને કૉંગ્રેસના કૌભાંડો સામે લડીને સત્તા પર આવ્યા છે અને હવે એ પક્ષ સાથે સમજૂતી કરી છે. (એજન્સી) ■

## ૨૦૦ ટન અનાજ લઈને 'મદદ જહાજ' ગાઝા પહોંચશે

રફાહ : પેલેસ્ટાઈનના લોકોને સહાય કરવા સમુદ્રનો કોરિડોર ખોલવાના પાઈલોટ કાર્યક્રમ હેઠળ ૨૦૦ ટન અનાજ ધરાવતું મદદ માટેનું જહાજ ગાઝા જવા રવાના થયું હતું. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના પાંચ મહિના જૂના યુદ્ધને લીધે સેંકડો પેલેસ્ટાઈનવાસીઓ ભૂખમરાના આરે છે. સેલિબ્રિટી શેફ જોસે એન્ડ્રિસે સ્થાપેલી 'ચેરિટી વર્લ્ડ ફૂડ કિચન'એ આ અનાજ ભેગું કર્યું છે. સ્પેનિશ એડ ગ્રુપ ઓપન આર્મ્સના જહાજ સાથે જોડાયેલી નૌકામાં અનાજ લઈ જવાશે. ગાઝા સમુદ્રતટના ન જાહેર કરાયેલા સ્થળે જહાજ બે-ત્રણ દિવસમાં આવે એવી સંભાવના છે. એન્ડ્રિસ અને ઓપન આર્મ્સ બોટના કેપ્ટન ઓસ્કર કેમ્પ્સે એ વાતને સમર્થન આપ્યું હતું કે અનાજ જહાજ દ્વારા ગાઝામાં મોકલવામાં આવી રહ્યું છે.

એન્ડ્રિસે શનિવારે કહ્યું હતું કે ૨૯ ફેબ્રુઆરીના બનાવનું પુનરાવર્તન ન થાય એ માટે જહાજ ક્યાં લાંગરશે એ વાત અમે ગુપ્ત રાખી છે. ૨૯ ફેબ્રુઆરીએ ગાઝા શહેરમાં લોકો સહાયના કાફલામાંથી અનાજ લેવા દોડી રહ્યા હતા ત્યારે ઈઝરાયલના લશ્કરી દળે તેમના પર ગોળીબાર કર્યો હતો. આને લીધે ૧૦૦થી વધારે લોકોનાં મરણ થયાં હતાં, એમ ગાઝા આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

અમેરિકાએ સહાય આપવા માટે ગાઝાની નજીક સી બ્રીજ બાંધવાની યોજના ઘડી છે, પરંતુ એને કાર્યાન્વિત થતાં થોડા અઠવાડિયા લાગશે. સાઈપ્રસના પ્રમુખ નિકોસ ક્રિસ્ટોડુલીડીસે એક્સ પર પોસ્ટ મૂકીને કહ્યું હતું કે આશા અને માનવતાની પહેલી સફર શરૂ થઈ છે અને અનાજ પેલેસ્ટાઈનવાસીને મોકલવામાં આવી રહ્યું છે. સરકારે પહેલાં ગાઝાને જહાજથી અનાજ મોકલવાનું મથક દેશ બને એવો પ્રસ્તાવ આપ્યો હતો.

હમાસના સાત ઓક્ટોબરના હુમલા બાદ ઈઝરાયલે શરૂ કરેલા યુદ્ધમાં ૩૦,૦૦૦થી વધારે પેલેસ્ટાઈનો મરણ પામ્યા છે અને ગાઝાના ૨૩ લાખ લોકમાંથી ૮૦ ટકા લોકો બેઘર થયા છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ૭૫ દિવસમાં

શિલાન્યાસ પણ કર્યો હતો. ગુજરાતના પ્રવાસ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે વડા પ્રધાને જણાવ્યું હતું કે, હવે રેલવેનો વિકાસ સરકારની ટોચની પ્રાથમિકતાઓમાં છે. વડા પ્રધાને ૨૦૧૪થી છ ગણા બજેટ વધારા જેવી પહેલોની સૂચિબદ્ધ કરી હતી અને દેશવાસીઓને ખાતરી આપી હતી કે આગામી ૫ વર્ષમાં રેલવેનું પરિવર્તન તેમની કલ્પના કરતાં વધી જશે.

તેમણે વધુમાં કહ્યું હતુ કે, મોટા ભાગના રાજ્યોને માત્ર વંદે ભારત ટ્રેનો જ મળી નથી, પરંતુ વંદે ભારત ટ્રેનની સદી પહેલાથી જ ફટકી ગઈ છે. વંદે ભારત નેટવર્ક દેશના ૨૫૦ જિલ્લાઓને સ્પર્શી રહ્યું છે. લોકોની ઈચ્છાને માન આપીને વંદે ભારતના રૂટને લંબાવવામાં આવી રહ્યા છે.

રાષ્ટ્રમાં રેલવેની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો ઉલ્લેખ કરીને વડા પ્રધાને કહ્યું હતું કે, રેલવેનું પરિવર્તન એ વિકસીત ભારતની ગેરંટી છે. તેમણે ઝડપી ગતિએ રેલવે ટ્રેક નાખવા, ૧૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોના પુનઃવિકાસ, વંદે ભારત, નમો ભારત અને અમૃત ભારત જેવી નેકસ્ટ જનરેશન ટ્રેનોને ફ્લેગ ઓફ કરવાનો અને આધુનિક રેલવે એન્જિનો અને કોચ ફેક્ટરીઓનું અનાવરણ કરવાનો ઉલ્લેખ કર્યો હતો.

વડા પ્રધાને એવું જણાવ્યું હતું કે ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ નીતિ હેઠળ, કાર્ગો ટર્મિનલનું બાંધકામ વધ્યું છે કારણ કે જમીન ભાડે આપવાની નીતિને સરળ બનાવવામાં આવી છે અને પારદર્શિતા તરફ દોરી ઑનલાઇન કરવામાં આવી છે. વડા પ્રધાનએ રેલવેના આધુનિકીકરણ-સંબંધિત પહેલો ચાલુ રાખી અને માનવરહિત ક્રોસિંગ અને ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમને નાબૂદ કરવાના પ્રોજેક્ટ વિશે કહ્યું હતું કે દેશ ૧૦૦ ટકા વિદ્યુતીકરણ તરફ આગળ વધી રહ્યો છે. સ્ટેશનો પર સૌર ઊર્જાથી ચાલતાં સ્ટેશનો અને જન ઔષધિ કેન્દ્રો આવી રહ્યાં છે.

વડા પ્રધાને કહ્યું હતું કે આ રેલવે ટ્રેનો, ટ્રેક અને સ્ટેશનોનું ઉત્પાદન મેડ ઇન ઇન્ડિયાની ઇકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે, મેડ ઈન ઈન્ડિયા લોકોમોટિવ્સ અને કોચ શ્રીલંકા, મોઝામ્બિક, સેનેગલ, મ્યાનમાર અને સુદાન જેવા દેશોમાં નિકાસ કરવામાં આવે છે. મેડ ઈન ઈન્ડિયા સેમી હાઈ-સ્પીડ ટ્રેનોની માગને કારણે આવી અનેક ફેક્ટરીઓ ઊભી થશે. રેલવેનું કાયાકલ્પ, નવું રોકાણ રોજગારીની નવી તકોની ખાતરી આપે છે.

આજનું સંગઠન એ વિકસિત ભારતના ધ્યેયને સિદ્ધ કરવા માટેનું એક નિર્ણાયક પગલું છે એવું જણાવીને તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, લગભગ રૂ. ૧ લાખ કરોડના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અથવા શિલાન્યાસ કરવામાં આવ્યા છે જ્યાં આશરે રૂ. ૮૫,૦૦૦ કરોડના પ્રોજેક્ટ રેલવેને સમર્પિત છે.

રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રને મોટા પ્રોત્સાહનરૂપે, વડા પ્રધાને અમદાવાદમાં ડીએફસીના ઓપરેશન કંટ્રોલ સેન્ટરની મુલાકાત લીધી હતી અને શિલાન્યાસ કર્યો હતો. ■

### હરિયાણામાં સત્તા

ભાજપના રાજ્ય એકમના અધ્યક્ષ છે અને કુરુક્ષેત્ર મતદારસંઘના સંસદસભ્ય છે. અહીં ઉલ્લેખનીય છે કે સૈની ખટ્ટરના કટ્ટર સમર્થક માનવામાં આવે છે.

લોકસભાની ચૂંટણીના અઠવાડિયાઓ પહેલાં હરિયાણામાં સત્તા પરિવર્તન થયું છે. મુખ્ય પ્રધાન મનોહરલાલ ખટ્ટરની બીજી ટર્મ ઓક્ટોબરમાં પૂરી થવાની હતી, જ્યારે વિધાનસભાની ચૂંટણી અપેક્ષિત છે.

ખટ્ટર અને ૧૩ પ્રધાનોએ તેમનાં રાજીનામાં રાજ્યપાલને સોંપ્યાં હતાં. કેન્દ્રની નિરીક્ષકોની ટીમ ચંડીગઢમાં આવી પહોંચી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે ભાજપે હરિયાણામાં જનનાયક જનતા પાર્ટી (જેજેપી) સાથે ગઠબંધનમાં સરકાર બનાવી હતી, પરંતુ આ ગઠબંધન લોકસભાની ચૂંટણી પહેલાં તૂટી જશે એવી અટકળો વહેતી થઈ હતી અને પ્રવર્તમાન સરકારમાં જેજેપીના દુષ્યંત ચૌટાલા નાયબ મુખ્ય પ્રધાન હતા અને તેમની પાર્ટીના અન્ય બે નેતા પણ પ્રધાન હતા, તેથી ભાજપ મોવડીમંડળના કહેવાથી ખટ્ટરે રાજીનામું આપી દીધું હતું. ■

### એનઆઈએના

આતંકવાદ અને માફિયા નેટવર્ક અને તેમને ટેકો આપતા નેટવર્કને ખતમ કરવાના પ્રયાસોના ભાગરૂપે એનઆઇએ દ્વારા તાજેતરના મહિનાઓમાં ''આતંકવાદી'' ગતિવિધિઓથી થનારી આવકમાંથી પ્રાપ્ત સંપત્તિઓને જપ્ત કરવામાં આવી રહી છે. ■

### ગાઝા પટ્ટીમાં

આવ્યા હતા. જેને પગલે યુદ્ધ શરૂ થયું ત્યારથી પેલેસ્ટાઈનના પક્ષે મરણાંક ૩૧,૧૧૨ પર પહોંચ્યો છે. મંત્રાલય ગણતરી કરતી વખતે નાગરિકો અને લડવૈયા વચ્ચે કોઈ ફરક કરતી નથી, પરંતુ તેમનું કહેવું છે કે મહિલાઓ અને બાળકોની સંખ્યા મૃતકોમાં બે-તૃતીયાંશ છે.

યુદ્ધની શરૂઆત હમાસના નેતૃત્વ હેઠળના ઉગ્રવાદીઓએ દક્ષિણ ઈઝરાયલ પર સાતમી ઓક્ટોબરે હુમલો કરીને ૧,૨૦૦ લોકોને મારી નાખ્યા અને ૨૫૦ લોકોને અપહૃત કરીને બંદી બનાવ્યા ત્યારે થઈ હતી. મૃતકોમાં મોટા ભાગના સામાન્ય નાગરિકો હતા. હમાસે હજી સુધી ૧૦૦ જેટલા લોકોને બંદી બનાવી રાખ્યા છે એવું માનવામાં આવી રહ્યું છે. કેટલાક બંદીને તેમણે મુક્ત કર્યા હતા.

પાંચ મહિનાના યુદ્ધમાં ગાઝાના ૨૩ લાખ લોકોમાંથી ૮૦ ટકા લોકોને તેમના ઘર છોડવા પડ્યા છે અને સેંકડો હજારો દુકાળમાં ધકેલાઈ જવાની આશંકા છે. (પીટીઆઈ) ■

MINISTRY OF ELECTRONICS & INFORMATION TECHNOLOGY GOVERNMENT OF INDIA | इंडिया सेमीकंडक्टर मिशन India Semiconductor Mission | DST

सत्यमेव जयते
ગુજરાત સરકાર

dholera A NEW ERA | GIDC Gujarat Industrial Development Corporation | GSEM







# India's Techade: Chips for Viksit Bharat

ભારતના માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના** વરદ્હસ્તે

**ગુજરાતમાં ₹૯૮,૬૦૦ કરોડ**ના સેમિકન્ડક્ટર પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

ધોલેરામાં TEPL દ્વારા **ભારતનો પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ**

અને

સાણંદ જીઆઈડીસીમાં સીજી પાવર દ્વારા **OSAT ફેસિલિટી**

**તારીખ:** ૧૩ માર્ચ, ૨૦૨૪ **સમય:** સવારે ૯.૩૦ વાગ્યાથી

## વિશેષ ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી અશ્વિની વૈષ્ણવ**
માનનીય મંત્રી, રેલવે, સંચાર,
ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી,
ભારત સરકાર

**શ્રી રાજીવ ચંદ્રશેખર**
માનનીય રાજ્યમંત્રી, ઈલેક્ટ્રોનિક્સ અને
ઈન્ફોર્મેશન ટેક્નોલોજી તેમજ કૌશલ્ય વિકાસ,
ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય અને જળ શક્તિ, ભારત સરકાર

**ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ (TEPL) ગુજરાતની ધોલેરા સેમિકોન સિટીમાં ભારતના પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબની સ્થાપના કરી રહી છે.**

પ્રોજેક્ટનું મૂલ્ય - અંદાજિત ₹ ૯૧,૦૦૦ કરોડ

ટેક્નોલોજી પાર્ટનર પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પ (PSMC), તાઈવાન

ક્ષમતા ૫૦,૦૦૦ WSPM

૨૦,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો

**સીજી પાવર ગુજરાતના સાણંદ જીઆઈડીસીમાં આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું નિર્માણ કરી રહી છે.**

પ્રોજેક્ટનું મૂલ્ય - અંદાજિત ₹ ૭,૬૦૦ કરોડ

ટેક્નોલોજી પાર્ટનર રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને સ્ટાર્સ માઈક્રોઈલેક્ટ્રોનિક્સ

ક્ષમતા ૧ કરોડ ૫૦ લાખ પ્રતિ દિવસ

૫,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો

**માનનીય વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ,**
**ભારતના સેમિકન્ડક્ટર સ્વપ્નને સાકાર કરી રહ્યું છે ગુજરાત**

માઈક્રોન સાથે આ બે પ્રોજેક્ટ ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના ઝડપી વિકાસને પ્રોત્સાહન આપશે.

ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે જ્યાં ખાસ સેમિકન્ડક્ટર પોલિસી છે અને એકમાત્ર રાજ્ય છે જ્યાં ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનમાં વિશેષ સેમિકોન સિટી બનાવવામાં આવી છે, જે સેમિકોન ઈન્ડિયા કાર્યક્રમના વિઝન સાથે સુસંગત છે.

અત્યાધુનિક ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ અને નીતિ આધારિત વહીવટથી ચાલતું ગુજરાત રાજ્ય ટૂંક સમયમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન્સમાં સામેલ થઈ જશે.

*આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત*

# મલબારહિલ રિઝર્વિયરના પુનઃબાંધકામ માટે નિષ્ણાતોની સમિતિના વિરોધીભાસી અહેવાલથી વધી ગૂંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલબારહિલ રિઝર્વિયરના પુનઃબાંધકામ કરવું કે નહીં તે માટે બનાવવામાં આવેલી નિષ્ણાતોની સમિતિના આઠ સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા બે વિરોધીભાસી અહેવાલથી પુનઃનિર્માણના પ્રસ્તાવ બાબતે વધુ વિવાદની સાથે જ પાલિકા સમક્ષ મૂંઝવણ ઊભી થઈ ગઈ છે. તેથી મુંબઈ ઉપનગરના પાલક પ્રધાને હવે મુખ્ય પ્રધાનને જ આ સમસ્યાનો ઉકેલ લાવવાની પાલિકાને નિર્દેશન આપવાની વિનંતી કરી છે. મલબારહિલ જળાશયનું ભવિષ્ય નક્કી કરવા માટે પાલિકાએ નવેમ્બર, ૨૦૨૩માં આર્કિટેક્ટ, સ્ટ્રક્ચરલ ઍન્જિનિયરો અને સ્થાનિક નાગરિકોના પ્રતિનિધીઓ અને આઈઆઈટી-બોમ્બેનાના ચાર પ્રોફેસરો એમ નિષ્ણાતોની એક સમિતિ બનાવી હતી. જોકે ચાર મહિના પથી પાલિકાને આ સમિતિના સભ્યો તરફથી બે અલગ-અલગ અહેવાલ મળ્યા છે, તેને કારણે મૂંઝવણ ઊભી થઈ ગઈ છે. મલબારહિલ જળાશયના પુનર્નિર્માણના મુદ્દો અટવાઈ પડ્યો હોવાથી હવે સ્થાનિક વિધાનસભ્ય અને ઉપનગરના પાલક પ્રધાન મુખ્ય પ્રધાન એકનાથ શિંદને એક પત્ર લખીને આ મુદ્દે પાલિકાને યોગ્ય નિર્ણય લેવાનો નિર્દેશ આપવાની વિનંતી કરી છે. તેમણે પત્રમાં લખ્યું છે કે નિષ્ણાતોની સમિતિના મોટાભાગના સભ્યોએ જળાશયના પુનર્નિર્માણને બદલે તેના સમારકામની ભલામણ કરી છે. તેથી પાલિકા પ્રશાસને હવે આ મુદ્દે ચોક્કસ નિર્ણય લઈ લેવો જોઈએ. વિધાનસભ્યએ પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહેલને પણ પત્ર લખ્યો છે, જેમાં તેમણે ફરિયાદ કરી છે કે મલબારહિલના સ્થાનિક નાગરિકો અને પર્યાવરણવાદીઓના રોષનો તેમનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી તેમણે શક્ય એટલા વહેલી તકે મલબારહિલ રિઝર્વિયરના સંબંધિત અધિકારીઓ સાથે સંયુક્ત રીતે બેઠક કરીને ચર્ચા કરવા માટેની વિનંતી પણ કરી છે. હેંગિંગ ગાર્ડન હેઠળ બનેલું ૧૩૫ વર્ષ જૂનું મલબારહિલ જળાશયલ મુંબઈને દરરોજ ૧૪૭ મિલિયન લિટર પાણી પૂરું પાડે છે. તેના પુનઃનિર્માણ અને તેના વિસ્તરણનો પ્રસ્તાવ ફેબ્રુઆરી ૨૦૨૨માં ૬૯૮ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો હતો. જોકે સ્થાનિક નાગરિકો આ પ્રોજેક્ટની વિરુદ્ધમાં છે, કારણે તે માટે ૩૮૯ વૃક્ષોને કાપવા પડવાના છે.

# પર્યટકો માટે નવું આકર્ષણ માહિમ-કોળીવાડા બનશે દરિયા કિનારા પાસેની ભીતનું સુશોભીકરણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપલિકા દ્વારા મુંબઈના જુદા જુદા વિસ્તારમાં સુશોભીકરણનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, તેના ભાગરૂપે માહિમ કોળીવાડામા દરિયા કિનારાને લાગીને વિહાર ક્ષેત્ર અને સુરક્ષાની દ્દષ્ટિએ ઊભી કરવામાં આવેલી સંરક્ષક ભિંતનું સુશોભીકરણ કરવામાં આવવાનું છે. તેથી માહિમ કિલ્લા પરિસર અને સી ફૂડ પ્લાઝમાં આવનારા પર્યટકો આ સુંદર નઝારાનો અનુભવ કરી શકશે.

માહિમ-કોળીવાડામાં આવેલો દરિયા કિનારો પર્યટકોની ખાસ્સી એવી ભીડ રહેતી હોય છે. આ દરિયાકિનારાની બાજુમાં જ કોળીવાડા પણ આવેલો છે. પર્યટનની સાથે જ મુંબઈના કોળીવાડાની મહિલાઓને સ્થાનિક સ્તરે રોજગારી ઉપલબ્ધ કરાવવા માટે અહીં મુંબઈ મહાનગરપાલિકાએ 'સી ફૂડ પ્લાઝા' ઊભું કર્યું છે. આ સ્થળે પર્યટકોને ખાદ્યપદાર્થ ઉપલબ્ધ થવાની સાથે જ સ્થાનિકોને રોજગારી પણ ઉપલબ્ધ થઈ રહી છે.

માહિમ ચોપાટીને લાગીને આવેલા કોળીવાડામાં રહેલા સી ફૂડ પ્લાઝાની હજારો પર્યટકો મુલાકાત લેતા હોય છે. તેથી કોળીવાડામાં દરિયા કિનારા પર વિહાર ક્ષેત્ર એટલે કે ફરવા માટેની જગ્યા અને સંરક્ષક ભિંતનું સુશોભીકરણ કરવા માટે કન્સ્લટન્ટની નિમણૂક કરવાં આવી છે. તેની સલાહ બાદ અહીં સુશોભીકરણ કરવામાં આવશે.

ચોમાસામાં અથવા અન્ય સમયે દરિયામાં ઉછળતા મોજાથી દરિયાઈ કિનારાનું સંરક્ષણ થાય તે માટે આ ઠેકાણે સુરક્ષા ભિંત ઊભી કરવામાં આવી છે. ૧૩૦ મીટર લાંબી અને લગભગ અઢી ફૂટ ઊંચી રહેલી આ દીવાલની ત્રણે બાજુથી સુશોભીકરણ કરવામાં આવવાનું છે. વિહાર ક્ષેત્રમાં પર્યટકો માટે બોટિંગની પણ સગવડ પણ ઊભી કરવાની યોજના છે.

પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની સાથે જ બહુ જલદી અહીં કાયમી સ્વરૂપે પ્રસાધનગૃહ અને પાણી ઉપલબ્ધ કરી આપવામાં આવશે એવું પાલિકાના 'જી-ઉત્તર' વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર અજિતકુમાર આંબીએ જણાવ્યું હતું.

કોળીવાડામાં દરિયા કિનારાને લાગીને આવેલા માહિમ કિલ્લાનું પણ સમારકામ અને જીર્ણોદ્ધાર કરવામાં આવવાનું છે. કિલ્લાના પગથિયા પરની માટી, દિવાલ પરની જૂની ટાઈલ્સ અને પ્લાસ્ટર કાઢવામાં આવવાનું છે. એ બાદ અહીં સુશોભીકરણનું કામ ચાલુ કરવામાં આવશે.

# મુંબઈમાં એચઆઈવી જનજાગૃતિ માટે ત્રણ મોબાઈલ વૅન

## વર્ષભરમાં એચઆઈવી અને ગુપ્તરોગની ૪૬,૯૫૮ પરીક્ષણ કરવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ જિલ્લા એડ્સ નિયંત્રણ સંસ્થા મારફત મુંબઈ મહાનગરમાં આવેલી ઝૂંપડપટ્ટી અને જોખમી વિસ્તારોમાં એચઆઈવી કાઉન્સેલિંગ અને બ્લડ ટેસ્ટ તેમ જ જનજાગૃતિ કરવા માટે મંગળવારે ત્રણ નવી મોબાઈલ વૅનનું લૉન્ચ કરવામાં આવી હતી. આ વાહનોનો ઉપયોગ એચઆઈવી અને ગુપ્ત રોગ જનજાગૃતિ અને ટેસ્ટિંગ માટે કરવામાં આવવાનો છે.

પાલિકાના જણાવ્યા મુજબ મુંબઈ મહાનગરપાલિકા, સરકારી હૉસ્પિટલ અને પ્રસૂતિગૃહમાં કુલ ૫૦ કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ સેન્ટર ચાલી રહ્યા છે. તેમાં હવે નવેસરથી ખરીદવામાં આવેલી આ ત્રણ મોબાઈલ વેન ઝૂંપડપટ્ટી અને જોખમી વિસ્તારોમાં ઉપયોગી સાબિત થશે. આ વેન મુંબઈ જિલ્હા એડ્સ નિયંત્રણ સંસ્થાને સોંપવામાં આવશે. આ સંસ્થા દર મહિને ૧૦૦ કરતા વધુ એચઆઈવી અને ગુપ્તરોગ જનજાગૃતિ ટેસ્ટિંગ કેમ્પનું આયોજન કરતી હોય છે. એચઆઈવી અને ગુપ્ત રોગ ટેસ્ટ કરવા માટે મુંબઈ શહેર અને ઉપનગરમાં બિનસરકારી સંસ્થા મારફત દરરોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. મુંબઈ જિલ્લા એડ્સ નિયંત્રણ સંસ્થાના ગયા વર્ષના આંકડા મુજબ ટ્રકડ્રાઈવર, ક્લિનર અને સ્થળાંતરિક કામગારો એ જોખમી શ્રેણીમાં આવતા લોકો માટે ૪૬,૯૫૮ જેટલી ગુપ્તરોગ અને એચઆઈવી ટેસ્ટ આ ફરતી મોબાઈલ વેનના મારફત કરવામાં આવી હતી.

# ધારાવી ઝૂંપડપટ્ટીનો ૧૮ માર્ચથી થશે સર્વે

મુંબઈઃ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીના રિ-ડેવલપમેન્ટ (પુનઃવસન) માટે નાગરિકોની પાત્રતા નક્કી કરવાનો સર્વે ૧૮ માર્ચથી શરૂ થવાનું છે. ધારાવીમાં રહેતા નાગરિકોની પાત્રતાનો ડેટા કલેક્ટ કરવાની સાથે ધારાવી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં બિલ્ડિંગ નિર્માણ કરવાની સરકારની યોજના છે, જેથી સર્વેનું કામકાજ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. ધારાવીમાં રહેવાસીઓમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલીનું નિર્માણ થાય નહીં તેના માટે ડિજિટલ પદ્ધતિથી સર્વે પ્રક્રિયા પાર પાડવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ધારાવી રિ-ડેવલપમેન્ટ પ્રોજેકટ પ્રાઈવેટ લિમિટેડ (ડીઆરપીપીએલ) હેઠળ ડિજિટલ પદ્ધતિથી સર્વે કરવા માટે એક વિશેષ ઍપ ડેવલપ કરવામાં આવ્યો છે. ડીઆરપીપીએલ હેઠળ સર્વે કરવા માટે એક સર્વે ટીમને મોકલવામાં આવશે. આ ટીમ ધારાવીના નાગરિકો પાસેથી કોઈ પણ દસ્તાવેજો લેશે નથી માત્ર દસ્તાવેજોને સ્કેન કરીને એપ્લિકેશન પર અપલોડ કરીને નાગરિકોને એક યુનિક નંબર આપશે. ધારાવીના આખા વિસ્તારનું સર્વે કરીને સરકારને રિપોર્ટ આપ્યા બાદ નિયુક્ત કરવામાં આવેલા અધિકારીઓ દરેક રિપોર્ટની તપાસ કરશે.

સર્વે દરમિયાન ડિજિટલ ધારાવી નિર્માણ કરવાની પણ સરકાર યોજના બનાવી રહ્યું છે, જેમાં ધારાવીની દરેક ઘર, ગલી અને રસ્તાઓનું ડિજિટલ મેપિંગ કરી એક પ્લાન તૈયાર કરવામાં આવશે. ધારાવી ઝૂંપડપટ્ટીમાં આવેલા રમણનગરથી સર્વેની શરૂઆત કરવામાં આવશે અને આ સર્વે જુલાઇ અથવા ઑગસ્ટ સુધી પૂર્ણ કરવાનો કંપનીએ લક્ષ્યાંક રાખ્યો છે. ૬૦૦ એકર જેટલા વિસ્તારમાં ફેલાયેલા ધારવીમાં અંદાજે ચારથી પાંચ કરોડ જેટલા કુટુંબ રહે છે, જેને લીધે ડિજિટલ રીતે સર્વે કરી દરેક કુટુંબને ૩૫૦ સ્ક્વેર ફૂટનું ઘર ઉપલબ્ધ કરાવવાની યોજના ડીઆરપીપીએલ હેઠળ બનાવવામાં આવી છે.

# શક્તિપીઠ હાઈવે સામે ખેડૂતોનું આંદોલન, વિરોધીઓ પણ જોડાયા

કોલ્હાપુરઃ મહારાષ્ટ્રના સૌથી મોટા શક્તિપીઠ હાઇવે વિરુદ્ધ ખેડૂતોએ આંદોલન શરૂ કર્યું છે. ખેડૂતોના આ આંદોલનમાં રાજ્યકીય પક્ષના નેતાઓ પણ સામેલ થયા છે. સરકારના આ પ્રોજેકટ માટે ખેડૂતોની જમીન તેમની પાસેથી લેવામાં આવતા ખેડૂતોને નુકસાન થશે એ બાબતને લઈને વિરોધી પક્ષ આક્રમક થતાં રાજ્યમાં રાજકારણ ગરમાયું છે અને આ મુદ્દો લોકસભા ચૂંટણીનો મુદ્દો બની રહ્યો છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા શક્તિપીઠ હાઇવે નિર્માણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ૮૦૫ કિલોમીટર લાંબા હાઇવેથી નાગપુર-ગોવાનો પ્રવાસ માત્ર ૧૦ કલાકમાં પૂર્ણ થશે અને હાઇવેના વિસ્તારમાં પર્યટન, ઔદ્યોગિક, ખેતી અને બાંધકામ ક્ષેત્રનો વિકાસ થવાની સાથે રોજગાર પણ ઉત્પન થશે એવો દાવો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ભાજપને ૪૦૦

બંધારણ બદલાવવાનું તેમનું લક્ષ્ય છે.

ભાજપના નેતા અનંત કુમાર(હેગડે)એ જો ભાજપ ૪૦૦ બેઠક જીતે તો બંધારણ બદલવાની યોજના હોવાનું ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું. ઉદ્ધવે વધુમાં જણાવ્યું હતું કે એક વખત બંધારણ બદલાઇ જાય ત્યારબાદ તેમના હાથમાં બધી જ સત્તા આવી જશે અને દેશમાં પછી કોઇ વાર ચૂંટણી નહીં યોજાય.

આ ઉપરાંત ઉદ્ધવે યવતમાળ જિલ્લામાં ખેડૂતોની થઇ રહેલી આત્મહત્યાનો ઉલ્લેખ પણ કર્યો હતો.

### માતાની જાતિ

સમય પછી સંપદા અને પતિએ સંમતિથી છૂટાછેડા માટે અરજી કરી હતી. દીકરાનો તાબો માતા પાસે છે. દીકરાને માતાનું કાસ્ટ સર્ટિફિકેટ મળે એ માટે નાશિકના સબ-ડિવિઝનલ ઓફિસર પાસે અરજી કરવામાં આવી હતી. અરજીને ફગાવી દેવામાં આવી હતી. કાસ્ટ સર્ટિફિકેટ માટે પિતાની અરજી જરૂરી છે, એવું કારણ આપવામાં આવ્યું હતું. કાસ્ટ સર્ટિફિકેટ નકારનારો સબ-ડિવિઝનલ અધિકારીનો આદેશ રદ કરવામાં આવે, એવી માગણી અરજીમાં કરવામાં આવી હતી.

### થાણે પાલિકાની

અને મહિલાઓને ટિકિટમાં ૫૦ ટકા રાહત આપવાનો નિર્ણય લીધો હતો. તો મહિલાઓ માટે બસમાં ડાબી બાજુના આસનો રિઝર્વ રાખવામાં આવવાના છે. બુધવારથી આ યોજનાનો શુભારંભ કરવામાં આવશે.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ સુરક્ષિત મહિલા, સક્ષમ મહિલા આ ઝુંબેશ હેઠળ બજેટમાં નાગરિકો માટે જુદી જુદી યોજના માટે જોગવાઈ કરવામાં આવી છે. તો થાણે પાલિકાના પરિવહન સેવામાં જયેષ્ઠ નાગરિકોને ૧૦૦ ટકા મફત પ્રવાસની સુવિધા અને મહિલાઓને ટિકિટમાં ૫૦ ટકા છૂટ આપવામાં આવી છે.

### મહાયુતિની

રહ્યા હોય તો પછી સાથી પક્ષોને વધુ બેઠકો શા માટે ફાળવવી?, તેવો પ્રશ્ન સંઘ દ્વારા કરવામાં આવી રહ્યો હોવાનું કહેવાઇ રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરા ઉપરથી જ જો મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના ઉમેદવારો સાંસદ તરીકે ચૂંટાઇ આવવાના હોય તો પછી તેમને વધુ બેઠકો ફાળવવાના સ્થાને ભાજપે જ વધુ બેઠકો ઉપરથી લડવું જોઇએ, તેવું સંઘનું માનવું હોવાનું કહેવાય છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વ હેઠળ મહાયુતિના પક્ષોની બેઠક થઇ જેમાં બેઠકોની ફાળવણી મુદ્દે ચર્ચા થઇ હતી. જોકે, આ બેઠકમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક પ્રમુખ નેતાએ વાંધો ઉઠાવ્યો હોવાના કારણે બેઠકોની ફાળવણી અંગે અંતિમ ફેંસલો લેવાયો ન હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

### ભાજપ દ્વારા

ધુરંધરોને ચૂંટણીના મેદાનમાં ઉતારે તેવી સંભાવના છે. કેબિનેટ પ્રધાન રહેલા ખેરખાંઓને ભાજપ ચૂંટણીના મેદાનમાં ઉતારવાની તૈયારીમાં હોવાના અહેવાલ મળી રહ્યા છે. ભાજપ સુધીર મુનગંટીવાર, ચંદ્રકાંત પાટીલ, પંકજા મુંડે, ગિરીશ મહાજન, આશિષ શેલાર અને વિનોદ તાવડે જેવા નેતાઓને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતારે તેવી પૂરેપૂરી શક્યતા હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉમેદવારોના નામ સૂચવવામાં આવે તેવી શક્યતા છે ત્યારે શું આ તમામ ઉમેદવારો ચૂંટણી લડવા માટે તૈયાર છે કે નહીં તે જાણી શકાયું નથી, કારણ કે જો આ ચૂંટણી હારી જવાય તો પછી વિધાનસભાની ચૂંટણીમાં પણ મોકો ન અપાય એવું બની શકે. બીડ લોકસભા બેઠક ઉપરથી પંકજા મુંડેને ઉમેદવારી આપી શકાય તેવી શક્યતા છે. જોકે, ૨૦૧૯ની ચૂંટણીમાં એનસીપીના ધનંજય મુંડેની સામે હારનો સામનો કરવો પડ્યો હોવાના કારણે પંકજા મુંડેને મોટો ફટકો પડ્યો હતો. આ ઉપરાંત ચંદ્રકાંત પાટીલ, ગિરીશ મહાજન અને આશિષ શેલાર પણ દિલ્હીથી ખૂબ નજીક હોવાનું મનાય છે. વિનોદ તાવડેને પણ બિહાર અને હરિયાણાની જવાબદારી આપવામાં આવેલી છે. આવામાં આ નેતાઓને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતારવામાં આવે એવી શક્યતા છે.

## જૈન મરણ

**ગુજરાતી દેરાવાસી જૈન**

બામણબોર, હાલ કાંદિવલી પ્રિયકરભાઈ શશીકાંતભાઈ ગાંધી અને લીનાબેનના પુત્ર અંકિતભાઈ (ઉં. વ. ૩૫) તે અ. સૌ. વિધીબેનના પતિ. ચિ. બેન ટ્વીંકલના ભાઈ. રાજેશભાઈ, હીનાબેન, દીપાબેનના ભત્રીજા. ક્રીશા, સાક્ષીના મોટાભાઈ. મહુવા નિવાસી યોગેશભાઈ ઈશ્વરલાલ મહેતા, બિંદુબેનના જમાઈ. અ. સૌ. માનસી ખંજન મહેતાના બનેવી સોમવાર, ૧૧-૩-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. સકલ તીર્થ વંદના ભાવયાત્રા મંગળવાર, ૧૨-૩-૨૪ના ૩-૩૦ થી ૫-૩૦. ઠેઃ લોટસ બેંકવેટ, રઘુલીલા મોલ, ૪થા માળે, પોયસર, કાંદિવલી (વે.).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અજાબ નિવાસી હાલ ઘાટકોપર સમજુબેન રામજીભાઇ દેસાઇના સુપુત્ર ધીરુભાઇ (ઉં. વ. ૮૩) તા. ૯-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નલિનીબેનના પતિ. તે રાહુલ, જીજ્ઞેશ, તુષારના પિતાશ્રી. તે પ્રીતિ, બોસ્કી, રૂપલના સસરા. તે વર્ષિલ, પ્રિયાંશી, વીર, જય, જેનીશા, સિદ્ધિના દાદા. શારદાબેન લક્ષ્મીદાસ (બાબુલાલ) લાખાણીના જમાઇ. પિતૃવંદના તા. ૧૪-૩-૨૪ના ગુરુવારે ૧૦થી ૧૨. ઠે. લાઇન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ મોટા કાંડાગરાના (હાલ માટુંગા) નિવાસી સ્વ. સુશીલાબેન પ્રભુલાલ શેઠના પુત્ર લીસ્બનના ધર્મપત્ની વર્ષા શેઠ (ઉં.વ.૫૮) તા. ૧૦-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નંદાબેન અરવિંદ શેઠના દેરાણી. આધુનિકા યશ શેઠ, વિધિ અમન શેઠના સાસુ. જ્યોત્સનાબેન દીપક દેસાઇ, ગીતા પ્રકાશ મહેતાના ભાભી. તે ગોધરાના સ્વ. કમલબેન પ્રાણલાલ મહેતાના દીકરી. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૩-૩-૨૪ના ૪થી ૫-૩૦. ઠે. કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી સ્વ. મરઘાબેન મગનલાલ સંઘવીના પુત્ર દિપકભાઈ ભરતભાઈ (ઉં. વ. ૬૭) હાલ અંધેરી સ્વ. રીટાબેનના પતિ. વિધિ મિતુલ મઝમુદારના પિતા. મહેશભાઈ, પરેશભાઈ, સ્વ. નરેશભાઈ, ઈલાબેન ભરતભાઈ વોરાના ભાઈ. ગીતાબેન, અંજનાબેન, સરોજબેનના દિયર. અનોપચંદભાઈ છગનલાલ દોશીના જમાઈ સોમવાર, ૧૧-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. ઠે. દરજીની ચાલ, ગલી નં.૨, કોલડુંગરી સહાર રોડ, અંધેરી (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ વિરાર, સ્વ.મંગળાબેન જેઠાલાલ અજમેરાના પુત્ર રજનીકાંત અજમેરા (ઉં. વ. ૭૩), તે નિલમબેનના પતિ. સોનલ જનકકુમાર મહેતા, હેતલ અજમેરા, પાયલ અજમેરાના પિતા. દેવ અને આરવીના નાના. સ્વ. ચત્રભુજ ભગવાનદાસ શાહના જમાઈ તા. ૧૦-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે અને પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રોહીશાળા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. છોટાલાલ ભુરાભાઈ મહેતાના પુત્ર અમૃતલાલ મહેતા (ઉં. વ. ૮૭), સોમવાર તા. ૧૧મી માર્ચ ૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ઈન્દુબેનના પતિ. સ્વ.કેતન અને રાખીના પિતા. જયેશ પારેખના સસરા. સ્વ. રમણિકભાઈ, સ્વ. ચંદ્રિકાબેન તેમજ સ્વ. મધુબેનના ભાઈ. અને સ્વ.મંગળાબેન જેઠાલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર તેમજ પ્રાર્થના બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જામનગર નિવાસી હાલ બોરીવલી જયંતકુમાર મોહનલાલ મહેતા (ઉં. વ. ૮૫) તા. ૧૧/૩/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.પ્રજ્ઞાબેનના પતિ. દીપકભાઇ, રાજીવભાઈ, ભાવનાબેનના પિતા. પારુલબેન તથા મીનલબેન, પંકજભાઈના સસરા. નિધિ દર્શાંક ઝટકીયા, નિમિત્ત તથા આસ્થાના દાદા. હેતા તથા હિમાનીના નાના. તેમની પ્રાર્થનાસભા ૧૪/૩/૨૪ના ૪ થી ૬. ન્યુ ક્લબ હાઉસ, રાહેજા એસ્ટેટ, કુલપવાડી, બોરીવલી ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

તલવાણાના રતનબેન સવરાજ છેડા (ઉં. વ. ૮૮) તા.૧૧-૩-૨૪ ના અવસાન પામેલ છે. રતનબેન આસધીરના પુત્રવધૂ. સવરાજના પત્ની. ભરત, કિશોર, હંસાના માતા. સુંદરાબેન લાલજીના પુત્રી. ટોકરશી, સમાઘોઘા ભારતી (દેવકા) હરીલાલ, પત્રી તારાબેન વસનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ભરત સવરાજ છેડા, ડી-૫, પંચકુટીર, લેકવ્હ્યુ હાઉસીંગ સોસાયટી, ગણેશનગર, આઈ.આઈ.ટી. (પવઈ), મુંબઈ - ૪૦૦૦૭૬.

ભારાપર/હાલે રાયણના ખુશાલવંતીબેન (પુરબાઈ) શાંતિલાલ સાવલા (ઉં. વ. ૮૭) તા. ૧૦.૩.૨૪ના અવસાન પામ્યા છે. શાંતિલાલ હીરજીના ધર્મપત્ની. પાનબાઈ હીરજી નરશીના પુત્રવધૂ. શશીકાંત, કુસુમ, ગીતા, ઉષા, અલ્કાના માતુશ્રી. રાયણના કુંવરબાઈ/લીલબાઈ વેલજી લીલાધરના પુત્રી. પોપટભાઈ, મકાંબાઈ, મણીબેન કુંવરજી, નાનબાઈ શાંતિલાલ, જેવંતીબેન કલ્યાણજી, હેમાબેન રમણીક, સુશીલાબેન શાંતિલાલ, હંસાબેન ડો. ધીરજ, મીના મુકેશભાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. શશીકાંત સાવલા : ૫૦૩, અલાયન્સ મથુરેશ, ગુલસન ગલી, મુલુંડ-વે.

### માતાએ ગળું

હતા. સોમવારે આ બાબતને લઇ બંને વચ્ચે ફરી ઝઘડો થયો હતો, જે બાદમાં ઉગ્ર બન્યો હતો. આથી રોષે ભરાયેલી ભૂમિકાએ તેની માતાની આંગળીમાં બચકું ભરતાં આંગળીનો કટકો થઇ ગયો હતો. આ જોઇને માતાએ પણ ગુસ્સામાં ભૂમિકાનું ગળું દબાવી દેતાં તેનું મૃત્યુ થયું હતું. ઘટના સમયે ભૂમિકાનો નાનો ભાઇ ઘરમાં હાજર હતો.

દરમિયાન બનાવની જાણ થતાં નજીકમાં રહેતો ટીનાનો ભાઇ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ભૂમિકાને હોસ્પિટલમાં લઇ ગયો હતો, જ્યાં ડૉક્ટરે તેને મૃત જાહેર કરી હતી. ટીનાએ એ સમયે દાવો કર્યો હતો કે ભૂમિકાને ફીટ આવતી હતી. જોકે તબીબી તપાસમાં ભૂમિકાનું ગળું દબાવવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસની પૂછપરછમાં ટીનાએ ગુનાની કબૂલાત કરી હતી, જેને પગલે તેની ધરપકડ કરવામાં આવી હતી.

## હિન્દુ મરણ

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રાહ્મણ**

ગામ શિયાનગર, હાલ અંધેરી સ્વ. અ. સૌ. અનીલાબેન ત્રિવેદીનું અવસાન ૯-૩-૨૪, શનિવારે થયેલ છે. તે સોમેશ્વરભાઈ ત્રિવેદીના ધર્મપત્ની (ઉં. વ. ૭૯) મનોજ, તોરલ, ભૂમિકા તથા જતિનના માતુશ્રી. એકતા (આશા), જીગ્નેશ પાઠક, નિલેશ પંડ્યા અને તૃપ્તિના સાસુમા. ક્રિષી, ભવ્યના દાદીમા. દ્રષ્ટિ, નિપાર્થ તથા શ્રીયાના નાનીમા. હેમલતાબેન, સ્વ. લીલાબેન, રસિલાબેન તથા રજનીકાંતભાઈના ભાભી. ઈન્દુમતીના જેઠાણી. ભાવનગર નિવાસી સ્વ. શાંતાબેન નાનાલાલ મહેતાના દીકરી. સાદડી ૧૪-૩-૨૪, ગુરુવારના ૫ થી ૭. ઠેઃ સોમેશ્વર કાશીરામ ત્રિવેદી, અન્તુસિંગ નિવાસ, લેન નં. ૨, કોલડુંગરી, સહાર રોડ, અંધેરી (ઈ.).

**નવગામ વિસનગર વણિક સમાજ**

ગામ પીલવાઈ, હાલ મુંબઈ સુભદ્રાબેન શાહ (ઉં. વ. ૮૯) સોમવાર, ૧૧-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. બાલમુકુંદ વૃજલાલ શાહના ધર્મપત્ની. ડૉ. કમલેશભાઈ, અલકાબેન અને તૃપ્તિબેનના માતુશ્રી. આરતીબેન, દીપકભાઈ અને પરેશભાઈના સાસુ. અંકુર, નિધિ, ભવ્ય, જય, ઉદિતિ અને સાક્ષીના દાદી. અયાન, અમાયરાના બા. પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૪-૩-૨૪ના ૫ થી ૭. ઠેઃ હોલ ઓફ કલ્ચર, નેહરુ સેન્ટર, ડૉ. એની બેસન્ટ રોડ, વરલી, મુંબઈ-૧૮.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી**

હાથસણી નિવાસી હાલ મીરારોડ સ્વ. અમૃતબેન નરભેરામ બાખડાના પુત્ર ચંદુભાઇ (ઉં. વ. ૮૯) તે ઉષાબેનના પતિ. જસ્મીન, મેહુલના પિતાશ્રી. રૂપલ, નીતાના સસરા. જીલ, જીયાના દાદા. સાવરકુંડલા નિવાસી પ્રભુદાસ હરખચંદ વિરાણીના જમાઇ. સ્વ. હર્ષદભાઇ, સ્વ. જયંતિભાઇ, સ્વ. મનહરભાઇ, સ્વ. શશીકાંતભાઇ, સ્વ. જયોતિબેનના ભાઇ. તા. ૧૦-૩-૨૪ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા પોરવાળ વૈષ્ણવ વણિક**

મુંબઇ નિવાસી નિરંજનભાઇ રામલાલ બિસરા (ઉં. વ. ૮૨) તે દિવ્યાબેનના પતિ. કિર્તીષા, કુણાલ, દિપેનના પિતાશ્રી. સેજલ, મનાલીના સસરા. કૃતીન અને આરવના દાદા. તા. ૧૨-૩-૨૪ મંગળવારના અવસાન પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

પરાગ ઠક્કર (ઉં. વ. ૫૪) ગામ કચ્છ ઉધેડી હાલ કાંદિવલી તે અ. સૌ. લતા ઠક્કર અને ભરત પુરષોતમ ઠક્કરના પુત્ર. તે ચૈતાલીના પતિ. ચી. તન્વીના પિતા. અ. સૌ. હસુમતી વિનોદ ચત્રભુજ કિંગર ગામ મીઠિયારીના મોટા જમાઇ તા. ૧૧-૩-૨૪ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૩-૨૪ના ગુરુવારે ૪થી ૬, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. વિસ્પરીંગ પામ્સ એક્સક્લૂઝીવ, ડી-૧, લોખંડવાલા ટાઉનશિપ, આકુર્લી રોડ, કાંદિવલી (ઇસ્ટ).

**મોડાસા દશાનીમા વણિક**

જયાબહેન વ્રજલાલ બુટાલા (ઉં. વ. ૯૨) સોમવાર તા. ૧૧-૩-૨૪ના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિમલેશ, નરેશ, પારૂલના માતુશ્રી. જયોસના, પ્રેરણા, તથા વાલ્મિકીના સાસુ. પૂજા, રુચીતના દાદી. રીયા, શીવાનના નાની. મોસાળ પક્ષ સ્વ. ગીરધરલાલ શેઠના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વીશા પોરવાડ વણિક**

જૂનાગઢ નિવાસી હાલ માટુંગા મુંબઇ નલીનકાન્ત મુગટલાલ પારેખના ધર્મપત્ની અ. સૌ. વર્ષાબેન (ઉં. વ. ૮૧) તા. ૧૧-૩-૨૪ના સોમવારના માટુંગા મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે ધરિત્રી અમીત અડાલજા તથા સોનાલી શૈલેષ નાદેલાના માતુશ્રી. તથા શ્રેયાના નાની. સ્વ. કાન્તિલાલ ભોગીલાલ પરીખની દીકરી. સ્વ. મુગટલાલ વલ્લભદાસ પારેખની પુત્રવધૂ. રાજીવ, તેજસના માતા તુલ્ય. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઈ લુહાણા**

હાલ બોરીવલી નિવાસી (કરાચીવાળા) ગં.સ્વ. નિર્મલા કારીયા (ઉં. વ. ૮૪) ૧૧-૩-૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગોરધનદાસભાઈના ધર્મપત્ની. રાજુભાઈ, ભાવીનભાઈ, નીશાબેન, છાયાબેનના માતુશ્રી. નેહાબેન, હીમાંશુકુમારના સાસુ. દીયા, ધ્યાનના દાદીમા. ગોવીંદજી પાબારીના દીકરી. ધ્વની, મહેક, મનનના નાનીમાની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૪-૩-૨૪ના ૧૦થી ૧૨ કલાકે, લુહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી ભાટિયા**

ગં. સ્વ . તરલા મુકેશ આશર (રંગવાલા) (ઉં. વ. ૭૧) તે સ્વ. મુકેશ રણછોડદાસ આશર (રંગવાલા)ના ધર્મપત્ની. સ્વ. લાલજી મથુરાદાસ રામૈયાના દીકરી. ચી સમીર તથા અ. સૌ પલ્લવી હર્નીશ આશરના માતુશ્રી. ચી. યુગના નાની તા ૧૧/૩/૨૪ સોમવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નસિરાબાદવાળા હાલ જળગાંવ સ્વ. ઈશ્વરદાસ રામદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. શશીકળાબેન (ઉં. વ. ૮૪) તા.૧૧/૦૩/૨૦૨૪ ને સોમવારે શ્રીજી ચરણ પામ્યા છે. તે રાકેશ અને સ્વ. સ્મિતા કિરીટ વળીયાના માતુશ્રી. તે અ.સૌ. જાગૃતિના સાસુ. રાજુલાવાળા સ્વ. ચંપકલાલ પ્રેમજી મહેતાની પુત્રી. તે સુરેશભાઈ, હેમેન્દ્રભાઈ, સ્વ. વિદ્યાબેન તથા વિમળાબેનના ભાભી. સ્વ.ચંદ્રકાંતભાઈ, સ્વ. ભૂપેન્દ્રભાઈ, રમેશભાઈ, સ્વ. જ્યોતિબેન, ગં.સ્વ. દીનતાબેનના બહેન. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટિયા**

વિજય પલીચા (ઉં. વ. ૮૯), અલપાઈવાળા. હાલ સાંતાક્રુઝ તે સ્વ. બબુબાઈ મથુરાદાસ પલીચાના સુપુત્ર. તે સ્વ. વર્ષાબેનના પતિ. તે સ્વ. જયમાલા કમલેશ વેદ, અ.સૌ. ગુંજન અરુણ ટોપરાણી, રાજુ લોદ્વીયાના પિતા. તે સ્વ. ખીમજી કેશવજી પડછના જમાઈ. તે સ્વ. દેવજી, સ્વ. નેણશી, સ્વ. જીતેન્દ્ર, સ્વ.કુસુમબેન, સ્વ. કુમુદબેન અને ચંદ્રકાંત જયરામ સંપટના ભાઈ. તા. ૧૧-૩-૨૪ (સોમવાર)ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર તા. ૧૩-૩-૨૪ના ૫ થી ૭. ખાર એજ્યુકેશન સોસાયટી, પુપીલ્સ સ્કુલ, એસ.વી.રોડ, ખાર (વેસ્ટ) લૌકિક ક્રિયા બંધ છે.

**કપોળ**

ડેડાણવાળા હાલ નાસિક નિવાસી સ્વ. હરીલાલ વચ્છરાજ ગોરડીયાના પુત્ર સ્વ. કાંતીલાલના ધર્મપત્ની ગં.સ્વ. મીનાક્ષી (ઉં. વ.૭૧) તે સોનલ હિમાંશુ ગોરડીયા તથા અલ્પા યોગેશકુમાર મહેતાના માતુશ્રી. તે સ્વ.વસુમતીબેન, સ્વ.નવનીતભાઈ, સ્વ.અરવિંદભાઈ તથા અ.સૌ. સ્મિતાબેન હસમુખભાઈ તથા વિમુબેન, મંજુલાબેન, હિરાબેન, જશુબેન, રમાબેન, સુશીલાબેન તથા સુધાબેનના ભાભી. પિયરપક્ષે રાજુલાવાળા સ્વ. અમૃતલાલ દુર્લભદાસ ગાંધીના દિકરી તા. ૧૧-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

આદીલ કેકી મેધોરા તે બખતાવર આદીલ મેધોરાના ખાવીંદ. તે મરહુમો કેકોબાદ તથા નરગીશ મેધોરાના દીકરા. તે જેનીફર ફરીદ ભીવંડીવાલા તથા મરહુમ મેહરાજના બાવાજી. તે ફરીદ આફરીદ ભીવંડીવાલાના સસરાજી. તે ક્યોમઝ તથા હીરાઝ મેધોરાના ભાઈ. તે ફીયાના ફરીદ ભીવંડીવાલાના મમઈજી. (ઉં. વ. ૭૨). રહે. ઠેઃ ૧૧, પટેલ બિલ્ડિંગ, ૧લે માળે, કામા રોડ, અંધેરી (વે.). મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા ૧૩-૩-૨૪એ બપોરના ૩-૪૫ વાગે. બેહરામ બાગ અગીયારીમાં છેજી. (જોગેશ્વરી-મુંબઈ).

કેરસી ફરામજી ટાટા તે મરહુમ ગુલુ કેરસી ટાટાનાં ખાવીંદ. તે મરહુમો ફરામજી તથા આલાંમાય ટાટાનાં દીકરા. તે ફરઝાના બારીયા, સરોશ ટાટા તથા નવાઝ કોલાબાવાલાના બાવાજી. તે શહારૂખ બારીયા, પીનાઝ ટાટા તથા ક્યોમઝ કોલાબાવાલાના સસરાજી. તે ધન નાગપુરવાલા તથા મરહુમ રતન ટાટાનાં ભાઈ. તે ઝીનીયા, જેસીકા, રેઅ, શોન અને શયાનના મમઈજી. (ઉં. વ. ૯૨). રહે. ઠેઃ રૂમ નં. ૨૨, જમશેદજી ટાટા બિલ્ડિંગ, ટાટા બ્લોક્સ, એસ. વી. રોડ, બાન્દ્રા (વે.), મુંબઈ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા ૧૩-૩-૨૪એ બપોરના ૩-૪૫ વાગે ટાટા અગીયારીમાં છેજી. (બાન્દ્રા-મુંબઈ).

ફ્રેદ જહાંગીર ગીમી તે મરહુમો નાજામાય તથા જહાંગીર ગીમીના દીકરા. તે મરહુમ પીલુ રૂસ્તમ સુનાવાલાના ભાઈ. તે જેનાઈ બરજોર બનાજી, કમલ નેવીલ ટાટા, ડૉ. બેહરામ આર. સુનાવાલા તથા ડૉ. ફીરોઝ રૂસ્તમ સુનાવાલાના મામાજી. તે ડૉ. રૂસ્તમ પી. સુનાવાલાના બનેવી. (ઉં. વ. ૯૧). રહે. ઠેઃ ૬૨૧, ખુશ વીલા, ખરેગાત રોડ, દાદર પારસી કોલોની, દાદર (ઈ), મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા ૧૪-૩-૨૪એ બપોરના ૩-૪૫ વાગે ભાભા બંગલી નં. ૧માં છેજી. (ડુંગરવાડી - મુંબઈ).

મેહેરૂ બજી બીલીમોરીયા તે મરહુમ બજી એદલજી બીલીમોરીયાના ધણિયાની. તે મરહુમો રતનબાઇ અને જહાંગીર રાનીના દીકરી. તે ક્યોજ બીનાયફર અને જેસમીનના માતાજી. તે જીલુ, યુઝુદ અને જહાંગીરના સાસુજી. તે હોશંગ અને મરહુમ દારાયસના બહેન. તે નેવીલ અને રેહાનના બપઇજી. (ઉં. વ. ૯૫) રે. ઠે. સુનીતા-૧૦/બી, બી. જી. ખેર માર્ગ, રીઝ રોડ, મલબાર હીલ, મુંબઇ-૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૩-૨૪ના બપોરે ૩.૪૫ વાગે હોડીવાલા બંગલીમાં છેજી.

જીમી ધનજી શાહ ગરદા તે બચી જીમી ગરદાનાં ખાવીંદ. તે મરહુમો આલામાય તથા ધનજી શાહ ગરદાનાં દીકરા. તે યાસમીન કાર્લ બેન્દ્રાવાલા તથા ફરીદા જીમી ગરદાનાં બાવાજી. તે કાર્લ ફિરોઝ બેન્દ્રાવાલાનાં સસરાજી. તે મરહુમ બાનુ બેહરામ બાગવાલાનાં ભાઇ. તે ઝરાન અને સીમોન કાર્લ બેન્દ્રાવાલાનાં મમઇજી. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૧-૫, નવજબાઇ ટાટા બિલ્ડિંગ, એસ. વી. રોડ, ટાટા બ્લોક, બાન્દ્રા (વે), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૩-૨૪ એ બપોરના ૩.૪૫ વાગે, ટાટા અગિયારીમાં છેજી. (બાન્દ્રા-મુંબઇ).

**સિકંદરાબાદ**

હવોવી કેરસી પટેલ તે કેરસી રતનશા પટેલના પત્ની. તે નાઓઝર રોહિન્ટન, પર્સી બહેરામશા અને ફરીદા ઇરાનીના બહેન. તે ઉમૈઝ અને શાહિનના માતા. તે કવિના અને બખ્તાવરના સાસુ. તે રેયોન, જેહાન, આરિયા, ઝેવ અને લાનાના ગ્રાન્ડમધર. (ઉં. વ. ૬૮).

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ બોરીવલી સ્વ. વસંતરાય મનસુખલાલ સાંગાણીના ધર્મપત્ની ગં. સ્વ અરુણાબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. દેવકુંવરબેન ભોગીલાલ ઝવેરીના દીકરી. કેતનના માતુશ્રી. ઊર્મિના સાસુ. ગં.સ્વ ભાનુબેન નટવરલાલ કાંચલિયા, સ્વ. સુધાબેન મણિલાલ ધાબળીયા, ઉષાબેન મહેન્દ્રકુમાર શ્રીમાંકર, સ્વ. રશ્મિબેન દેવેન્દ્રકુમાર શાહ, ભદ્રાબેન પ્રફુલકુમાર મહેતા, જયેશભાઈ તથા મુકુંદભાઈના ભાભી તે તા.૧૦/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

પરવડી નિવાસી સ્વ. જશવંતી વૃજલાલ દ્યણીના પુત્ર દ્યેલતરાય દ્યણીના ધર્મપત્ની અ. સૌ. રમાગૌરી (ઉં. વ. ૭૨) તે જીતેન તથા જીજ્ઞાના માતુશ્રી. બિનિતા તથા રાજેશભાઈ પારેખના સાસુ. રાજુલાવાળા અમૃતલાલ હરજીવનદાસ મહેતાના દીકરી તે તા. ૮/૩/૨૪ના વડોદરા મુકામે શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મેવાડા મહેમદાવાદી**

અ.સૌ.પૂર્વિ ભાવેશ શાહ (ઉં. વ. ૪૯) તે ગીતાબેન સતીષભાઈ શાહની પૂત્રવધૂ. વિશાખાબેન કુમુદચંદ્ર શાહની દિકરી. ભાવેશ સતીષભાઈ શાહની પત્ની. ધૃતિ અને ક્રીતીની માતુશ્રી. હાર્દિક, બિન્દી અને શીતલની બહેન. ચેતના તરુણ શાહની ભત્રીજાવહુ તે તા.૧૦/૦૩/૨૪ના રવિવારે શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૪/૦૩/૨૪, ૪ થી ૬ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે લોકમાન્ય ટિળક રોડ બોરીવલી (પશ્ચિમ).

**ગોડ મેડતવાળ બ્રાહ્મણ**

માણાવદર નિવાસી હાલ કાંદિવલી કિરણભાઈ જયંતીલાલ ત્રિવેદી (ઉં. વ. ૭૩) તે ૧૧/૩/૨૪ના દેવલોક પામેલ છે. તે પ્રફુલ્લાબેનના પતિ. ભાવેશ તથા કિન્નરીના પિતા. અમીના સસરા. સ્વ. કનૈયાલાલ, જયાબેન, ઇન્દુબેન, અમિતાબેન, ભાવનાબેનના ભાઈ. ગં.સ્વ. દમયંતીબેન મુગટલાલ ઓઝાના જમાઈ. મીરેકના દાદા. તેમની પ્રાર્થનાસભા ૧૪/૩/૨૪ના ૪ થી ૬. પાવનધામ, મહાવીર નગર, પિઝાહટની ગલ્લી, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મુંબઈ નિવાસી હાલ મીરારોડ સ્વ. કૃષ્ણલાલ (કાકુભાઇ) અમૃતલાલ વાઘાણીના પત્ની ગં.સ્વ. ઊર્મિલાબેન વાઘાણી (ઉં. વ. ૯૩) શુક્રવાર, તા. ૮/૩/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવનાબેન, શરદભાઈ, યોગેશભાઈ, અંજલિબેન, જાનવીબેનના માતુશ્રી. સ્વ. દિલ્પભાઈ, રણજીતભાઈ, દયાનંદભાઈ, જયશ્રીબેન, વર્ષાબેન, હેતાલીના સાસુજી. તે સ્વ. મુળજીભાઈ ધીરભાઈ વાજાણીની દીકરી. સ્વ. ધ્રુવકુમારભાઈ, ચિ.ગૌરાંગ, જીનલના દાદી. લોપા, હેમલ, કપિલ, જેશન, તાન્યાના નાનીમા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દરજી દમણીયા**

વિલેપારલા નિવાસી ગં.સ્વ. લીલાબેન ગિરધરલાલ દમણીયા (ઉં. વ. ૮૯) તારીખ ૨ માર્ચ ૨૦૨૪ને શનિવારે કૈલાસવાસી થયા છે તે સ્વ. જશોદાબેન અને સ્વ. ગિરધરલાલ દમણીયાના પુત્રી. તે સ્વ. આનંદીલાલ અને સ્વ. કાન્હાલાલ ગિરધારીલાલના બહેન. તે સ્વ. વિનોદીની આનંદીલાલના ભાભી. તે શ્રીમતી તૃપ્તિ વિજય કાપડિયાની ફોઈ. કૈલાશવાસી થયા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સમુદ્રનાં પાણીને મીઠું કરવાની પ્રક્રિયા માટે કોઇ આગળ ન આવ્યું

## પ્રોજેક્ટમાં પાંચમી વાર મુદતમાં વધારો કરાયો

મુંબઈઃ મનોરી ખાતે સમુદ્રનાં ખારાં પાણીને મીઠું કરવાના ડિસેલિનેશન પ્રોજેક્ટમાં કોઇ રસ દાખવતું ન હોવાને કારણે પાંચમી વાર મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે પાલિકા ફરી ટેન્ડર પ્રક્રિયાને શરૂ કરી છે અને આ માટે આગામી મહિનામાં ફરી વાર અરજી કરી શકાશે. મુંબઈને દરરોજ સાત ડેમમાંથી ૩૮૦૦ મિલિયન પાણીપુરવઠો કરવામાં આવે છે. એવામાં એકાદ વર્ષ વરસાદ ઓછો પડે તો મુંબઈગરાએ પર ૧૦થી ૧૫ ટકાનો પાણીકાપ સહન કરવો પડતો હોય છે. એમાં જ આગામી સમયમાં મુંબઈમાં વધતી જતી વસતિ માટે પાણીની માગણી પણ વધવાની છે. એ માગને પહોંચી વળવા માટે મનોરી ખાતે મહારાષ્ટ્ર ટુરીઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમટીડીસી)ના નેજા હેઠળ ઉપલબ્ધ એવી ૧૨ હેક્ટરની જગ્યામાં પ્રોજેક્ટ ઊભો કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જોકે આ પ્રોજેક્ટ માટે પાલિકા દ્વારા ડિસેમ્બરથી જાન્યુઆરી દરમિયાન ટેન્ડરપ્રક્રિયાને અમલમાં મૂકવામાં આવી હતી, પણ તેને જોઇતો પ્રતિસાદ સાંપડ્યો નહોતો. અનેક ઇચ્છુકોએ અરજી માટે ઓછો સમય મળ્યો હોવાની માહિતી આપી હતી. આને કારણે પાલિકાએ ફરી એક વાર મહિનાનો સમય આપીને આ પ્રક્રિયાને શરૂ કરવામાં આવી હતી. પાલિકાએ આ ટેન્ડરને ૨૯મી જાન્યુઆરી, ૧૭મી ફેબ્રુઆરી અને ચોથી માર્ચનો સમય વધારી આપ્યો હતો. હવે ફરી એક વાર એક મહિના માટે આ ટેન્ડરપ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય દરજ્જાની ટેન્ડરપ્રક્રિયા હોઇ અનેક વાર આ પ્રોજેક્ટ માટે સમય લાગી જતો હોવાની માહિતી પાલિકાના અધિકારીએ આપી હતી.

# ન્યૂ યોર્કને આધારે મહાલક્ષ્મીમાં બનશે સેન્ટ્રલ પાર્ક

મુંબઈઃ મહાલક્ષ્મી રેસકોર્સની જગ્યાએ એક થીમ પાર્ક નિર્માણ કરવાના નિર્ણયને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ૨૧૧ એકરની જમીનમાંથી ૧૨૦ એકર પર થીમ પાર્કનું નિર્માણ કરવાના સરકારના પ્રસ્તાવ પર વિરોધી પક્ષે વિરોધ કર્યો હતો, પણ હવે શિંદે સરકાર દ્વારા થીમ-પાર્કને મંજૂરી મળતા રેસકોર્સની જમીન પર મુંબઈ મહાપાલિકા (ઇખઈ) દ્વારા ભવ્ય થીમ પાર્કનું નિર્માણ કરશે.

ન્યૂ યોર્ક અને લંડન જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના ભવ્ય સેન્ટ્રલ પાર્કનું નિર્માણ કરવામાં આવશે. મુંબઈની હેરિટેજ સાઇટમાંથી એક મહાલક્ષ્મી રેસકોર્સ પર થીમ પાર્ક બનાવવાના સરકારના નિર્ણયથી રાજકારણ ગરમાયું હતું. ■




# મુંબઈ સેન્ટ્રલનું નામ ડૉ.બાબાસાહેબ આંબેડકર રાખવાની આઠવલેની માગણી

મુંબઈઃ રિપબ્લિકન પાર્ટી ઑફ ઇન્ડિયા(આરપીઆઇ)ના સુપ્રીમો રામદાસ આઠવલેએ મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનું નામ બદલાવવાની માગણી કરી છે. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનું નામ બદલાવીને ડૉક્ટર બાબાસાહેબ આંબેડકર કરવાની માગણી રામદાસ આઠવલેએ કરી છે. રામદાસ આઠવલેએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ(એક્સ) ઉપર આ અંગે ટીપ્પણી કરી હતી અને કહ્યું હતું કે ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરે ઘણો સમય મુંબઈમાં વિતાવ્યો હતો અને અનેક આંદોલનનું નેતૃત્વ કર્યું હતું.

આ કારણે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનું નામ બદલાવીને ડૉક્ટર બાબાસાહેબ આંબેડકર કરવાની માગણી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે મુંબઈ સેન્ટ્રલ એ પશ્ચિમ રેલવે લાઇનનું એક પ્રમુખ સ્ટેશન છે અને તેના ઉપર અનેક લાંબા અંતરની ટ્રેન પણ અહીં રોકાણ કરે છે. આઠવલેએ કહ્યું હતું કે દલિતોએ વિક્ટોરીયા ટર્મિનસનું નામ બદલાવીને છત્રપતિ શિવાજી ટર્મિનસ કરવામાં આવ્યું ત્યારે તેનું સ્વાગત કર્યું હતું. એ જ રીતે જો મુંબઈ સેન્ટ્રલનું નામ ડૉક્ટર બાબાસાહેબ આંબેડકર કરવામાં આવે તો દલિતોને ખૂબ જ આનંદ થશે. મુંબઈ સેન્ટ્રલ એ ખૂબ જ મહત્ત્વનું સ્ટેશન છે અને પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ લાઇન સહિતની ટ્રેનો અહીં થોભે છે. આ સિવાય ઇન્ટરસિટી એક્પ્રેસ અને અન્ય એક્સપ્રેસ ટ્રેનો પણ અહીંથી શરૂ થાય છે અને થોભે છે. ■

### મહારાષ્ટ્રને મોદીની ભેટ

# મરાઠાવાડા રેલ કોચ ફેક્ટરી સહિતના પ્રોજેક્ટ રાષ્ટ્રને અર્પણ

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મરાઠાવાડા રેલ કોચ ફેક્ટરી અને અન્ય પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મહારાષ્ટ્રમાં વિવિધ રેલ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન વડા પ્રધાન મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. અમદાવાદથી વીડિયો કોન્ફરન્સ દ્વારા મોદીએ આ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે પાંચ 'જન ઔષધી કેન્દ્ર'નો માર્ગ મોકળો કર્યો હતો. લોકમાન્ય તિલક ટર્મિનસ, મનમાડ, સોલાપુર, પિંપરી, નાગભીર આ સ્ટેશનો ઉપર જેનરીક મેડિસિન્સની દુકાનનું ઉધ્ઘાટન મોદીએ કર્યું હતું. આ ઉપરાંત તેમણે નાશિક રોડ, અકોલા, અંધેરી, બોરીવલી ખાતે રેલ કોચ રેસ્ટોરાંનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. દેશભરના ૫૦૬ પ્રોજેક્ટનું વડા પ્રધાન મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હોવાનું રેલવે પ્રશાસનના અધિકારીએ જણાવ્યું હતું. લાતુર ખાતેની મરાઠાવાડા રેલ કોચ ફેક્ટરી, બદનેરા અને પુણે ખાતે વંદે ભારત ચેર કાર મેઇન્ટેનન્સ કમ વર્કશોપ ડેપોનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું હતું. મરાઠાવાડા રેલ કોચ ફેક્ટરીના કારણે વંદે ભારત ટ્રેન સીટની સપ્લાય કાયમ રહે તે સુનિશ્ચિત કરાશે. આ ફેક્ટરીના તમામ ખાતાઓ અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ હોવાનું રેલ અધિકારીએ જણાવ્યું હતું. ■

# બોરીવલીમાં ₹ ૨.૧૧ કરોડનું ચરસ પકડાયુંઃ યુવકની ધરપકડ

મુંબઈઃ બોરીવલીમાં રૂ. ૨.૧૧ કરોડની કિંમતનું ચરસ વેચવા આવેલા યુવકને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. પકડાયેલો યુવક બિહારથી આ ચરસ લાવ્યો હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યું હતું. ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓને માહિતી મળી હતી કે ૨૫થી ૨૭ વર્ષની વયનો યુવક મંગળવારે મળસકે બોરીવલી પૂર્વમાં ચરસ વેચવા માટે આવવાનો છે. આથી પોલીસની ટીમે બોરીવલી સ્ટેશન નજીક છટકું ગોઠવ્યું હતું અને શંકાને આધારે યુવકને તાબામાં લીધો હતો. તેની પાસેથી બેગની તલાશી લેવામાં આવતાં તેમાંથી રૂ. ૨.૧૧ કરોડનું ચરસ મળી આવ્યું હતું. દરમિયાન યુવક વિરુદ્ધ કસ્તુરબા માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

# મેટ્રો-૩ની ટ્રાયલ રન રખડી પડી

મુંબઈઃ કોલાબા-બાંદ્રા-સીપ્ઝ મેટ્રો-૩ લાઇનની રાહ ઘણા સમયથી જોવાઇ રહી છે અને તે શરૂ થાય તે માટે શહેરીજનો ઇંતેજાર કરી રહ્યા છે. જોકે, બીકેસી અને આરે વચ્ચેનો પહેલો તબક્કો પૂરો નથી થયો. ૧૫મી ફેબ્રુઆરી સુધી દરેક બાકી કામો પૂરાં થઇ ગયા હોવા છતાં હજી સુધી આ પ્રોજેક્ટની ટ્રાયલ રન કરવામાં આવી નથી.

ફેબ્રુઆરીના મધ્યમાં આ પ્રોજેક્ટની ટ્રાયલ રન વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવનાર હતી. જોકે, હજી સુધી તેની કોઇ શક્યતા દેખાઇ રહી નથી. રિસર્ચ ડિઝાઇન ઍન્ડ સ્ટેન્ડર્ડ ઓર્ગેનાઇઝેશન(આરડીએસઓ), ઇન્ડિપેન્ડન્ટ સેફ્ટી અસેસમેન્ટ (આઇએસએ) તરફથી બધા જ ક્લીયરન્સ મળ્યા હોવા છતાં હજી સુધી મેટ્રોની ટ્રાયલ રન થઇ નથી. ટ્રાયલ રન ન થવાના કારણે આ પ્રોજેક્ટ વધુ લંબાય એવી શક્યતા છે. મે મહિનાના અંત સુધી પહેલા તબક્કાની ટ્રાયલ રન પૂરી થાય તેવી ગણતરી હતી. જોકે, તેમાં વધુ સમય લાગી શકે તેવી શક્યતા છે. ■

# કામાઠીપુરામાં ઈમારતમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના કામાઠીપુરા વિસ્તારમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની રહેણાંક ઈમારતમાં સોમવારે મોડી રાતે આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ કમાઠીપુરામાં ગલી નંબર ૧૪માં મહારાષ્ટ્ર કૉલેજની પાછળ આવેલી પાઠારે બિલ્ડિંગ/ અલી અકબર ચાલના ત્રીજા માળે સોમવારે મોડી રાતના અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ત્રણ ફાયર ઍન્જિન પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. સૂત્રોના કહેવા મુજબ આગ લાગી ત્યારે ઈમારતમાં ૧૦થી ૧૨ લોકો ફસાઈ ગયા હતા. જોકે ફાયરબ્રિગેડે તેમને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. લગભગ બે કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# મને ટિકિટ ન મળે એ માટે પ્રયત્ન કરું છુંઃ સુધીર મુનગંટીવાર

મુંબઈઃ ચૂંટણી પંચ ટૂંક સમયમાં જ લોકસભાની ચૂંટણીની જાહેરાત કરે તેવી શક્યતા છે. આથી તમામ પક્ષોમાં બેઠક ફાળવણી અને ઉમેદવારી માટે ચર્ચા-બેઠકો યોજાઈ રહી છે. ચંદ્રપુરથી મહાયુતિ તરફથી સુધીર મુનગંટીવારના નામની ચર્ચા થઈ રહી છે. જોકે, સુધીર મુનગંટીવારે તેનાથી વિપરીત મત વ્યક્ત કર્યો છે. મુનગંટીવારે કહ્યું કે તેઓ ટિકિટ ન મળે તે માટે પ્રયાસ કરી રહ્યા છે. તેમનું આ નિવેદન લોકોમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

સુધીર મુનગંટીવારે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે તેઓ લોકસભામાં જવા માગતા નથી. કોઈપણ સંજોગોમાં ટિકિટ ન મળે તે માટે હું પૂરો પ્રયાસ કરી રહ્યો છું. આખરે સફળતા કે નિષ્ફળતા પ્રભુના હાથમાં છે. ■

# દેશમાં શાકભાજી અને ફળોનું ઉત્પાદન ઘટશે

પુણેઃ દેશમાં ફળો અને શાકભાજીનું ઉત્પાદન ગત વર્ષ કરતાં આ વર્ષે બે લાખ ટન ઓછું રહેશે, એવું જાણવા મળ્યું હતું. તેમ જ હાલમાં દેશમાં કાંદાનું ઉત્પાદન ૧૫.૫૬ લાખ ટન ઘટશે. બીજી બાજુ ટામેટાંનું ઉત્પાદન બે ટકા વધશે એવું સરકારે જણાવ્યું હતું. કેન્દ્ર સરકારના કૃષિ મંત્રાલયે તેના ૨૦૨૩-૨૪ મોસમમાં ફળો અને શાકભાજીના ઉત્પાદનનો તેમનો પહેલો સુધારિત અંદાજ જાહેર કર્યો છે, જ્યારે ૨૦૨૨-૨૩ની સીઝનમાં ઉત્પાદનનો આખરી અંદાજ આપ્યો છે. ■

# બનાવટી ચીઝ અને પનીર પર એફડીએની બાજ નજર

મુંબઈઃ ખાદ્ય પદાર્થોમાં વાપરમાં આવતા ચીઝ અને પનીરની ગુણવત્તા સંદર્ભે મેકડોનાલ્ડ પર કાર્યવાહી કર્યા બાદ હવે એફડીએએ અન્ય ખાદ્ય પદાર્થોના આઉટલેટ પર પણ કાર્યવાહી કરવાનું શરૂ કરી દીધું છે. આઉટલેટમાં ગુણવત્તાના તમામ માપદંડને પાળવામાં આવે છે કે નહીં, સ્વચ્છતા, કાચા પદાર્થનો સંગ્રહ કેવી રીતે કરવામાં આવે છે એ જોવામાં આવશે. ચીઝ તેમ જ પનીરના પદાર્થમાં કરવામાં આવેલો વપરાશ, તળવા માટે વાપરવામાં આવતું તેલની ગુણવત્તાને પણ તપાસવામાં આવશે.

પનીરને બદલે જો પનીર એનાલોગનો વપરાશ કરવામાં આવતો હશે તો એ સંદર્ભે પણ બારીકાઈથી તપાસવામાં આવશે, એવી માહિતી પ્રશાસનના અધિકારીએ આપી હતી. ■










### પ્રાર્થના સભા

|| શ્રી કૃષ્ણ શરણમ મમઃ ||



**શ્રીમતી સુભદ્રા બી. શાહ**

શ્રીજી ચરણ : તા. ૧૧-૩-૨૦૨૪ • ૮૯ વર્ષ
સ્વ. બાલમુકુંદ વી. શાહના ધર્મપત્ની

**પ્રાર્થના સભા**
૧૪ માર્ચ ૨૦૨૪, ગુરૂવાર
સમય : સાંજે ૫ થી ૭
સ્થળઃ કલ્ચર હોલ, નેહરૂ સેન્ટર,
ડૉ. એની બેસંટ રોડ, વરલી, મુંબઈ-૧૮

**શોકાતુર પરિવાર**
ડૉ.કમલેશ અને આરતી શાહ
અલ્કા અને દિપકભાઈ શાહ
તૃપ્તિ અને પરેશભાઈ ચોકસી
અંકુર કમલેશ શાહ
નિધી અને ભવ્ય છેડા
જય અને ઉદિતી શાહ
સાક્ષી ચોકસી
સંજીવ જયંત શાહ અને પ્રિતી એસ. શાહ
અદિત વસંત શાહ
અર્ચના વસંત શાહ
અયાન અંકુર શાહ અને અમાયરા ભવ્ય છેડા

### ડો. સદ્‌ગુણાબેન સી. યુ. શાહ
### ૨૦ વર્ષના ઉર્ધ્વગમનએ અભિવંદના



ઉર્ધ્વગમન દિન - ૧૩-૩-૨૦૦૪

**પરમ પૂજ્ય ગુરુમા : એક આધ્યાત્મિક મા**

મા એવી કાળજી રાખે જેથી થાય બાળકના દેહનો ઉછેર,
જયારે ગુરુમા એવું ધ્યાન રાખે જેથી આત્મા ન થાય વેરવિખેર;

મા પોષણ આપે બાળકના દેહને શુધ્ધ આહાર થી,
જયારે ગુરુમા આત્માને પુષ્ટ કરે સદ્‌વિચારથી;

મા ફિકર કરે સતત્ અને બને બાળકના ભવિષ્યનો આધાર,
જયારે ગુરુમાની ચિંતા છે માત્ર કઇ રીતે થાય આત્માનો ઉધ્ધાર;

મા બાળકના સુખે સુખી અને તેના દુખે દુઃખી રહે,
જયારે ગુરુમાની તો સમભાવ ધારક દ્રષ્ટિ જ સર્વ આત્મા પ્રત્યે વહે;

મા બાળકને સદૈવ નાનો સમજી બાળ સમ જ રાખે,
જયારે ગુરુમા ઈચ્છે કે જીવ મુક્તિ નો આસ્વાદ ચાખે;

મા બાળકને જીવન પર્યંત નિસ્વાર્થ ભાવ ના વહાલથી પંપાળે,
જયારે ગુરુમા ભવભ્રમણનો અંત આણી તેના ભવના ફેરા જ ટાળે;

મા ખટમીઠી વાણી અને વર્તનથી બાળકને ટોકે,
જયારે ગુરુમા મૌન ધારણ કરી આત્માના કર્મ બંધનને રોકે;

આવા આધ્યાત્મિક મા ના ઉર્ધ્વગમન દિને તેમના દિવ્ય આત્માને અગણિત વંદન !!!
અમારા હૃદયમાં, જીવનમાં અને આ ધરતી પર સદા મહેકતા રહે તમારા શાંતિના સ્પન્દન.

અસ્તુ.

રોહિત - મીનળ | પારસ - વિધિ, હ્રિદાન - રાઘવ | સોહમ - સમીરા, અનન્યા

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતે સમગ્ર રાષ્ટ્રને વારસાની જાળવણીનો માર્ગ બતાવ્યો: વડા પ્રધાન

## ગાંધી આશ્રમ મેમોરિયલના માસ્ટર પ્લાનનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતે સમગ્ર રાષ્ટ્રને વારસાની જાળવણીનો માર્ગ બતાવ્યો. તેમણે સરદાર પટેલના નેતૃત્વમાં સોમનાથના કાયાકલ્પને ઐતિહાસિક ઘટના ગણાવી હતી. અન્ય જાળવણી ઉદાહરણો અમદાવાદ શહેર ચાંપાનેર અને ધોળાવીરા, લોથલ, ગિરનાર, પાવાગઢ, મોઢેરા અને અંબાજી સાથે વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે છે. જે રાષ્ટ્ર પોતાની ધરોહરને સાચવવામાં સક્ષમ નથી તે પોતાનું ભવિષ્ય પણ ગુમાવે છે એવું વડા પ્રધાન મોદીએ કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દાંડીકૂચ દિવસે સાબરમતી આશ્રમની મુલાકાત લઈ ગાંધીવંદના કરીને 'આશ્રમ ભૂમિ વંદના' પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો હતો, સાથે સાથે પુનઃવિકસિત કોચરબ આશ્રમનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. તેમણે મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી અને હૃદય કુંજની મુલાકાત લીધા બાદ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામથી સંબંધિત વારસાના પુનઃસંગ્રહ માટેના વિકાસ અભિયાન હેઠળ કર્તવ્ય પથના સ્વરૂપમાં રાજપથના પુનઃવિકાસ અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાની સ્થાપના, આંદામાન અને નિકોબાર ટાપુઓ પર સ્વતંત્રતા સંબંધિત સ્થળોના વિકાસનો ઉલ્લેખ કર્યો. , 'પંચ તીર્થ'ના રૂપમાં બી આર આંબેડકર સાથે સંબંધિત સ્થળોનો વિકાસ, એકતાનગરમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું અનાવરણ અને દાંડીનું પરિવર્તન વગેરેનો ઉલ્લેખ કર્યો હતો. વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે સાબરમતી આશ્રમની પુનઃસ્થાપન આ દિશામાં એક નિર્ણાયક પગલું છે.

વડા પ્રધાને વધુમાં કહ્યું હતું કે સાબરમતી આશ્રમ હંમેશાં અજોડ ઊર્જાનું જીવંત કેન્દ્ર રહ્યું છે અને આપણે આપણામાં બાપુની પ્રેરણા અનુભવીએ છીએ. સાબરમતી આશ્રમે બાપુના સત્ય અને અહિંસા, રાષ્ટ્ર સેવા અને વંચિતોની સેવામાં ભગવાનની સેવા જોવાનાં મૂલ્યોને જીવંત રાખ્યાં છે. બાપુનો સાબરમતી આશ્રમ માત્ર દેશનો જ નહીં માનવતાનો વારસો છે.

દેશની ધાર્મિક અને ઐતિહાસિક વિરાસતોના વિકાસ અંગે વાત કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સરકારની મજબૂત ઈચ્છાશક્તિના પરિણામે તથા લોકોના સહકાર દ્વારા ૧૨ એકર જમીન પ્રોજેક્ટ માટે બહાર આવી, જેના પર ભક્તો માટે સુવિધાઓ ઊભી કરવામાં આવી. જેના પરિણામે કાશી વિશ્વનાથ ધામના પુનઃવિકાસ પછી ૧૨ કરોડ શ્રદ્ધાળુઓનું આગમન થયું. તેવી જ રીતે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિના વિસ્તરણ માટે ૨૦૦ એકર જમીન મુક્ત કરવામાં આવી હતી. ત્યાં પણ છેલ્લા ૫૦ દિવસમાં ૧ કરોડથી વધુ ભક્તો દર્શન માટે ગયા છે.

વડા પ્રધાને કહ્યું કે, જે રાષ્ટ્ર પોતાની ધરોહરને સાચવવામાં સક્ષમ નથી તે પોતાનું ભવિષ્ય પણ ગુમાવે છે. બાપુનો સાબરમતી આશ્રમ માત્ર દેશનો જ નહીં માનવતાનો વારસો છે. આ અમૂલ્ય વારસાની લાંબી અવગણનાને યાદ કરતાં વડા પ્રધાને આશ્રમનો વિસ્તાર ૧૨૦ એકરથી ઘટીને ૫ એકર થવાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ૬૩ ઇમારતોમાંથી માત્ર ૩૬ ઇમારતો જ રહી છે અને માત્ર ૩ ઇમારતો મુલાકાતીઓ માટે ખુલ્લી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વતંત્રતા સંગ્રામમાં આશ્રમના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તેને સાચવવાની ૧૪૦ કરોડ ભારતીયોની જવાબદારી છે. વડા પ્રધાનશ્રીએ આશ્રમની ૫૫ એકર જમીન પાછી મેળવવામાં આશ્રમવાસીઓના સહકારને સ્વીકાર્યો હતો તથા આશ્રમની તમામ ઈમારતોને તેમના મૂળ સ્વરૂપમાં સાચવવાનો ઈરાદો દર્શાવ્યો હતો.

વડા પ્રધાને આવા સ્મારકોની લાંબી અવગણના માટે ઇચ્છાશક્તિના અભાવ, સંસ્થાનવાદી માનસિકતા અને તુષ્ટિકરણને જવાબદાર ઠેરવ્યું હતું.

વડા પ્રધાને સરકારના પ્રયાસોને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ■

# મોરબીના ૧.૮૪ કરોડનો સિરપકાંડ: સૂત્રધારે અગાઉ પણ ત્રણ ગાડી માલ મંગાવ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીના રંગપર નજીક ગોડાઉનમાંથી કરોડોની કિંમતનો નશાયુકત સિરપનો જથ્થો ઝડપાયા બાદ હવે આ પ્રકરણનો મુખ્ય સૂત્રધાર પકડાયો હતો. આરોપી કફ સિરપને રિપેરિંગ કરી ટાઈલ્સની આડમાં ત્રિપુરા મોકલતો હોવાનું ખુલ્યું હતું. તે અગાઉ પણ ત્રણ વખત ગાડી મંગાવી ચુકયો હતો. અત્યાર સુધી પોલીસના ધ્યાને ચઢયો નહતો. જોકે ચોથી ગાડી મંગાવતા પોલીસની ઝપટે ચડી ગયાનું તપાસ અધિકારી પાસેથી જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર નશીલા સીરપની તપાસ કરતી મોરબી પોલીસે રંગપર નજીક એક ગોડાઉનમાં રેડ કરી હતી. જયાંથી કફ સીરપની ૯૦ હજાર બોટલ, કિમત રૂ.૧.૮૪ કરોડ ચોખાની કુલ બોરીઓ નંગ ૬૩૦ વજન કિલો ૧૫,૭૫૦ કિલો કિમત રૂ.૪.૪૧ લાખ સહિત રૂ.૨.૦૪ કરોડની કિમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તે દરમિયાન આરોપી મનીષ ઝાલાવાડીયા તેમજ ટ્રકચાલક અને ટ્રકકલનીર પકડાયા હતા. ગોડાઉન ભાડે રાખી માલ મગાવનાર રવીકુમાર કંડીયા, ત્રિપુરાથી માલલ મોકલનાર સાજેદા ટાઈલ્સ વાળા મસુદ આલમ અને મોબાઈલનો વપરાશ કરનાર એમ ત્રણ ઈસમો ફરાર હતા. જેથી એ ડિવિઝન પોલીસે ટીમે વધુ તપાસ ચલાવી હતી. અને અલગ અલગ ટીમો બનાવી તપાસ ચલાવતા મુખ્ય આરોપી રવી મહીપત કંડીયાને ઝડપી લેવામાં આવ્યો હતો.

આરોપી રવી કંડીયા ધનબાદથી માલ મંગાવતો હતો. અને રિપેકિંગ કરી ટાઈલ્સની આડમાં ત્રિપુરા મોકલતો હતો. જે ગોરખધંધો ગત તા.૨૦મી ફેબ્રુઆરીએ શરૂ કર્યો હતો. અગાઉ ત્રણ વખત ગાડી મગાવી ચુકયો હતો અને ચોથી ગાડી મગાવી ત્યારે પોલીસે ઝડપી લીધો હતો. આરોપી રવી ત્રિપુરાથી માલ મોકલનાર મસુદ આલમના સંપર્કમાં હતો અને તેની સાથે મિલિભગતથી ગોરખધંધો ચલાવતો હોવાનું તપાસમાં ખુલ્યું હતું.■

# વડા પ્રધાનનો ૨૦૨૧નો વિચાર આજે સાકાર થયો: ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૧માં પોતાની મુલાકાત દરમિયાન સાબરમતી ગાંધી આશ્રમના પુનઃ નિર્માણનો વિચાર વ્યક્ત કર્યો હતો અને એ વિચાર આજે સાકાર થઈ રહ્યો છે એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મંગળવારે દાંડીકૂચ દિવસે સાબરમતી આશ્રમ ખાતે 'આશ્રમ ભૂમિ વંદના' પ્રોજેક્ટના શુભારંભ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુએ આ ભૂમિ પરથી ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ દાંડીકૂચ કરી બ્રિટિશ શાસનની ગુલામીમાંથી દેશને મુક્ત કરવા આઝાદીની ચળવળનો પ્રારંભ કર્યો હતો. આજે એ જ ભૂમિ પર આઝાદીના અમૃતકાળમાં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટનો શુભારંભ થઈ રહ્યો છે, એ આપણાં સૌ દેશવાસીઓ અને ગુજરાત માટે ગૌરવની વાત છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમની સ્થાપના કરી ત્યારથી લઈને આ આશ્રમ રચનાત્મક કાર્યો, મૂળભૂત સિદ્ધાંતો, સત્યાગ્રહ અને આધ્યાત્મિક વિચારોના પ્રયોગાત્મકની કેન્દ્ર ભૂમિ રહ્યો છે. આઝાદી પહેલાં અનેક જનઆંદોલનના નિર્ણયો આ પવિત્ર ભૂમિ પરથી લેવાયા છે. એટલું જ નહિ દેશની આઝાદીનું સપનું પણ આ ભૂમિ પરથી જ સાકાર થયું છે.

પુનઃનિર્માણ પ્રોજેક્ટથી સાબરમતી ગાંધી આશ્રમ આધુનિક ભારતનું તીર્થ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટથી નૈતિકતા, સત્વ અને તત્ત્વનું મૂળ જાળવવાની સાથે ધરોહર તેમજ ગાંધી વિચારો અને ગાંધી મુલ્યોને નૂતન સ્વરૂપે વિશ્વમાં વિસ્તરવાનું માધ્યમ બનશે.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવના પર્વે વડા પ્રધાને એક ભારત - શ્રેષ્ઠ ભારત અને ભારતને વિશ્વગુરુ બનાવવાના વિચારને સાકાર કરવા ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ ગાંધીઆશ્રમ ખાતેથી જ દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું, ત્યારે આશ્રમના પુનઃનિર્માણ પ્રોજેક્ટના માધ્યમથી વિકાસ અને વિરાસતના જતનની ગેરંટી પ્રમાણે નવું પરિસર વિરાસતના ગૌરવને વધારશે. ■

# કચ્છમાં અસલી ગરમીનું આગમન

## ભુજમાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: હોળી-ધુળેટી પર્વ અગાઉ જ ફાગણના સુદ પક્ષમાં સમગ્ર રાજ્યની સાથે-સાથે કાળઝાળ ઉનાળાની ગરમીની શરૂઆત થઈ ચુકી છે તે વચ્ચે રણપ્રદેશ કચ્છના ભુજ સહિત રાજ્યના મોટાભાગનાં મથકોમાં મહત્તમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીની આસપાસ પહોંચી ચુક્યો છે અને દિવસનું મહત્તમ તાપમાન અને રાત્રિનું લઘુતમ તાપમાન ઊંચું આવી જતાં જનજીવનન પ્રભાવિત થઇ રહ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી સપ્તાહ દરમ્યાન હિટવેવ ફરી વળવાની હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે તેવામાં કચ્છના મુખ્ય મથક ભુજનું તાપમાન ઉંચકાઇને મહત્તમ ૩૫ ડિગ્રી અને લઘુતમ ૨૦ ડિગ્રીએ પહોંચી જતાં બપોર બાદ રસ્તાઓ પર ઓછી ચહલ-પહલ જોવા મળી રહી છે.

બીજી તરફ, બંદરીય કંડલા ખાતે પણ ગરમીમાં વધારા સાથે મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તેમજ લઘુતમ તાપમાન ૨૩ ડિગ્રીએ સ્થિર થતાં મહાબંદર આસપાસના ગાંધીધામ,અંજાર અને આદિપુરમાં ગરમીની આણ વર્તાઈ હતી. શીત મથક નલિયામાં લઘુતમ ૧૬ ડિગ્રી તથા ૩૧ ડિગ્રી સે.મહત્તમ તાપમાન નોંધાયું હતું.

આકરા ઉનાળાના ટ્રેઇલર સમી ગરમીની સ્થિતિમાં વરિષ્ઠ નાગરિકો, હૃદય રોગ,ડાયાબિટીશ, કેન્સર, હાઈપર ટેન્શન અને હાઇપો તેમજ હાઇપર થાઇરોઇડીઝમના દર્દીઓએ તબિયતની ખાસ સંભાળ રાખવાનું તબીબો જણાવી રહ્યા છે. ■

# ગુજરાતમાં ઉનાળાની શરૂઆતમાં ૧૯૮ જળાશયોમાં ૫૦ ટકા પાણી બચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઉનાળાની શરુઆત પહેલા જ રાજ્યના જળાશયોની સ્થિતિ ચિંતાજનક થઈ છે. રાજ્યના ૧૩૮ જળાશયોમાં અડધાથી ઓછું જળસ્તર ભરેલું છે. ૯૦ ટકાથી વધારે જળસ્તર ધરાવતાં હોય એવાં જળાશયો માત્ર બે જ છે. રાજ્યના ૩૬ જળાશયોનું જળસ્તર ૧૦ ટકા કે તેથી ઓછું છે. સૌથી વધારે સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીના જળસ્કર છે. ૬૮ જળાશયોમાં પાણીનો જથ્થો ૨૦ ટકા કે તેનાથી પણ ઓછો છે.હજુ તો ઉનાળાની શરૂઆત થઇ રહી છે, ત્યાં જ હવે પાણીની અછતની ચિંતા વધવા લાગી છે.

રાજ્યનાં ૧૩૮ જળાશયોમાં અડધાથી ઓછું જળસ્તર ભરેલું છે. ૯૦ ટકાથી વધારે જળસ્તર ધરાવતા હોય એવા જળાશયો માત્ર બે જ છે. રાજકોટના આજી-૨ અને સુરેન્દ્રનગરના વંથલીનો તેમાં સમાવેશ થાય છે. જ્યારે ૮૦ થી ૯૦ ટકા પાણીનો જથ્થો ધરાવતાં જળાશયો રાજ્યમાં આઠ છે. જેમાં મોરબીના મચ્છુ-૩, કચ્છના કાલાઘોડા, જૂનાગઢના હિરણ, મહીસાગરના વણાકબોરી, સાબરકાંઠાનો જવાનપુરા, દાહોદના હડફ અને સુરકના લેખીગામનો સમાવેશ થાય છે.૭૦ થી ૮૦ ટકા જળાશય ભરેલાં હોય એવા પણ આઠ છે. રાજ્યમાં કેટલાંક જળાશય ઉનાળાની શરૂઆત પહેલા જ તળિયા ઝાટક થયાં છે. દેવભૂમિ દ્વારકાના ગઢકી-સાની, પોરબંદરના અડવાણા-અમીપુરનાં જળાશયોની સ્થિતિ ચિંતાજનક છે. જૂનાગઢના પ્રેમપરાનનું જળાશય શૂન્ય જળસ્તર ધરાવે છે. રાજ્યના ૩૬ જળાશયોનું જળસ્તર ૧૦ ટકા કે તેથી ઓછું છે. સૌથી વધારે સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીનાં જળસ્તર છે. ૬૮ જળાશયોમાં પાણીનો જથ્થો ૨૦ ટકા કે તેનાથી પણ ઓછો છે. ■

# રાજ્યમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ લઘુતમ તાપમાનનો પારો ધીરે ધીરે વધી રહ્યો છે, જેના કારણે હવે વહેલી સવારે અને રાતે પણ ઠંડીનો ચમકારો ઓછો અનુભવાય છે. જ્યારે બપોરે તો તાપ અને ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના અમરેલીમાં સૌથી વધુ તાપમાન ૩૬.૮ ડિગ્રી નોંધાયુ હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી પાંચ દિવસ બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધવાની શક્યતા છે. રાજ્યના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારે ફેરફાર નહીં થાય. છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન અમદાવાદમાં ૩૫.૭, ગાંધીનગરમાં ૩૫.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. જ્યારે અમરેલીમાં સૌથી વધુ ૩૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. આ સાથે મહતમ તાપમાનમાં સૌથી ઓછું તાપમાન દ્વારકામાં ૨૭. ૬ ડિગ્રી નોંધાયું હતું.માર્ચના બીજા અને ત્રીજા સપ્તાહમાં એટલે કે, આવનારા દિવસોમાં મોટાભાગે તાપમાન વધતું રહેશે, તાપમાન વધારે ઓછું થવાની શક્યતા નહીવત્ છે. આગામી દિવસોમાં તાપમાન ઊંચું જ જવાની શક્યતા છે. ■

# સાબર ડેરીમાં ભાજપને ઝટકો: કૉંગ્રેસનો ઉમેદવાર જીત્યો

અમદાવાદ: સાબરકાંઠા અને અરવલ્લીની પશુપાલકોની જીવાદોર સમાન સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં અરવલ્લીના બાયડ વિધાનસભાના કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલે ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારને હરાવી સતત ચોથી વાર સાબરડેરીના ડિરેકટર બન્યા હતા. લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે તે પહેલા જ સાબર ડેરીમાં અરવલ્લી જિલ્લાના બાયડ વિધાનસભાના કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જશુ પટેલે ભાજપ પ્રેરિત ઉમેદવારને હરાવીને વિજય મેળવ્યો હતો. ૧૬માંથી ભાજપ પ્રેરિત ૧૫ બેઠકો બિનહરીફ થઇ હતી છતાં એક સભ્યની બેઠકમાં ભાજપ પ્રેરીત ઉમેદવારની હાર થઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાડા ત્રણ લાખ પશુપાલકોની આર્થિક કરોડરજ્જુ સામાન સાબર ડેરીના નિયામક મંડળની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ૧૬ બેઠકોમાં ૧૫ બેઠક બિનહરીફ થવા પામી હતી. જોકે એક માલપુર બેઠક માટે ૯૯ ટકા મતદાન થયું હતું. જેમાં ભારતીય જનતા પાર્ટી પ્રેરિત પેનલના ઉમેદવાર હસમુખ પટેલ અને બાયડ કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જશુ પટેલ સહિત અન્ય એક ઉમેદવાર વચ્ચે જંગ જામ્યો હતો. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૯૧૦ મતદારો પૈકી ૯૦૪ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાંથી ૫૭૪ મત જશુ પટેલને અને હસમુખભાઈ પટેલને ૩૨૭ મત મળ્યા હતા. જો કે ત્રણ મત રદ ગયા હતા. આ ચૂંટણીમાં વિજેતા ઉમેદવાર જશુ પટેલ દ્વારા ભારતીય જનતા પાર્ટી પ્રેરિત પેનલના ડિરેક્ટરો સામે આક્ષેપો કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં પરંતુ પશુપાલકોના હિત માટે જ્યાં જરૂર હશે ત્યાં ઉભા રહેવાની ખાતરી પણ આપી હતી અને આ ડિરેક્ટરો દ્વારા થયેલા કૌભાંડો પણ ઉજાગર કરવા માટેની વાત કરી હતી. ■

# વડોદરા ભાજપના વોર્ડ પ્રમુખની લાશ મહી નદીમાં તરતી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આણંદ જિલ્લાના આંકલાવનાં ઉમેટા નજીક મહીસાગર નદીમાંથી ભાજપનાં વડોદરા શહેર વોર્ડ નં.૧૮ નાં વોર્ડ પ્રમુખનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી મૃતદેહને પીએમ માટે હૉસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આંકલાવના ઉમેટા પાસે મહીસાગર નદીમાં એક યુવકનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી મળતા આંકલાવ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતક યુવાનના આધારકાર્ડનાં આધારે તપાસ કરતા મૃતક યુવક વડોદરા વોર્ડ નં ૧૮નાં પ્રમુખ પાર્થ પટેલની હોવાની ઓળખ થઈ હતી. ઘટનાની જાણ થતાં વડોદરા વોર્ડ નં ૧૮નાં હોદ્દેદારો અને કાર્યકરો આંકલાવ ખાતે દોડી આવ્યા હતા અને પાર્થ પટેલના મૃતદેહની ઓળખ કરી હતી. અને પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે આંકલાવના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડયો હતો. પોલીસે પ્રાથમિક તપાસમાં પાર્થ પટેલે ઘરકંકાસથી કંટાળી આત્મહત્યા કરી હોવાનું તેમજ મૃતક યુવાનનું મોપેડ નદી કિનારેથી મળી આવ્યું હતું અને મૃતદેહ નદીના પાણીમાંથી મળી આવ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# સુરત શહેરમાં રોગચાળો વકર્યો: સાત વર્ષના બાળકનું કોલેરાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં પીપલોદમાં સાત વર્ષના બાળકનું કોલેરાથી મોત થયું છે. સુરતમાં પેટમાં દુખાવો, ઝાડા ઊલટીના કેસ વધ્યા છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં ૧૦માંથી ત્રણ દર્દીઓમાં ઝાડા ઊલટીની ફરિયાદ નોંધાઈ છે. મનપાનાં આરોગ્ય કેન્દ્રો તેમજ સિવિલ હોસ્પિટલ અને ખાનગી ક્લિનિકોમાં દર્દીઓની લાઇનો લાગી રહી છે. શહેરમાં રોગચાળો વકરતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું.

પીપલોદમાં સાત વર્ષના બાળકનું કોલેરાથી મોતનું પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો હતો. સિવિલના મેડિસિન વિભાગમાં સારવાર માટે આવતા ૧૦ દર્દીઓમાંથી બે-ત્રણ દર્દીઓને ઝાડા-ઊલટીની ફરિયાદ થઇ છે.

છેલ્લા એકાદ સપ્તાહથી શહેરની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ તેમજ મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા લાંબી કતારો લાગી હતી. હાલ મિશ્રઋતુ જેવો માહોલ છે. જેમાં સવારે અને રાત્રે ઠંડીનો તો દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. વાતાવરણનાં કારણે રોગચાળામાં વધારો નોંધાયો છે. મનપાનાં ચોપડે શરદી-ઉધરસનાં જ સૌથી વધુ કેસ નોંધાયા છે. આ સિવાય તાવ અને ઝાડા-ઊલટી તેમજ મચ્છરજન્ય રોગોનાં કેસો સહિત વિવિધ રોગના કેસ નોંધાઈ રહ્યા છે. તેમજ ચિકનગુનિયાના કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. તેમજ મનપાનાં આરોગ્ય કેન્દ્રો તેમજ સિવિલ હોસ્પિટલ અને ખાનગી ક્લિનિકોમાં દર્દીઓની લાઇનો લાગી રહી છે. ■

# ગુજરાતના ભાજપના બાકી ૧૧ ઉમેદવારોની યાદીનું કાઉન્ટડાઉન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની બાકી રહેતી લોકસભાની ૧૧ બેઠકો માટે સોમવારે દિલ્હીમાં મોડી રાત સુધી મનોમંથન ચાલ્યું હતું. જેમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મોડી રાત સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ગુજરાતનો પ્રવાસ પૂર્ણ કરીને દિલ્હી પહોંચે તે પહેલા ગમે તે ઘડીએ બાકી રહેતાં નામોની જાહેરાત થઈ શકે છે. રાજકીય સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર, સુરેન્દ્રનગરની બેઠક પર ડો. મહેન્દ્ર મુંજપરાને ફરી ટિકિટ આપવામાં આવે તેવી શક્યતા છે. બાકીની અન્ય બેઠકોમાં ખાસ કરીને સાબરકાંઠા, છોટાઉદેપુરની બેઠક માટે પેચ ફસાયો છે. બીજી બાજુ, ભાવનગરની બેઠક પર ડો. ભારતી શિયાળાનાં નામના બદલે કોનું નામ આવશે તેના પર સૌની નજર છે.

બાકી રહેલી ૧૧ બેઠકોમાંથી પાંચ બેઠકો પર નવાં નામો ઘોષિત થવાની સંભાવના છે. ભાજપે ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોમાંથી ૧૫ ઉપર ઉમેદવારોનાં નામો જાહેર કર્યા છે. જેમાં ૧૦ સાંસદોને ફરીથી ટિકિટ આપવામાં આવી છે. જ્યારે રાજ્યસભાના બે સાંસદો સહિત કુલ પાંચ નવા ચહેરા લોકસભા ચૂંટણી માટે જાહેર કર્યા છે. આ ૧૫ ઉમેદવારોમાંથી માત્ર બે જ મહિલા ઉમેદવારો હોવાથી બીજા તબક્કામાં બાકી રહેલી ૧૧ બેઠકોમાંથી ઓછામાં ઓછા ચારથી પાંચ મતક્ષેત્રોમાં મહિલાઓને ભાજપ તક આપી શકે તેમ છે. જેમાં અમદાવાદ પૂર્વ લોકસભા મતક્ષેત્રનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં ભાજપમાંથી બાકી રહેલા લોકસભાના ૧૧ ઉમેદવારો નક્કી કરવાની પ્રક્રિયા અંતગર્ત મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ અને પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણી તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહે એક પછી એક એમ બે વખત દિલ્હી પહોંચીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠક યોજી હતી. સોમવાર મોડી રાત્રે જ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને સી આર પાટીલ ગુજરાત પરત ફર્યા હતા. ■

# કૉંગ્રેસ પણ ભાજપના માર્ગે: લોકસભામાં નવા ચહેરા આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં ભાજપ દ્વારા વર્ષોથી નો રિપીટની થિયરી હેઠળ સ્થાનિકથી લઇને વિધાનસભા અને લોકસભા સુધીની ચૂંટણીઓમાં જૂના જોગીઓને પડતા મૂકીને નવાં ચહેરાઓને મેદાનમાં ઉતારવામાં આવે છે હવે કૉંગ્રેસ પણ ભાજપના આ માર્ગે ચાલવા જઇ રહી છે. લોકસભાની ચૂંટણીમાં નવા ચહેરાને સ્થાન આપવા માટે કૉંગ્રેસના બે પૂર્વ પ્રદેશ પ્રમુખો અને પૂર્વ સાંસદો ભરતસિંહ સોલંકી અને જગદીશ ઠાકોર સહિતના અડધો ડઝન જેટલા જૂના જોગીઓએ પાર્ટી લાઇન મુજબ લોકસભાની ચૂંટણીમાંથી ખસી જવાની અને નવા ચહેરાઓને આગળ લાવવાની જાહેરાત કરી છે. બીજી બાજુ કૉંગ્રેસના માજી ધારાસભ્ય અને પાટીદાર અગ્રણી લલિત વસોયાને પોરબંદરથી ભાજપના મનસુખ માંડવિયા સામે અને અમરેલી બેઠક પરથી પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી તેમજ પાટણ બેઠક પરથી ભાજપના ભરતસિંહ ડાભી સામે યુવા ચહેરા ચંદનસિંહ ઠાકોર તથા બનાસકાંઠા બેઠક પર ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરી સામે વાવ બેઠકના ધારાસભ્ય ગેનીબહેન ઠાકોરને ચૂંટણી લડાવાનો તખ્તો તૈયાર થઇ રહ્યો હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં ભારત જોડો યાત્રા દરમિયાન કૉંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ પણ જૂના કાટલાંને સ્થાને નવા યુવા ચહેરાઓને લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતારવાની પ્રદેશ નેતાઓ સાથે ચર્ચા કરી હતી. એવુ પણ કહેવાઇ રહ્યું છે કે, દર ચૂંટણીમાં એકના એક ચહેરાઓને કારણે લોકોમાં પણ ખાસ કોઇ ઉત્સાહ જોવા મળતો નથી એટલું જ નહીં કૉંગ્રેસને આવા જૂના જોગીઓની ઉમેદવારીને કારણે કેટલાક અંશે નુકસાન પણ ભોગવવું પડે છે. રાષ્ટ્રીય સ્તરે પણ આ અંગે કૉંગ્રેસની કોર કમિટીમાં ચર્ચા થઇ હતી. નવા ચહેરાંથી જૂના કૉંગ્રેસી નેતાઓના બ્રાન્ડને ભૂંસીને કૉંગ્રેસની પોતાની ઓળખ નવેસરથી ઊભી કરવા માટે હવે જૂના જોગીઓને સ્થાને નવા ચહેરા પર પસંદગીનો કળશ ઢોળવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું કૉંગ્રેસના એક સિનિયર નેતાએ જણાવ્યું હતું.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે બીજી બાજુ ગુજરાતમાં કૉંગ્રેસે હજુ લોકસભાની ચૂંટણીના ઉમેદવારોની જાહેરાત કરી નથી, રાહુલ ગાંધીની ન્યાય યાત્રા દરમિયાન થયેલી મુલાકાત બાદ ગુજરાત કૉંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકી અને જગદીશ ઠાકોરે લોકસભાની ચૂંટણી ન લડવાની ઈચ્છા દર્શાવી છે. ભાજપના સિનિયર નેતાઓની જેમ કૉંગ્રેસના સિનિયર નેતાઓ પણ હવે એક પછી એક પાર્ટી લાઇન મુજબ એક મેદાન છોડીને નવા ચહેરાને પડખે રહેશે.

જમ્મુ કાશ્મીર કૉંગ્રેસના પ્રભારી ભરતસિંહ સોલંકીએ ટ્વિટ કરી ચૂંટણી લડવા માટે અસમર્થતા દર્શાવી છે. તેમણે લખ્યું કે, તે આજીવન પાર્ટીનો કાર્યકર્તા રહીશ. ગુજરાત કૉંગ્રેસના પૂર્વ પ્રમુખ જગદીશ ઠાકોરે લોકસભાની ચૂંટણી ન લડવાની ઇચ્છા વ્યક્ત કરી છે. એક વીડિયો જાહેર કરતાં જગદીશ ઠાકોરે કહ્યુ હતુ કે, હાઇ કમાન્ડે તેમણે ચૂંટણી લડવા માટે આગ્રહ કર્યો હતો. જોકે રાજકારણમાં નવા ચહેરા આવે તેવી રાહુલ ગાંધીની ઇચ્છાને તેઓ માન આપે છે જેને ધ્યાને લઇ ચૂંટણી ન લડવાના નિર્ણયને હાઇ કમાન્ડ સમક્ષ રાખ્યો છે. કૉંગ્રેસ પક્ષે તેમને ઘણું આપ્યું હોવાથી નવા લોકોને ચાન્સ આપવાનો આગ્રહ કર્યો છે.

ઉત્તર ગુજરાતમાં કૉંગ્રેસ સારા ઉમેદવારોને ચાન્સ આપશે. જગદીશ ઠાકોરે ચૂંટણી નહીં લડવા માટે કારણ નાદુરસ્ત તબિયતને પણ આગળ ધરી છે. હું અને મારો પરિવાર હંમેશાં કૉંગ્રેસ સાથે જોડાયેલા રહેશે ચૂંટણી લડતો હતો ત્યારે અને નથી લડવાનો ત્યારે પણ ખુશ છું. કૉંગ્રેસ છોડીને જનારા નેતાઓને પણ જગદીશ ઠાકોરે આડે હાથ લીધા અને કહ્યું હતુ કે, નબળા સમયમાં કૉંગ્રેસ છોડીને ગયા તેમણે કુદરત માફ નહીં કરે. જ્યારે પક્ષ છોડી જનારના દુ:ખના દિવસો શરૂ થાય ત્યારે સમજવાનું કે ગદ્દારીનો જવાબ મળ્યો છે. બીજી બાજુ કૉંગ્રેસ પોરબંદરથી લલિત વસોયા કૉંગ્રેસના ઉમેદવાર બની શકે છે. કૉંગ્રેસ હાઈકમાન્ડ સાથે વસોયાની ટેલિફોનિક વાતચીત થઈ હોવાનું સામે આવ્યુ છે. રાજકીય સૂત્રના જણાવ્યા અનુસાર, લલિત વસોયાને ફોનમાં પોરબંદરથી ચૂંટણી લડવા સૂચના અપાઈ છે. દિલ્હી સીઈઓની બેઠકમાંથી હાઈકમાન્ડનો વસોયા પર ફોન આવ્યો હતો. હાલ લલિત વસોયા રાજકોટ જિલ્લા કૉંગ્રેસના પ્રમુખ છે. જો તેમને પોરબંદરથી ટિકિટ અપાશે તો તેઓ ભાજપના મનસુખ માંડવિયા સામે ચૂંટણી લડશે. ■

પ્રદૂષણ ઘટાડવા એસટી નિગમની પહેલ

# પાલઘરમાં એલએનજી બસો દોડશે

વસઈ: પ્રદૂષણને કાબૂમાં લેવા માટે, સ્ટેટ ટ્રાન્સપોર્ટ બોર્ડે પહેલ કરી છે અને લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) પર તેની બસો ચલાવવાનો નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કામાં પાલઘરમાં ૩૦૦ બસો એલએનજી પર દોડશે. પ્રાયોગિક ધોરણે પાંચ બસ એલએનજીમાં રૂપાંતરિત કરવા માટે મોકલવામાં આવી છે.

પાલઘરમાં, વસઈ, અર્નાલા, નાલાસોપારા, બોઈસર, દહાણુ, સફાલે, જવ્હાર, પાલઘર એમ કોર્પોરેશનના આ આઠ ડેપો છે, જ્યાંથી ગ્રામીણ, શહેરી અને અન્ય લાંબા અને મધ્યમ અંતરની બસો છોડવામાં આવે છે. તમામ ડેપોમાં કુલ ૪૩૫ એસટી બસો છે. ડીઝલ પર ચાલતી આ બસો દરરોજ સામાન્ય રીતે ૨૫ હજાર લિટર (૨૨-૨૩ લાખ) કરતાં વધુ ડીઝલ વાપરે છે. બીજી તરફ, ઘણી કાર જૂની હોવાથી તે મોટા પ્રમાણમાં ધુમાડો બહાર કાઢે છે, જે પ્રદૂષણનું કારણ બને છે. આ પ્રદૂષણ ઘટાડવા બસોને એલએનજીમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડિવિઝનલ કંટ્રોલર રાજેન્દ્ર જગતાપે કહ્યું કે, ડીઝલને બદલે એલએનજી ઇંધણનો ઉપયોગ પ્રદૂષણ ઘટાડવામાં અને ઇંધણના ખર્ચમાં બચત કરવામાં મદદ કરશે. ■

અભિષેક ઘોસાળકર હત્યાકેસ

# આરોપી મોરિસના બોડીગાર્ડ સામેના આક્ષેપો 'વાજબી': કોર્ટ

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા અભિષેક ઘોસાળકરની હત્યા કરવા મોરિસ નોરોન્હાએ જેની પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો એ બોડીગાર્ડ અમરેન્દ્ર મિશ્રા પર લગાવાયેલા આક્ષેપો 'વાજબી લાગે છે,' એવું અવલોકન કોર્ટે કર્યું હતું.

એડિશનલ સેશન્સ જજ રાજેશ સાસનેએ ૫ માર્ચે મિશ્રાના જામીન નકારતી વખતે આવું અવલોકન કર્યું હતું. આર્મ્સ એક્ટ હેઠળ મિશ્રાની ધરપકડ કરવામાં આવી હતી.

કોર્ટે જણાવ્યું હતું કે શું મિશ્રાએ નોરોન્હાને પિસ્તોલ આપી હતી અને ઘોસાળકરની હત્યાનું કાવતરું ઘડ્યું હતું કે કેમ તે અંગે તપાસ કરવાની જરૂર છે.

સ્થાનિક વેપારી અને સામાજિક કાર્યકર મોરિસ નોરોન્હાએ ગયા મહિને બોરીવલીમાં ફેસબૂક લાઇવ સેશન્સ વખતે ઘોસાળકરની હત્યા કરવા મિશ્રાની પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો. નોરોન્હાએ ત્યાર બાદ આત્મહત્યા કરી હતી.

મિશ્રાએ પોતાની જામીન અરજીમાં દાવો કર્યો હતો કે તે નિર્દોષ છે અને તેને આ કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવ્યો છે.

ફરિયાદ પક્ષે આરોપ કર્યો હતો કે નોરોન્હાએ ઘોસાળકરને ગોળી મારવા મિશ્રાની પિસ્તોલ વાપરી હતી અને બંનેએ હત્યાનું કાવતરું ઘડ્યું હતું.

દરમિયાન બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે કહ્યું હતું કે પ્રથમદર્શી એવું લાગી રહ્યું છે કે નોરોન્હાએ ઘોસાળકરની હત્યા કરવા તેના બોડીગાર્ડની પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો.

મિશ્રાએ પિસ્તોલના લાઇસન્સની નકલ રજૂ કરી છે.

મિશ્રાએ દાવો કર્યો હતો કે નોરોન્હાએ આપેલા લોકરમાં તેણે પિસ્તોલ લોકરમાં રાખી હતી. આથી એવું લાગે છે કે જો પિસ્તોલ લોકરમાં રાખવામાં આવી હતી તો તેની ચાવી આરોપી પાસે હોવી જોઇએ, એવું કોર્ટે નોંધ્યું હતું. (પીટીઆઇ) ■

# કલ્યાણમાં વિવાદ બાદ યુવકની હત્યાનો પ્રયાસ: ત્રિપુટી સામે ગુનો

થાણે: ઘરની બહાર દારૂ પીવા સામે વાંધો ઉઠાવનારા ૩૦ વર્ષના યુવક પર ચાકુના ઘા ઝીંકી તેની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની ઘટના કલ્યાણમાં બની હતી. પોલીસે આ પ્રકરણે ત્રિપુટી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. કલ્યાણના ખડકપાડા વિસ્તારમાં રહેનારો યુવક રવિવારે રાતના જમ્યા બાદ આરામ કરી રહ્યો હતો ત્યારે તેને બહાર અવાજ સંભળાયો હતો. યુવક ઘરની બહાર આવ્યો ત્યારે આ વિસ્તારના કેટલાક લોકો તેના ઘરની બહાર દારૂ પીતા નજરે પડ્યા હતા.

યુવકે આ સામે વાંધો ઉઠાવતા શખસોએ તેના પર ચાકુથી હુમલો કર્યો હતો. યુવકની ચીસ સાંભળી તેની માતા બહાર દોડી આવતાં શખસોએ તેની મારપીટ કરી હતી. ઉપરાંત યુવકને બચાવવા માટે આવેલા પડોશીઓને પણ ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી. આરોપીઓ ત્યાર બાદ ફરાર થઇ ગયા હતા.

દરમિયાન હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને યુવકની ફરિયાદને આધારે પોલીસે સોમવારે ત્રણ જણ સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

જરાંગેની ડિવાઈડ એન્ડ રુલની ફોર્મ્યુલા

# શિંદે ફક્ત ફડણવીસનું સાંભળતા હોવાથી હજી આરક્ષણ મળ્યું નથી

મુંબઈ: મરાઠા આરક્ષણની માગણીને લઈને મનોજ જરાંગે પાટીલે બે દિવસ પરભણીમાં આંદોલન અને બેઠકનું આયોજન કર્યું છે. આ દરમિયાન જરાંગે પાટીલે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આવાહન આપ્યું હતું. જરાંગે પાટીલે આંદોલનમાં કહ્યું હતુ કે મારા મર્યા સુધી હું મરાઠાઓને સાથ આપીશ. મુખ્ય પ્રધાન શિંદેનું સન્માન મરાઠાઓ જેટલું કોઈએ જ નહીં કર્યું હશે. મરાઠા સમાજને આરક્ષણ આપવા માટે સરકારે જેટલો સમય માગ્યો તે કરતાં વધારે આપણે આપ્યો તેમ છતાં આરક્ષણ મળ્યું નથી.

સરકાર દ્વારા મરાઠા સમાજ સાથે છેતરપિંડી કરવામાં આવી છે, હવે માત્ર મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જ આરક્ષણ આપી શકે છે. શિંદે ફક્ત ફડણવીસનું સાંભળીને કામ કરી રહ્યા છે. ફડણવીસ શા માટે મરાઠા સમાજ અને શિંદે વચ્ચે બોલે છે, તમે મરાઠા સમાજને શું આપ્યું છે. ૭૫ વર્ષથી મરાઠા સમાજને આરક્ષણ મળ્યું નથી. મરાઠા સમાજે નેતાઓને દરેક ઉત્તમ સુવિધાઓ આપી પણ મરાઠાઓને શું મળ્યું?, એવું જરાંગેએ પાટીલે સવાલ કર્યો હતું. દેવેન્દ્ર ફડણવીસને મારું આવાહન છે કે હિંમત હશે તો આઠ દિવસ મારી સાથે અનશન પર બેસો તો તમને સમજાશે. વજન ઓછું કરવા માટે મારી બાજુમાં બેસીને અનશન કરો. ગૃહ પ્રધાને કહ્યું કે મેં અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો, પણ જ્યારે સરકાર દ્વારા આંદોલન દરમિયાન ગોળીબાર કરવામાં આવ્યો એ શું હતું. હું મરાઠા સમાજને આરક્ષણ મળ્યા સુધી શાંત રહીશ નહીં. આંદોલન દરમિયાન પોલીસના લાઠીચાર્જમાં અનેક મહિલાઓને પણ માર મારવામાં આવ્યો હતો, જે એસીપીએ આવું કરવાનો આદેશ આપ્યો હતો તેને પુણેમાં પ્રમોશન આપવામાં આવ્યું, એવું કહી જરાંગે પાટીલે ફડણવીસની ટીકા કરી હતી. ■

# થાણેમાં ટ્રકે મોટરસાઇકલને અડફેટમાં લેતાં સગીરનું મોત

થાણે: થાણેમાં પુરપાટ વેગે આવી રહેલી ટ્રકે મોટરસાઇકલને અડફેટમાં લેતાં ૧૬ વર્ષના સગીરનું મૃત્યુ થયું હતું, જ્યારે મોટરસાઇકલ ચલાવી રહેલા યુવકને ઇજા પહોંચી હતી. થાણેના ઘોડબંદર રોડ પર આનંદનગર સિગ્નલ પાસે મંગળવારે સવારે આ અકસ્માત થયો હતો અને અકસ્માત બાદ ટ્રકચાલક ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માતમાં મૃત્યુ પામેલા સગીરની ઓળખ યશ સુનીલ ગાયકવાડ (૧૬) તરીકે થઇ હોઇ તે નાશિકનો રહેવાસી હતો. યશ ગાયકવાડ મંગળવારે સવારે પ્રમોદ સેજવડ સાથે મોટરસાઇકલ પર થાણેથી નાશિક જવા નીકળ્યો હતો ત્યારે ઘોડબંદર રોડ પર સિગ્નલ નજીક પાછળથી આવી રહેલી ટ્રકના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને ટ્રકે મોટરસાઇકલને ટક્કર મારી હતી.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યશ ગાયકવાડનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે પ્રમોદ સેજવડ ઘવાયો હતો. દરમિયાન અકસ્માતની જાણ થતાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની ટીમ, પોલીસ અને અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

અકસ્માતમાં મૃત્યુ પામેલા યશ ગાયકવાડના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી અપાયો હતો. અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ફરાર થયેલા ટ્રકચાલક વિરુદ્ધ કાસારવડવલી પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી. અકસ્માતને કારણે થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિકને અસર થઇ હતી.■

# મિલકત વિવાદને લઇ વૃદ્ધ પિતાની હત્યા કરીને મૃતદેહ જંગલમાં ફેંક્યો: પુત્ર સહિત બે પકડાયા

પાલઘર: પાલઘરમાં મિલકત વિવાદને લઇ વૃદ્ધ પિતાની હત્યા કર્યા બાદ મૃતદેહને જંગલમાં ફેંકનારા પુત્ર સહિત બે જણની કાસા પોલીસે ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ રામદાસ કૃષ્ણા ડોંગરકર અને તેના પિતરાઇ વિલાસ ચિંતુ ડોંગરકર તરીકે થઇ હોઇ તેમણે ગુનો આચરવા વાપરેલું દાતરડું પોલીસે જપ્ત કર્યું હતું.

પાલઘર જિલ્લાના સોમટા ઘાટાળપાડા વિસ્તારમાં રહેતા કૃષ્ણા ડોંગરકરનો હત્યા કરાયેલો મૃતદેહ ૯ માર્ચે જંગલમાંથી મળી આવ્યો હતો. તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેની હત્યા કરવામાં આવી હતી. કાસા પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીને પકડવા વિશેષ ટીમ તૈયાર કરી હતી. દરમિયાન પોલીસ મૃતકના પુત્ર રામદાસ ડોંગરકરની પૂછપરછ કરી રહી હતી ત્યારે તે સતત પીવા માટે પાણી માગી રહ્યો હતો અને તેને પરસેવો પણ થઇ રહ્યો હતો. રામદાસનું નિવેદન પણ વિરોધાભાસી જણાઇ આવ્યું હતું. પોલીસે બાદમાં રામદાસના ઘરની તલાશી લેતાં રૂમમાં ઠેકઠેકાણે લોહીના ડાઘ મળી આવ્યા હતા. પોલીસે ત્યાર બાદ રામદાસની આકરી પૂછપરછ કરતાં તેણે ગુનો કબૂલ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ મૃતક કૃષ્ણાનો તેના ભાઇ જયરામ અને પુત્ર રામદાસ સાથે મિલકતને લઇ વિવાદ ચાલી રહ્યો હતો. કૃષ્ણા ગામમાં કહેતો ફરતો હતો કે તે મિલકત કોઇને નહીં આપશે.■

# નવી મુંબઈમાં ગેરકાયદે વસવાટ કરતા આઠ બંગલાદેશી પકડાયા

થાણે: નવી મુંબઈમાં ગેરકાયદે વસવાટ કરતા આઠ બંગલાદેશીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.નવી મુંબઈ પોલીસના એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ સેલે મળેલી માહિતીને આધારે બેલાપુરના શાહબાઝ ગામમાં આવેલા હાઉસિંગ કોમ્પ્લેક્સના ફ્લેટમાં સોમવારે સવારે છાપો માર્યો હતો.પોલીસને ફ્લેટમાંથી પાંચ મહિલા સહિત આઠ બંગલાદેશી મળી આવ્યાં હતાં, જેઓ છેલ્લાં ચાર વર્ષથી અહીં ગેરકાયદે વસવાટ કરતા હતા અને તેમની પાસેથી કોઇ યોગ્ય દસ્તાવેજો મળી આવ્યા નહોતા, એમ એનઆરઆઇ સાગરી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

## સંસ્થા સમાચાર

### ગ્લોબલ ચક્ર સંસ્થા આયોજિત મીડિયા ચેમ્પિયનશિપ ૨૦૨૪નું સફળ આયોજન



મીડિયા ક્રિકેટ ચેમ્પિયનશિપ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. શિવસેનાના નેતા સુભોધ આચાર્ય, આરટીઆઇ એક્ટિવિસ્ટ અનિલ ગલગલી અને ટીવીજેએના અધ્યક્ષ વિનોદ જગદાળેના હસ્તે આ ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને એનસીપીના નેતા સના મલિકે સ્પર્ધાનું ઈનામ વિતરણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. જેમાં પત્રકાર કમલેશ સૂતાર, શિવસેનાના વિભાગ પ્રમુખ પ્રમોદ શિંદે, વિધાનસભ્ય પ્રકાશ ફાતર્પેકર વરિષ્ઠ રાજનેતા અને બિઝનેસમેન મંજિત સિંહ અબ્રોલ, પૂર્વ નગરસેવિકા નિધિ શિંદે, આમ આદમી પાર્ટીના મુંબઈ કોર કમિટીના સભ્ય અતનુ મુખર્જી, ચેમ્બુર કોંગ્રેસના નેતા રાજેન્દ્ર નગરાળે, આરપીઆઇ ચેમ્બુર અધ્યક્ષ રવિ ગાયકવાડ, આત્મસન્માન મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ નિત્યાનંદ શર્મા, પૂર્વ રાષ્ટ્રીય ખેલાડી સંજય નાઇક, ગાયક કલાકાર રોહિત નાઇક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ■




ROC-9799

# મફત ઈલાજ–મફત દવાઓ
# બહેતર થઈ સ્વાસ્થ્ય સુવિધાઓ




| ૬૫ | ૨૨ |
|---|---|
| મેડિકલ કોલેજ સંચાલીત | મેડિકલ કોલેજ નિર્માણાધીન |

- ગોરખપુર અને રાયબરેલીમાં એમ્સનું સંચાલન
- એક જનપદ-એક મેડિકલ કૉલેજ તરફ અગ્રેસર
- વડા પ્રધાન જન આરોગ્ય યોજના (આયુષ્યમાન ભારત) તથા મુખ્ય પ્રધાન જન આરોગ્ય યોજનામાં ૯ કરોડ લાભાર્થીઓને પ્રતિ પરિવાર રૂા. ૫ લાખનું ચિકિત્સા વીમા કવચ
- બધા ૭૫ જનપદોમાં નિઃશુલ્ક ડાયલિસિસની સુવિધા
- સરકારી ચિકિત્સા સંસ્થાઓમાં એમબીબીએસની બેઠકો ૧,૮૪૦થી વધીને ૩૮૨૮ તથા ખાનગી સંસ્થાઓમાં તેની સંખ્યા ૨,૫૫૦થી વધીને ૫,૨૫૦ થઇ. કુલ ૯,૦૭૮ બેઠકો ઉપલબ્ધ.
- સરકારી ચિકિત્સા સંસ્થાઓમાં પીજીની બેઠકો ૭૪૧થી વધીને ૧,૫૪૩ તેમ જ ખાનગી સંસ્થાનોમાં આ સંખ્યા ૪૮૦થી વધીને ૧,૭૭૫ થઇ. કુલ ૩,૩૧૮ બેઠકો ઉપલબ્ધ.
- ૨૧,૮૮૯ આયુષ્માન આરોગ્ય મંદિર સંચાલિત.
- લખનઊમાં અટલ બિહારી વાજપેયી ચિકિત્સા વિશ્વવિદ્યાલય અને ગોરખપુરમાં મહાયોગી ગુરુ ગોરખનાથ આયુષ વિશ્વવિદ્યાલય શરૂ.
- બધા જ સીએચસી અને પીએચસીમાં હેલ્થ એટીએમ ઊભા કરવામાં આવી રહ્યા છે
- મુખ્ય પ્રધાન આરોગ્ય સ્વાસ્થ્ય મેળામાં ૧૨.૪૮ કરોડથી વધુ દરદીઓનો ઉપચાર








## સ્વાસ્થ્ય સેવાઓનો વિસ્તાર
## ડબલ એન્જિનની સરકાર

સૂચના અને જનસંપર્ક વિભાગ, ઉત્તર પ્રદેશ

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| MOCK | પદ્ધતિ |
| MODE | લીલ |
| MONK | મૂંગું |
| MOSS | ચાળા પાડવા |
| MUTE | સાધુ |

## ઓળખાણ રાખો



આરસપહાણ અને બલુઆ પથ્થરમાંથી બનેલો ભારતનો સૌથી વિશાળ જળ મહેલ ‘નીરમહલ’ કયા રાજ્યમાં છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) આસામ બ) ત્રિપુરા ક) મેઘાલય ડ) મિઝોરમ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગો | ળ | ૨ ધા | ણા | | ૩ તે | ૪ લ | મા | લિ | ૫ શ |
| લ | | ર | | ૬ અ | લ | ગ | | | રા |
| ૭ મા | ૮ ગ | ણ | | મે | | ૯ ભ | ૧૦ ર | મા | ર |
| ૧૧ લ | ત | | ૧૨ પા | | ૧૩ અ | ગ | ન | | ત |
| | ૧૪ ક | પા | લ | ૧૫ ભા | તિ | | ૧૬ ર | ૧૭ સ | |
| ૧૮ તે | ડું | | ૧૯ ન | રે | શ | | | ૨૦ હ | ત્યા |
| જ | | ૨૨ બા | પુ | | ૨૩ ય | ૨૪ જ | મા | ન | |
| ૨૫ વ | હે | વા | ર | | | મા | | ૨૬ શી | લ |
| લ | | જી | | ૨૭ મ | ૨૮ હા | ન | વ | લ | |
| ૨૯ ય | ત્ન | | ૩૦ ન | જા | ક | ત | | ૩૧ તા | વ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | | ૫ |
| | | | | ૬ | | | | | |
| ૭ | ૮ | | | ૯ | | | ૧૦ | | |
| ૧૧ | | | ૧૨ | | | ૧૩ | | | |
| ૧૪ | | ૧૫ | | ૧૬ | ૧૭ | | ૧૮ | ૧૯ | |
| | ૨૦ | | | | ૨૧ | ૨૨ | | | ૨૩ |
| ૨૩અ | | | | ૨૪ | | | | | |
| ૨૫ | ૨૬ | | ૨૭ | | ૨૮ | | | ૨૯ | |
| ૩૦ | | ૩૧ | | | | | ૩૨ | | |
| ૩૩ | | | | ૩૪ | | | ૩૫ | | |

આડી ચાવી

૧. વહેંચણી, અર્પણ (૪)
૩. મનને આનંદ આપનાર (૫)
૭. ભળી જવું (૩)
૯. દિવ્યશક્તિ, માતા (૨)
૧૦. યુનિફોર્મ, ગણવેશ (૩)
૧૧. માથું, ટોચ, (જો.છું.) (૨)
૧૨. ઢગલો, ગણિતનો આંકડો (૨)
૧૩. આમળો, આંટો, વગ (૨)
૧૪. લગ્નબાહ્ય સંબંધ (૩)
૧૬. બરફનો વરસાદ (૨)
૧૮. નાના પાયાનું વસવાટનું સ્થળ (૨)
૨૦. બધું, સઘળું (૩)
૨૧. જીર્ણશીર્ણ, પડું પડું થઈ રહેલું (૫)
૨૫. કાબૂમાં, તાબામાં (૨)
૨૭. ધાર્મિક પ્રસંગે જાગવું તે (૪)
૨૯. હાથ (૨)
૩૦. સાર કાઢવો તે (૪)
૩૩. એક રાગ (૩)
૩૪. નમેલું (૨)
૩૫. પરાજિત (૩)

ઊભી ચાવી

૧. જેનો વિકાસ થઈ રહ્યો છે તે (૫)
૨. કમાવું (૩)
૪. અલગ (૨)
૫. પાસે (૪)
૬. સ્થાનિક (૪)
૮. દ્વારા, વાયા (૪)
૧૦. ભૂતપ્રેત (૪)
૧૫. નવી તે વહુના હાથમાં ---- (૩)
૧૭. ભસ્મ, શેલી (૨)
૧૯. મધમાખી બનાવે ---- (૨)
૨૨. એક ગુજરાતી ફરસાણ (૩)
૨૩. જોરાવર, જબરું (૫)
૨૩-અ. ધંધો, વેપાર (૪)
૨૪. સંજોગ (૨)
૨૬. લાજ (૩)
૨૭. ---- જોઈને તમે અળગા ચાલ્યા (૨)
૨૮. ખેલ, ક્રીડા (૩)
૩૧. જંગલ (૨)
૩૨. રાબ, પેય પદાર્થ (૨)

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

‘તને જોઈ નહોતી ત્યાં હતી પાગલ પિપાસા’ પંક્તિમાં પિપાસા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) પરસેવો બ) પુણ્ય ક) પ્યાસ ડ) પરેશાની

## માતૃભાષાની મહેક

શેણી - વિજાણંદની કથાનો એક દુહો છે: વરસ વળ્યાં વાદળ વળ્યાં, ધરતી લીલાણી, એક વિજાણંદને કારણે, શેણી સુકાણી. કથાના આ દુહામાં આનંદની વાત સાથે વિરહની વાત પણ કેવી પ્રભાવી રીતે વણાઈ ગઈ છે. દુકાળ પૂરો થયો, મેઘ વરસ્યા અને ધરતી લીલીછમ બની પણ વિજાણંદના વિયોગને કારણે શેણી તો દુઃખથી સુકાઈ ગઈ છે. એક જ પંક્તિમાં છેડાના બે ભાવ કેવા આબાદ રીતે પ્રગટ થયા છે.

## ગુજરાત મોરી મોરી રે

લોકો તો ટીકા કરવાના. બધાને ટીકા કરતા ન અટકાવી શકાય એ ભાવાર્થની કહેવતના શબ્દો આડા અવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

મોઢે શકાય ગળણું દઈ ન ગામના

## ઈર્શાદ

અનુભવની મજા કોઈને કહેવામાં નથી હોતી,
અસલ વસ્તુની ખૂબી એની છાયામાં નથી હોતી.
-- ‘નઝીર’ ભારતી

## સુડોકુ-૫૦૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | | ૫ | | | | | |
| ૫ | | | | ૨ | | ૪ | | ૮ |
| | ૮ | | ૭ | ૩ | ૯ | | ૬ | |
| ૭ | ૨ | | | | | ૯ | ૮ | |
| ૮ | | | | | | | | ૨ |
| | ૯ | ૩ | | | | | ૫ | ૬ |
| | ૪ | | ૨ | ૯ | ૬ | | ૧ | |
| ૯ | | ૭ | | ૧ | | | | ૪ |
| | | | | | ૫ | | ૯ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૭ | ૯ | ૫ |
| ૭ | ૫ | ૩ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૪ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૯ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૮ | ૩ | ૪ | ૨ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૪ | ૭ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૬ | ૨ |
| ૬ | ૯ | ૮ | ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ |

## માઈન્ડ ગેમ

વિખ્યાત સર્જક જ્યોર્જ બર્નાર્ડ શોની કઈ કૃતિ પરથી ગુજરાતીમાં ‘સંતુ રંગીલી’ નાટક અને ફિલ્મ બન્યા હતા એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) Man and Superman બ) Saint Joan
ક) Major Barbara ડ) Pygmalion

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| CRUSADE | વિગ્રહ |
| INVASION | ચડાઈ |
| COMBAT | ઝપાઝપી |
| STRUGGLE | જહેમત |
| CONTENTION | વિવાદનો મુદ્દો |

ગુજરાત મોરી મોરી રે
ગત અવસર આવે નહીં ગયા ન આવે પ્રાણ

ઓળખાણ પડી?
ભાવનગર

માઈન્ડ ગેમ
અશ્વિની ભટ્ટ

ચતુર આપો જવાબ
ઉખાણું ઉકેલો
સાપ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) નીતા દેસાઈ (૬) શ્રદ્ધા આશર (૭) ડૉ. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) નિખિલ બંગાળી (૧૦) અમીશી બંગાળી (૧૧) ધીરેન્દ્ર ઉદેશી (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) પ્રતિમા પમાણી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) પ્રવીણ વોરા (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) અબદુલ્લા એફ. મુનીમ (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) વિજય આસર (૨૬) મહેશ દોશી (૨૭) રજનીકાંત પટવા (૨૮) ભાવના કર્વે (૨૯) સુરેખા દેસાઈ (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) વિણા સંપટ (૩૫) નિતીન બજરિયા (૩૬) પુષ્પા ખોના (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) દિલીપ પરીખ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) અરવિંદ કામદાર (૪૫) જગદીશ ઠક્કર (૪૬) અંજુ ટોલિયા (૪૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૯) અલકા વાણી (૫૦) સુનીતા પટબવયા

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# શણગારો તો બાવળ પણ શોભે!

**‘‘સોન જિત ઘડ઼ાજે, ઉતે અગે’’** આ ચોવકમાં ઉપયોગમાં લેવામાં આવેલા શબ્દોના અર્થ મુજબ સંકલિત અર્થ એવો થાય છે કે, ‘‘સોનું જ્યાં ઘડાય ત્યાં તેનું મહત્ત્વ રહે’’! પ્રથમ શબ્દ ‘સોન’ એટલે સોનું, ‘જિત’નો અર્થ થાય છે જ્યાં અને ‘ઘડાજે’ એટલે ઘડાય. ‘ઉતે’નો અર્થ થાય છે ત્યાં અને ‘અગે’નો મૂળ અર્થ તો ‘આગળ’ એવો થાય છે, પરંતુ અહીં ‘અગે’નો પ્રયોગ છે, જે મહત્ત્વ કે માન-સન્માનના અર્થમાં લઇ શકાય! ચોવકનો ભાવાર્થ તો વળી જુદો જ છે! **‘‘સોન જિત ઘડાજે’’** એટલે આપણા શરીરનું પિંડ જ્યાં બંધાય, જ્યાં આપણો જન્મ થાય એ ધરતી પર આપણા જીવનને પોષણ મળે, માન મળે, સન્માન મળે! અગ્રેસર તરીકે ગણના થાય! છેને ? શબ્દાર્થની અજાયબી?

સોનાની જ વાત શરૂ કરી છે તો, તેના પ્રયોગવાળી બીજી એક ચોવક પણ જાણીએ! ચોવક છેઃ- **‘‘સોનજી થારી મેં લો જી લી’’**પહેલા શબ્દ સમૂહ ‘‘સોનજી થારી મેં’’ તો અર્થ થાય છે, સોનાની થાળીમાં ‘‘લો’’ એટલે લોખંડ અને ‘લી’નો અર્થ થાય છે, ‘રેખા’ કે લીટી કે મેખ! હવે યાદ કરો એક ગુજરાતી કહેવત! ‘‘સોનાની થાળીમાં લોઢાંની મેખ!’ એક વસ્તુ આખી ખૂબ જ સુંદર હોય પણ તેમાં કંઇક એવું હોય જે તેની સુંદરતામાં ડાઘ સમાન હોય! ભલે આપણે ‘‘સોનાની થાળી’’નું ઉદાહરણ જોઇએ છીએ, પણ ભાવાર્થનું ઊંડાણ સમજવાની જરૂર છે. ચોવક, માણસનાં વ્યક્તિત્વના ઓપની, તેની પ્રતિષ્ઠાની કે સમાજમાંના સન્માનનીય સ્થાનની વાત કરીને કહે છે કે, આ બધા ગુણોને લુણો લગાડે તેવા અવગુણોની! જેના કારણે વ્યક્તિત્વ ઝંખવાતું હોય છે.

એક સુંદર મજાની ચોવક છે : **‘સુડ઼બ સૂંણાં નેં પાલર ભિનાં’** અહીં પણ બે શબ્દના સમૂહનો એક અર્થ છે. ‘‘સુડ઼બ સૂંણાં’’ એટલે ચઢેલાં ડાચાં વાળો-વાળી! એ જ રીતે ‘‘પાબર ભિનાં’’ એટલે વરસાદનાં તાજાં પાણીમાં પલળેલો કેલી! આટલી કવાયત પછી પણ અર્થ તો એટલો જ નીકળે છે કે, કોઇનો દેખાવ બરાબર ન હોવો!

ઘણાને સામે ચાલીને આફત વહોરી લેવાની આદત હોય છે. એવા લોકો માટે કચ્છીમાં એક ચોવક પ્રચલિત છેઃ **‘‘સુતલ કે છીર ડીંણું’’** ‘સુતલ’ શબ્દનો અર્થ છે, સુતેલા અને ‘છીર’ એટલે છીર. ‘ડીંણું’ એટલે આપવું કે દેવું. વળી એક ગુજરાતીમાં પ્રયોજાતી કહેવત આ ચોવકનો મૂળ અર્થ સમજવા જોઇએ : ‘સૂતા સૂર જગાવવાં’ કે ‘સિંહની બોડમાં હાથ’ નાખવો!

**‘સિભાજે ઇતરો વીતરીજે’** ‘સિભાજે’ એટલે સહન થાય તેટલું પણ અહીં ‘પહોંચી વળવા’ના અર્થમાં તેનો ઉપયોગ થયો છે. ‘ઇતરો’ એટલે ‘એટલું જ’ ‘વીતરીજ’નો અર્થ થાય છે. વેતરવું! કોઇ પણ આયોજન આપણે પહોંચી વળીએ કે પછી આપણી ક્ષમતા પ્રમાણે જ કરવું જોઇએ.

ઘણા લોકો, એટલે ક પુરુષો કે સ્ત્રીઓ જરા પણ શોભતાં ન હોય. પણ પાર્લર કે બ્યુટી પાર્લરમાંથી નીકળે અને પછી જરા ચિવટથી શણગાર કરે તો કંઇક અંશે શોભે! આવા અર્થમાં એક ચોવક છે, જેમાં હકીકત પણ છે અને કોઇની મજાક-મશ્કરી કરવાની કળા પણ છે. ચોવક છેઃ ‘સિણગાર્યો બાવર પ શોભે’ અર્થ થાય છે, બાવળને શણગારી એ તો એ પણ શોભી ઉઠે! ‘સિણગાર્યો’ એટલે શણગારેલો. ‘બાવર’ એટલે બાવળ ‘પ’નો અર્થ છે પણ અને શોભે એટલે..... શોભે જ તો વળી! ■

## કવર સ્ટોરી

(અગિયારમા પાનાનું ચાલુ)

જ્યારે ૨૦૨૨માં, મિડ-કેપ ફંડ્સમાં રૂ. ૨૦,૫૫૦ કરોડ અને સ્મોલ-કેપ ફંડ્સમાં રૂ. ૧૯,૭૯૫ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યો હતો.

મ્યુચ્યુઅલ ફંડ્સના સંગઠને જાહેર કરેલા ડેટા અનુસાર જાન્યુઆરીમાં નોંધાયેલા રૂ. ૩,૭૭૭ કરોડના આંતરપ્રવાહની સામે ગયા મહિને સ્મોલ-કેપ સ્કીમ્સમાંથી રિડેમ્પશન પાંચ ટકા વધીને રૂ. ૩,૯૭૫ કરોડના સ્તરે પહોંચ્યું હતું. એ જ સાથે, મિડકેપ સ્કીમ્સમાં પણ રોકાણપ્રવાહ ૧૨ ટકા ઘટીને રૂ. ૧,૮૦૮ કરોડ (રૂ. ૨,૦૬૧ કરોડ) થયો હતો. ન્યુ ફંડ ઑફર્સના ધસારાને પગલે એકંદરે ઇક્વિટી પ્રવાહ વધીને રૂ. ૨૬,૮૬૬ કરોડ (રૂ. ૨૧,૭૮૧ કરોડ) થયો હતો. ન્યુ ફંડ ઑફર્સ અંતર્ગત રૂ. ૧૧,૭૨૦ કરોડ (રૂ. ૬,૮૧૭ કરોડ) એકત્રિત થયા હતા.

અલબત્ત આપણે જાણીએ છે કે નિયમનકાર અને ઉદ્યોગનો હેતુ સ્મોલ-કેપ ફંડ્સમાં નાણાપ્રવાહને રોકવાનો નથી, પરંતુ પારદર્શિતા વધારવાનો છે, જેથી રોકાણકારો આ ફંડ્સમાં રોકાણ કરતી વખતે સભાનતાપૂર્વક નિર્ણયો લઈ શકે. જોકે બજારે સેબીના આદેશનું એવું અર્થઘટન કર્યું છે કે બજાર નિયામક રોકાણ પ્રવાહ ભલે રોકવા નથી માગતું પરંતુ અવરોધવા તો જરૂર માગે છે.

એ જ સાથે એ પણ સમજવું આવશ્યક છે કે આ નિર્ણય બજાર કે રોકાણકારોની વિરૂદ્ધ નથી પરંતુ સમયસરનો અને સાચો નિર્ણય છે. નાના શેરોના મૂલ્યાંકન ચિંતાજનક સ્તરે વધી ગયા છે. મિડ અને સ્મોલકેપ ફંડ્સની આસપાસ લેવામાં આવેલા તાજેતરના પગલાં એ ચાલુ પ્રક્રિયા છે અને જોખમ વ્યવસ્થાપન માળખાનો એક ભાગ છે, જે પ્રવાહિતા, અસ્થિરતા અને પારદર્શિતાને ધ્યાનમાં લે છે. અંતિમ ઉદ્દેશ રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનો છે.

સેબીના ઉપરોક્ત નિર્ણયની જાહેરાત બાદ થયેલા ફેરફારમાં એક રસપ્રદ તારણ એ જોવા મળ્યું કે લાર્જ અને મિડ-કેપ સ્કીમ્સમાં રોકાણ વધીને રૂ. ૩,૧૫૭ કરોડ (રૂ. ૨,૩૩૦ કરોડ) થયું હતું.

સાથે એ પણ નોંધવું રહ્યું કે, ડેટ ફંડ્સમાં રોકાણ ઘટીને રૂ. ૬૩,૮૦૯ કરોડ (રૂ. ૭૬,૪૬૯ કરોડ) થયું હતું. મ્યુચ્યુઅલ ફંડની કુલ એયુએમ જાન્યુઆરીમાં રૂ. ૫૨.૭૪ લાખ કરોડની સરખામણીએ ગયા મહિને ત્રણ ટકા વધીને રૂ.૫૪.૫૪ લાખ કરોડ હતી.

જોકે એક વર્ગ એવું પણ કહે છે કે, સ્મોલકેપ, મિડ કેપ ફંડ્સમાં રિડેમ્પશનના કોઈ ભયજનક સંકેત નથી. માર્કેટ રેગ્યુલેટર સેબીની સ્મોલકેપ અને મિડકેપ ફંડ્સમાં વધારાના પ્રવાહની ચિંતા વચ્ચે, કેટલાક ઉદ્યોગ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે તેમને હાલના તબક્કે રિડેમ્પશનના કોઈ ભયજનક સંકેતો દેખાતા નથી. ચિંતા હોવા છતાં, રોકાણકારો ઉચ્ચ વળતરની તેમની સંભાવનાને કારણે આ ફંડ્સને અનુસરવાનું ચાલુ રાખવાની ધારણા છે. સામાન્ય રીતે, ઊંચા આર્થિક વિકાસદર અને નીચા વ્યાજ દરના વાતાવરણમાં, મિડકેપ્સ અને સ્મોલકેપ્સ મ્યુચ્યુઅલ ફંડ્સમાં આંતરપ્રવાહ ઊંચો રહે છે અને તે સારી કામગીરી પણ કરે છે.

૨૦૨૪ એ ચૂંટણીનું વર્ષ છે અને બજારો લાર્જકેપ પર દાવ લગાવી રહ્યા છે, માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, ટૂંકા ગાળામાં સ્મોલ અને મિડકેપ સેગમેન્ટમાં કોન્સોલિડેશન થશે પરંતુ રોકાણકારો રિડમ્પશન માટે દોડી જાય એવી સંભાવના ઓછી છે.

એ નોંધવું રહ્યું કે, કેલેન્ડર વર્ષ ૨૦૨૨ સુધીના પાછલા પાંચ વર્ષોમાં મિડકેપ અને સ્મોલકેપે ૪૨ ટકા અને ૭૧ ટકાનું વળતર આપ્યું છે. ટૂંકમાં રોકાણકારોએ ઊંચા વળતરનો સ્વાદ ચાખ્યો છે, એટલે તેઓ ઊંચા વળતરની તેમની સંભવિતતા માટે આ ભંડોળનો કેડો પકડી રાખશે અને જ્યાં સુધી સ્ટોકના ભાવમાં નોંધપાત્ર ઘટાડો ન થાય ત્યાં સુધી તેનો સાથ છોડશે નહીં. અલબત્ત, જે રોકાણકારોએ સ્મોલકેપ અને મિડકેપ ફંડ્સમાં સંપૂર્ણ રીતે રોકાણ કર્યું છે, તેમણે તેમની ઇક્વિટી ફાળવણીને લાર્જકેપ ફંડ્સમાં સ્થાનાંતરિત કરવાનું શરૂ કરવું જોઈએ અને ઈક્વિટીમાં રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઈએ

વધુમાં, સ્મોલ અને મિડ-કેપ ફંડ્સમાં રોકાણ કરવા માગતા રોકાણકારોએ વાસ્તવિક વળતરની અપેક્ષાઓ સાથે આવવું જોઈએ. તાજેતરના પાછલા વળતરની ગતિ ચાલુ રહેવાની અપેક્ષા ના રાખવી જોઈએ, તેમ જ વચગાળાની અસ્થિરતાનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ. આદર્શ રીતે, રોકાણકારોએ દર વર્ષે એકવાર પોર્ટફોલિયો સમીક્ષા કરવી જોઈએ. ■

## ગુજરાત ડાયરી

(અગિયારમા પાનાનું ચાલુ)

### ઉમેદવારોની પસંદગીમાં ભા.જ.પે ડહાપણ દાખવ્યું છે

લોકસભાની આગામી ચૂંટણી માટે ગુજરાત ભા.જ.પ.દ્વારા પસંદ કરવામાં આવેલા ૧૫ ઉમેદવારોની યાદી જોઈને રાજકીય વિશ્લેષકો એવા તારણ પર આવ્યા છે કે ગુજરાતમાં ત્રીજીવાર ૨૬ બેઠકો મેળવી લેવાની સિંહગર્જના કરતો ભા.જ.પ.ખૂબ ગણતરીપૂર્વક ચાલે છે અને કોઈ જોખમ લેવા નથી માંગતો.આ તારણ સાચું પણ જણાય છે.કારણ કે ભરૂચના વર્તમાન સાંસદ મનસુખ વસાવાને સાતમી વાર ભરૂચમાંથી ટિકિટ આપવી પડી એ વસાવાની તાકાત કરતાં પક્ષની લાચારી વધુ છે એમ લાગે છે.મનસુખ વસાવા આખાબોલા છે,પક્ષની શિસ્તની જરાય પરવા કરતાં નથી.બેફામ બોલે છે ને વર્તે છે.આમ છતાં તેઓને પુનઃ ટિકિટ આપી છે એ સૂચવે છે કે ભા.જ.પ.માત્ર પક્ષની અપરિમિત લોકપ્રિયતા પર આધાર રાખવાને બદલે નક્કર વાસ્તવિકતા સાથે સાથે ચૂંટણી લડવા માગે છે.મનસુખ વસાવાને યથાવત રાખવામાં આવ્યા એ એવું પણ સૂચવે છે કે કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સંયુક્ત ઉમેદવાર તરીકે ભરૂચ લોકસભાની બેઠક પરથી ચૂંટણી લડનાર ચૈતર વસાવાની આદિવાસી વિસ્તારો પરની મજબૂત પક્કડનો સાચો અંદાજ પણ ભા.જ.પ.ને સંભવતઃ આવી ગયો છે.

### ગુજરાત રાજ્યના મંત્રીઓની અને તેમના સ્ટાફની કઠણાઈ અને કમનસીબી.

જરાય સાચું માનવાનું મન ન થાય એવી એક વાત ગુજરાતનાં સચિવાલયમાં એવી વહેતી થઈ છે કે ગુજરાતનાં ૨-૩ મંત્રીઓ એવા છે કે જેમનાથી તેમને ફાળવાયેલો સચિવાલય અને અન્ય સરકારી કેડરનો સ્ટાફ સંપૂર્ણ કંટાળી ગયો છે.તેનું કારણ એ છે કે સરકારી અધિકારી/કર્મચારીઓને તેમની ઈચ્છા જાણ્યાં વગર સીધેસીધા મંત્રીઓનાં સ્ટાફમાં મૂકી દેવામાં આવ્યાં છે.જેઓને આવી કામગીરીમાં જરાય રસ પડતો નથી.અગાઉ એવું હતું કે મંત્રીઓને તેમનો સ્ટાફ પસંદ કરવાની છૂટ રહેતી એટલે મંત્રી સ્ટાફમાં રહેવા ઉત્સુક હોય એવા લોકો જ આવતાં અને મંત્રીઓને પણ પોતાના સ્વભાવને અનુકૂળ હોય તેવા લોકો મળી રહેતા.પરંતુ ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી પક્ષની પરંપરાગત શિસ્ત અનુસાર મંત્રીઓને પોતાની વ્યક્તિગત અનુકૂળતા પ્રમાણેનો સ્ટાફ પસંદ કરવાની છૂટ નથી એટલે ‘બાવાના બેય બગડયા’ જેવી સ્થિતિ છે.આમાં સ્ટાફ અને મંત્રી બન્ને મૂંઝવણ અનુભવે છે.મંત્રી પક્ષની શિસ્તને કારણે સ્ટાફ બદલવાની માંગણી નથી કરી શકતા અને કર્મચારીઓ વહીવટીય શિસ્ત સબબ અને પોતાની કારકિર્દી બગડવાના ભયને લઈને પોતાના અસલ ખાતામાં પરત જવાની માંગણી નથી કરી શકતા.સાચું ખોટું તો રામ જાણે પણ એવું ય કહેવાય છે કે અમુક મંત્રી અને તેના સ્ટાફ વચ્ચે તો મન એટલાં ઊંચા થઈ ગયા છે કે તેઓ એકબીજાને ઓછામાં ઓછું મળવાનું પસંદ કરે છે.પ્રજા માટે આ સ્થિતિ મૂંઝવણમાં મૂકે એવી છે.પેલી ગુજરાતી કહેવત અહીં યાદ આવે કે ‘‘પાડે પાડા બાઝે એમાં ખો ઝાડનો નીકળે.’’ ■

## મગજ મંથન

(બારમા પાનાનું ચાલુ)

આવશે ક્યાંથી?

શ્રેષ્ઠી પ્રસેનજિત બુદ્ધનો ઉપદેશ સાંભળવા માટે દરરોજ આવતા અને આગલી હરોળમાં બેસતા.બધા લોકો એમને બુદ્ધના સહાયક અને સમર્થક માનતા,પરંતુ કોઈને એ વાતની ખબર નહોતી કે માત્ર પુત્રની કામના માટે એ એવું કરતા હતા.પ્રસેનજિતને ત્યાં પુત્રીનો જન્મ થયો તો એ દુઃખી થયા. એમણે પ્રવચનમાં આવવાનું બંધ કરી દીધું. ઘણા દિવસો પછી પુત્રી જન્મનું દુઃખ ઓછું થયું ત્યારે એક દિવસ એ ઉદાસ મને બુદ્ધને મળવા ગયા. એમની આંખોમાં રહેલો નિરાશાનો ભાવ બુદ્ધ સમજી ગયા .ભગવાન બુદ્ધે એમને સમજાવ્યું :

‘પુત્ર કરતાં પુત્રી વધારે શ્રેયસ્કર છે. જો દરેકને ત્યાં એમની ઈચ્છા મુજબ પુત્ર જ જન્મે તો આ સૃષ્ટિનો અંત જ આવી જાય...! ગાડીનાં બે પૈડાંની જેમ બાળક અને બાલિકાઓ મોટાં થઈને સંસાર ચક્ર ચલાવે છે.સૃષ્ટિએ બંનેને એકસરખું સન્માન આપ્યું છે.તમે પણ તમારી માન્યતાઓ બદલો... એમ કરવાથી જ અજ્ઞાનજન્ય માન્યતામાંથી છુટકારો મળશે.... ’ પ્રસેનજિતને ભાન થઈ ગયું.ત્યાર પછી એ પુત્રીને વધારે સ્નેહ આપતા થઈ ગયા.

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કહ્યું છે કે, ‘ભારત વર્ષનો ધર્મ એના પુત્રોથી નહીં પણ પુત્રીઓના પ્રતાપે ટકી રહ્યો છે.ભારતીય દેવીઓએ જો પોતાનો ધર્મ છોડી દીધો હોત તો દેશ ક્યારનો નષ્ટ થઈ ગયો હોત.’ ભગવાન મનુએ પણ પુત્રીને પુત્ર સમાન માનવાનો આદેશ આપતા કહ્યું છે કે, ‘જેવી રીતે આત્મા પુત્ર સ્વરૂપે જન્મ લે છે તેવી જ રીતે પુત્રી સ્વરૂપે પણ જન્મ લે છે.’ ■

## ઔર યે મૌસમ હંસીં...

(તેરમા પાનાનું ચાલુ)

પ્રાણીની ચામડીનાં પ્રત્યેક વળાંકો પણ દર્શાવવામાં સખત મહેનત અને ધીરજ કેળવવી પડે છે.

ભવિષ્યમાં આ કળાનો વિકાસ થશે અને એઆઇ (AI) જેવી ટેકનિક મદદ કરશે એ પછી સાવ સાચુકલા લાગે એવાં પ્રાણી આપણી સમક્ષ ઊભાં છે એવું લાગશે. આજકાલ કેટલાક નવા મટિરિયલમાં પણ આ કળાનો વિકાસ થયો છે.

ટેક્સિડર્મી કળાથી એક ફાયદો એ પણ થશે કે ભવિષ્યમાં જે પ્રજાતિ નામશેષ થઈ જશે એને મ્યુઝિયમમાં તાદ્રશ્ય જોઇ શકાશે. આ કળા વિકાસ પામ્યા પછી યુરોપ અને અમેરિકામાં કેટલાક મ્યુઝિયમમાં શિકારથી તથા પર્યાવરણની જાળવણીના અભાવે મૃત્યુ પામતાં પ્રાણીઓના દેહોને સંવેદના સાથે માનવજાતની ક્રૂરતા પર મજાક કરતાં નમૂના પણ બનાવવામાં આવ્યા છે.

ક્યાંક ઘોડાને ફાંસો આપતા હોય એ રીતે લટકાવવામાં આવ્યો હોય કે પછી વાઘ પર અસંખ્ય બાણનો વરસાદ કરવામાં આવ્યો હોય.... આમ ટેક્સિડર્મી ફક્ત પ્રાણીદેહના જતન કરવાની જ કળા નથી, પણ માનવજાતને ચેતવવાનું પણ કામ કરે છે.

આપણે ત્યાં બાળકોને પ્રાણીઓ પરત્વે સંવેદનશીલ કરવામાં આવતાં નથી. આ બાળકોને મ્યુઝિયમમાં રહેલા ‘જીવતાં’ પ્રાણીના જીવન તરફ ધ્યાન ખેંચવાના પ્રયાસ થતા નથી. ■

### ધ એન્ડ :

*સયાજીરાવ ગાયકવાડ થકી કેટલાક સુધારા એવા આવ્યા કે સામાન્ય રીતે સમજવા મુશ્કેલ હોય છે. વડોદરા શહેરની તમામ પોળ અને શેરીને બન્ને છેડે ખુલ્લી કરવામાં આવી. જે પોળમાં ગીરદી થતી હોય ત્યાં ચોગાન બનાવ્યા. જનજીવનના સુધારાના અનુસંધાનમાં વર્ષ ૧૯૧૧માં વડોદરા શહેર ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ બન્યું, જેમાં પ્રોફેસર ગેડીઝની સલાહ મુજબ ટાઉન પ્લાનિંગના સુધારા-વધારા થયા.*

## પ્રાસંગિક

(અગિયારમા પાનાનું ચાલુ)

અરજી કરી હતી. સ્ટોકહોમને રશિયા સાથે વધતા ટેન્શનને લીધે ‘નાટો’ના મેમ્બર બનવાનું નક્કી કર્યું હતું.

આમ તો ફિનલેન્ડ ગયા વર્ષે જ ‘નાટો’માં જોડાઈ ગયું હતું, પરંતુ બે દેશોએ સ્વીડનના પ્રવેશનો વિરોધ કર્યો હતો. આથી સ્વીડનને ‘નાટો’ ના

સભ્ય બનવા રાહ જોવી પડી હતી. રશિયા સાથે સુમેળભર્યા સંબંધો ધરાવતાં હોવાથી તુર્કી અને હંગેરીએ સ્વીડનના માર્ગમાં અવરોધ ઊભા કર્યા હતા.

તુર્કીએ જાન્યુઆરીમાં સ્વીડનની અરજીને બહાલી આપી હતી, જ્યારે હંગેરીએ સ્વીડનના વડા પ્રધાને ફેબ્રુઆરીમાં સદભાવના મુલાકાત લીધી ત્યાર બાદ જ સ્વિડનને બહાલી આપી. બન્ને દેશોએ ફાઈટર જેટની ડીલ કરી હતી.

તુર્કીએ બહાલી ન આપવા માટે એવું કારણ આપ્યું હતું કે સ્વીડન કુર્દીશ બળવાખોરોને ટેકો આપે છે. હંગેરીના વડા પ્રધાને સ્વીડન તેની તરફ હિંસક હોવાનો આક્ષેપ કર્યો હતો. નાટોના સભ્ય બનવા દરેક સભ્યની મંજૂરી આપે એ ફરજિયાત છે. ■

# ઇન્ટરવલ

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## શું ખરેખર સ્મોલ કૅપ શેરોનો પરપોટો ફૂટી જશે?



# સ્મોલ કૅપ બિગ ઈશ્યૂ

આજકાલ પ્રાઇમરી માર્કેટમાં એટલા બધા પ્રારંભિક જાહેર ભરણાં આવી રહ્યાં છે કે આ લેખના શીર્ષકમાં ગોઠવાયેલા 'ઇશ્યૂ' શબ્દને કારણે ગેરસમજ થઇ જાય એવો માહોલ છે. સ્પષ્ટતા એટલી જ કે આપણે અહીં આજકાલ હોટ ટોપિક બની ગયેલા સ્મોલ કેપ શેરોના મુદ્દા પર વાત કરવી છે.

નાના શેરોમાં વધુ પડતી તેજીને કારણે તેના વેલ્યુએશન અવાસ્તવિક સ્તરે પહોંચ્યા હોવાથી માર્કેટ એનાલિસ્ટ્સ વર્ગે અનેક ચેતવણીઓ આપી હતી. જોકે રોકાણકારોને તેનાથી કોઇ ફરક પડ્યો નહોતો, પરંતુ જેવું કેપિટલ માર્કેટની નિયામક ધી સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ સ્મોલકેપ ફંડ અંગે મ્યુચ્યુઅલ ફંડોને નિર્દેશ આપવાનું ચાલુ કર્યું કે તરત રોકાણકારોના મનમાં ફડક પેસી ગઇ છે.

હવે શું ખરેખર સ્મોલ કેપ શેરોનો પરપોટો ફૂટી જશે? આ સવાલ એટલે માટે ઊભો થયો છે કે, ઉપલબ્ધ ડેટા અનુસાર ફેબ્રુઆરીમાં મોટા પાયે રિડેમ્પશન વચ્ચે સ્મોલ-કેપ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં રોકાણનો પ્રવાહ ૧૦ ટકા ઘટીને રૂ. ૨,૯૨૨ કરોડ નોંધાયો હતો, જે જાન્યુઆરીમાં રૂ. ૩,૨૫૭ કરોડના સ્તરે હતો. અલબત્ત, મિડ-કેપ સ્કીમ્સમાં પણ નાણાપ્રવાહ ૧૨ ટકા ઘટીને રૂ. ૧,૮૦૮ કરોડ થયો છે.

સેબીએ સ્મોલ અને મિડકેપ શેરોમાં ઉછાળાની વચ્ચે સ્મોલ અને મિડકેપ ફંડ્સમાં રોકાણ કરનારા મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસને રોકાણકારોના હિતની રક્ષા કરવા માટે એક માળખું તૈયાર કરવા જણાવ્યું હતું.

પાછલાં કેટલાક ક્વાર્ટરમાં મ્યુચ્યુઅલ ફંડની સ્મોલ અને મિડ-કેપ સ્કીમ્સમાં ભારે પ્રવાહની પૃષ્ઠભૂમિમાં આ પગલું લેવામાં આવ્યું છે. ૨૦૨૩માં એકંદરે, મિડ-કેપ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમોએ લગભગ રૂ. ૨૩,૦૦૦ કરોડ આકર્ષ્યા હતા.

જ્યારે સ્મોલ-કેપ સ્કીમ્સમાં રૂ. ૪૧,૦૦૦ કરોડથી વધુ રોકાણ નોંધાયું હતું.

(જુઓ પાનું ૧૦) ▶▶


### પેની સ્ટોક્સની આડેધડ રિટેલ ખરીદી એક પરપોટાની નિશાની

સ્મોલ-કેપ ફંડ્સમાં પ્રવાહિતાના ધસમસતા પૂરને કારણે મોટા પડકારો ઊભા થયા છે. માંડ ૫૦૦થી ૬૦૦ શેરોના મર્યાદિત રોકાણ કરી શકાય એવા સંજોગોમાં સારી ગુણવત્તાની સ્મોલ-કેપ્સના વેલ્યુએશન હદ બહારની ઊંચી સપાટીએ પહોંચ્યા છે.

નિફ્ટીમાં ૨૬ ટકાના વધારાની સરખામણીમાં પાછલા વર્ષમાં સ્મોલ-કેપ શેરઆંકોએ ૬૦થી ૭૦ ટકા સુધીનું વળતર આપ્યું છે. નિફ્ટી સ્મોલકેપ-૨૫૦ ઇન્ડેક્સ ૨૯ ગણો ઊછળ્યો છે, જે નિફ્ટી સામે જોરદાર પ્રીમિયમ દર્શાવે છે. બજારના નિષ્ણાતો કહે છે કે, પેની સ્ટોક્સની આડેધડ રિટેલ ખરીદી એક પરપોટાની નિશાની છે. સ્મોલ-કેપ ફંડ્સે મ્યુચ્યુઅલ ફંડ્સમાં તાજેતરના નાણાપ્રવાહનો સિંહફાળો મેળવ્યો છે, જેને પરિણામે તેમની વ્યવસ્થાપિત અસ્કયામતોમાં એક વર્ષમાં ૯૦ ટકાનો વધારો થયો છે.

ગુજરાત ડાયરી_ મનોજ મ. શુકલ feedback@bombaysamachar.com

## ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અસાધારણ સક્રિયતા



ગુજરાત રાજ્યના રાજ્યપાલ તરીકે આચાર્ય દેવવ્રત જુલાઈ -૨૦૧૯થી કાર્યરત છે. ગુજરાતે આવા અપરિમિત સક્રિય (પ્રોએક્ટિવ) રાજ્યપાલ અગાઉ જોયા નથી. આ રાજ્યપાલ સતત ફરતા રહે છે, પ્રવૃત્તિશીલ રહે છે.ગુજરાતની સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અમાપ રસ લે છે.

લોકો જ્યાં આમંત્રણ આપે ત્યાં જવાનો પ્રયત્ન તેઓ કરે છે. આચાર્ય દેવવ્રત ઓર્ગેનિક ખેતીનાં જબરદસ્ત હિમાયતી છે એટલે તેનો પ્રચાર પણ ખૂબ ઉત્સાહથી કરે છે.ઓર્ગેનિક ખેતીની વાત ગુજરાતનાં જિલ્લે-જિલ્લે પહોંચે એ માટે રાજ્યપાલ પોતાના વતન હરિયાણામાં સ્થિત ગુરુકુળમાં આવેલી અને ઓર્ગેનિક ખેતીથી સમૃદ્ધ બનેલી વાડી જોવા અને તેની પ્રક્રિયા સમજાવવા આખા ગુજરાતના તમામ કલેક્ટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓને છેક હરિયાણા લઈ ગયા હતા. તેઓને આધુનિક ખેતી પ્રત્યે સખત નફરત છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગાંધીજી સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ બન્યા પછી ત્યાં પણ ખૂબ સક્રિય રસ દાખવે છે.

વિદ્યાપીઠની રોજબરોજની પ્રવૃત્તિઓનું પણ મોનેટરિંગ કરે છે. સૌથી મોટી વાત તો એ છે કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દરરોજ સવારે રાજભવનમાં યજ્ઞ કરે છે અને તેનો ધૂપ આખા રાજભવનમાં (આરતીની જેમ)ફેરવાવી સમગ્ર ભવનને દિવ્ય અને પવિત્ર બનાવવાનો પ્રયત્ન કરે છે.

### ગુજરાતનાં રાજકારણનું એક આશ્ચર્ય એટલે પુરુષોત્તમ રૂપાલા



ગુજરાતનાં રાજકારણનું હાલનું એક મોટું આશ્ચર્ય પુરુષોત્તમ રૂપાલા છે!રૂપાલાને લોકસભામાં લઈ જવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભા.જ.પ.માટે અત્યંત સલામત ગણાતી રાજકોટની બેઠક ફાળવી છે.પક્ષમાં એવો પણ ગણગણાટ છે કે પોતાના વતનના અમરેલી જિલ્લામાં કોઈ જનાદેશ ન ધરાવતા અને છેલ્લાં ૨૦ વર્ષથી એક પણ જાહેર ચૂંટણી નહીં જીતેલા રૂપાલાને મોદી કેમ આટલાં બધાં સાચવે છે?તેનો જવાબ એવો મળે છે(ક):- રૂપાલા પક્ષને પોતાનો પટેલ પાવર કોઈ દિવસ નથી બતાવતા(ખ):-પક્ષ પ્રત્યેની તેમની વફાદારી અકબંધ રહી છે (ગ):-શંકરસિંહ વાઘેલાએ ૧૯૯૬-૯૭માં બળવો કર્યો ત્યારે તેઓ પક્ષ સાથે રહ્યા હતા(ઘ):- કેશુભાઈ પટેલે પક્ષ સામે અને નરેન્દ્ર મોદી સામે બળવો કર્યો ત્યારે તેઓ પક્ષ અને નરેન્દ્ર મોદીની સાથે રહ્યા હતા.(ચ):- તેઓ ઉત્તમ વક્તા છે.બાકી પુરુષોત્તમ રૂપાલા છેલ્લી જાહેર ચૂંટણી ૨૦૦૨ માં લડ્યા'તા ને હાર્યા હતાં.એ પછી એમને રાજ્યસભામાં લઈ જવામાં આવ્યા હતા.મોદી હૈં તો સબ મુમકિન હૈં,હોં!

### કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનસુખ માંડલિયાનું ગુજરાતી આટલું કાચું કેમ છે?



ગુજરાતનાં રાજકારણમાં આજકાલ મનસુખ માંડવિયાની જબરી બોલબાલા છે.તેનું એકમાત્ર કારણ એ છે કે માંડવિયા નરેન્દ્ર મોદીની ખૂબ નજીક છે.સદાય ગંભીર મુખારવિંદ સાથે દેખાતા માંડવિયાને પોરબંદરની લોકસભાની ટિકિટ મળી છે.આ નિમિત્તે મનસુખ માંડવિયાએ પોરબંદરમાં આવેલ મહાત્મા ગાંધીનાં જન્મસ્થળ કીર્તિ મંદિરની તાજેતરમાં મુલાકાત લીધી હતી.મુલાકાતને અંતે માંડવિયાએ વિઝિટર્સ બુકમાં પોતાનો અભિપ્રાય ગુજરાતી ભાષામાં લખ્યો પણ જોડણીમાં જબરો ભાંગરો વાટ્યો.લખ્યું છે કે ''મૂલ્યનિષ્ઠ રાજનીતિનાં પ્રતીક અને વિશ્વ ને સત્ય, અહિંસાનાં માર્ગે આજાદીનો માર્ગ ચિંધનાર'' કેન્દ્રનાં કેબિનેટ કક્ષાનાં મંત્રીનું ગુજરાતી ભાષાનું જ્ઞાન આટલું કાચું કેમ હશે?ખોટી જગ્યાએ અલ્પવિરામ અને પૂર્ણવિરામ તો મૂક્યાં જ છે પણ મંત્રીજી ખુદ પોતે જ ''આઝાદી'' ને બદલે ''આજાદી'' લખે એ તો આપણી ભાષાની કમનસીબી જ ગણવી રહી,બીજું શું? ગુજરાતનું પ્રતિનિધિત્વ કેન્દ્રમાં કેબિનેટ મંત્રી તરીકે કરતા મનસુખ માંડવિયા ગુજરાતી ભાષા અંગે કેમ આટલાં બધાં અસાવધ હશે? ગુજરાતી ભાષાને પ્રેમ કરનાર પ્રત્યેક ગુજરાતી આશ્ચર્ય અને આઘાતની લાગણી અનુભવે એવી આ ઘટના છે.તુલસીદાસે સાચું જ કહ્યું છે કે ''સમરથ કો નહીં દોષ ગુંસાઈ.''

(જુઓ પાનું ૧૦) ▶▶

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## સાયબર ઠગોનું સામ્રાજ્ય એટલે કલ્પનાને અતિક્રમી જતી વ્યવસ્થા

નુંહ, હરિયાણાના સૌથી પછાત વિસ્તારોમાંનો એક જિલ્લો અગાઉ મેવાત તરીકે ઓળખાતા નુંહનું ક્ષેત્રફળ ૧૫૦૭ વર્ગ કિલોમીટર અને વસતિ ૧૧ લાખ જેટલી. એમાં ૪૪૩ ગામ અને પાંચ નાનાં શહેરનો સમાવેશ. લગભગ ૮૦% વસતિ મુસલમાનોની.

આ નાનકડાં નુંહમાં ચાલતા ભયંકર કરતૂત ગયા વર્ષના માર્ચ મહિનામાં પર્દાફાશ થયા ત્યારે સૌ ચોકી ગયા હતા. આ કામગીરી પણ આસાન નહિ, ભગીરથ હતી. પાંચ હજાર પોલીસકર્મીઓની બનેલી ૧૦૨ ટૂકડી નુંહ જિલ્લાના ૧૪ ગામમાં એક સાથે ત્રાટકી હતી. એ સમયે ૧૨૫ શકમંદોને અટકાયતમાં લેવાયા હતા. આ બધા હેકર્સ હતા. આમાંથી ૬૬ આરોપીઓની ઓળખવિધિ બાદ ધરપકડ કરવામાં આવી હતી.

સવાલ એ થાય કે અપરાધ કે કૌભાંડ હતું શું? આ આખું સાયબર છેતરપિંડીનું નેટવર્ક હતું. એટલે જ પોલીસના દરોડા દરમિયાન ૯૯ સિમકાર્ડ, પાંચ પાન કાર્ડ, ૧૬૬ આધારકાર્ડ, ૧૨૮ એટીએમ કાર્ડ, ૬૬ મોબાઇલ ફોન, ત્રણ લેપટોપ સહિતની બનાવટી કે વાંધાજનક સામગ્રી જપ્ત કરાઇ હતી.

ત્યાર બાદ હરિયાણા પોલીસે કૌભાંડની મોડસ ઓપરેન્ડી સમજવા માટે રાજ્યના ૪૦ સાયબર એક્સપર્ટની ટીમ બનાવી હતી. આ






સાયબર ફ્રોડ છેતરપિંડીની કોઇ રીત છોડતા નહોતા. ફેસબુક કે ઓએલએક્સ પર કાર, બાઇક અને મોબાઇલ ફોન જેવી ચીજો આકર્ષક અર્થાત લલચાવનાર ભાવે વેચવા મૂકે. જે લોકો રસ દાખવવા માટે ફોન કરે એમને ઓનલાઇન નાણાં જમા કરાવવા માટે જણાવાતું હતું. પરંતુ પછી ક્યારેય એમને રકમના બદલામાં ચીજ મળતી નહોતી. સાથોસાથ વર્કફ્રોમ હોમની રૂા. ૩૦ હજારની આવકનો ગોળ કોણીએ લગાવીને પણ અનેક શીશીમાં ઉતારાયા હતા. આમાં કુરિયર ખર્ચ, પેકિંગ મટિરિયલ અને રજિસ્ટ્રેશન ફી સહિતના નિતનવા નામે એમની પાસેથી અમુક બેન્ક એકાઉન્ટમાં રકમ જમા કરાવાતી હતી.

આ 'કામગીરી'ને સફળતાપૂર્વક અંજામ આપવા માટે પૂરેપૂરી તૈયારી કરાયેલી હતી. સરકારી અને ખાનગી બેન્કોમાં મળીને કુલ ૨૧૯ ખાતા ખોલાવાયાં હતાં. નોકરી મેળવો, પાર્ટ ટાઇમ જોબ કરો, તરત કેવાયસી કરાવો, ઓનલાઇન આધારકાર્ડ અપડેટ કરાવો, સિમકાર્ડ મેળવો, જેવા ન જાણે કેટકેટલાં ગતકડા અપનાવાતા હતા.

આ ગુનેગારોએ હરિયાણામાં નહિ પણ ઉત્તર પ્રદેશથી લઇને આંદામાન નિકોબાર ટાપુ સુધીના ભોળાજનોની છેતરપિંડી કરી હતી. આ અપરાધીઓની ધરપકડ દેશભરમાં સાયબર ફ્રોડના ૨૮ હજાર કેસ બહાર આવ્યા હતા. આ લોકોએ ઓછામાં ઓછા રૂા. ૧૦૦ કરોડની ઠગાઈ કર્યાનો અંદાજ મુકાયો હતો.

આ તો એક નુંહની વાત છે. દેશમાં ન જાણે આવા કેટકેટલા નુંહ હશે?




પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com



## ૨૦૦ વર્ષની તટસ્થતા છોડીને સ્વીડન બન્યું 'નાટો'નું સભ્ય

રશિયા અને પુતિનનો દાવ ઊલટો પડ્યો. છેલ્લાં બે વર્ષથી ચાલી રહેલા રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધએ આખા વિશ્વને પ્રભાવિત કર્યું છે. આ યુદ્ધને લીધે જાન-માલની ખુવારી થઈ છે. એટલું જ નહીં, બન્ને દેશનાં કુદરતી સંસાધનોને ભયંકર નુકસાન થયું છે. તાળી તો બે જ હાથે વાગે.... રશિયાના આજીવન પ્રમુખ બની બેઠેલા વ્લાદીમીર પુતિન યુક્રેનને 'ટ્રાન્સએટલાન્ટિક મિલિટરી અલાયન્સ' એટલે કે 'નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન.'

('નાટો')ના સભ્ય બનતાં અટકાવવા યુક્રેન પર હુમલો કર્યો હતો. રશિયા ઈચ્છતું નહોતું કે તેનો પડોશી દેશ યુક્રેન નાટો'નો સભ્ય બને. રશિયાએ આવું જ જ્યોર્જિયા સાથે કર્યું હતું. જ્યોર્જિયા પણ 'નાટો' નું સભ્ય બનવા માગતું હતું, પરંતુ રશિયાના શાસક પુતિનના ગળે આ ઉતર્યું નહીં. આથી રશિયાએ ૨૦૦૮માં તેના પર હુમલો કર્યો હતો. ૨૧મી સદીમાં યુરોપનું આ પ્રથમ યુદ્ધ હતું. રશિયાએ જ્યોર્જિયાને 'નાટો' ના સભ્ય બનતું રોક્યું. એટલું જ નહીં, એનો અમુક પ્રદેશ પચાવી પાડી પોતાના દેશ સાથે જોડી દીધો. રશિયા યુદ્ધ કરીને જ્યોર્જિયા અને યુક્રેનને તો 'નાટો'ના સભ્ય બનતા રોકી શક્યું, પરંતુ એના આક્રમણને લીધે યુરોપના બીજા બે દેશો ફિનલેન્ડ અને સ્વીડન 'નાટો' માં જોડાયા. ૨૦૦ વર્ષ સુધી તટસ્થ રહેનારા સ્વીડને તાજેતરમાં 'નાટો'નું નવોદિત સભ્ય બન્યું છે.

સ્વીડનના વડા પ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસને ૭ માર્ચે અમેરિકન સરકારને અંતિમ દસ્તાવેજો આપ્યા. અમેરિકાના વિદેશપ્રધાન એન્ટોની બ્લિનકેને કહ્યું કે જે લોકો પ્રતીક્ષા કરે છે એ લોકો પાસે સારી ભેટ પહોંચે છે. યુક્રેન પર રશિયાએ આક્રમણ કરતાં બધું બદલાઈ ગયું છે. સ્વીડનના લોકોએ 'નાટો' માં જોડાવવા અંગેના વલણમાં મોટો ફેરફાર કર્યો. બ્લિકેન કહે છે કે સ્વીડનને એવી અનુભૂતિ થઈ કે જો પુતિન તેના પડોશીને નકશામાંથી નેસ્તનાબૂદ કરવાનો પ્રયાસ કરે તો તે ત્યાં જ નહીં અટકી જાય.

'નાટો' ને નવોદિત સભ્યોના આગમનથી ઘણો વ્યૂહાત્મક ફાયદો થશે. સ્વીડન અને ફિનલેન્ડ રશિયા સાથે ૧૩૪૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. આ બે દેશના જોડાવાથી 'નાટો' વધુ શક્તિશાળી બન્યું છે. એટલું જ નહીં, રશિયા અને તેના સરમુખત્યાર પ્રમુખ પુતિનને જોરદાર લપડાક પડી છે. 'નાટો' ના સભ્યો ન વધે એ માટેના પુતિનના ધમપછાડા વિફળ ગયા છે.

આ જોડાણની એક સામાન્ય સંરક્ષણ બાંયધરી છે કે જો કોઈ પણ સભ્યદેશ પર હુમલો થાય તો એને જોડાણ પરનો હુમલો ગણવો. આ ગેરન્ટીનો ફાયદો સ્વીડનને મળશે., વોશિંગ્ટનથી સ્વીડનના નાગરિકોને સંબોધતાં તેના વડા પ્રધાન ઉલ્ફે કહ્યું હતું કે સ્વીડન હવે વધુ સલામત દેશ બન્યો છે. હવે અમારી પાસે સાથીદારો છે. પશ્ચિમ સંરક્ષણ જોડાણનો આપણે વીમો લીધો છે. સ્વીડનવાસી માને છે કે હવે રશિયા તરફનું જોખમ ઘટી ગયું છે.

અમેરિકાના પ્રમુખ જો બાઈડને પણ કહ્યું છે કે સ્વીડનના સમાવેશથી 'નાટો' વધુ સંગઠિત, કૃતનિશ્ચયી અને ગતિશીલ બન્યું છે. સ્વીડન અને ફિનલેન્ડના સમાવેશથી બે સક્ષમ લશ્કરનો નાટોમાં વધારો થયો છે.

સ્વીડન પાસે આધુનિક સબમરીન અને સ્વદેશી ફાઈટર જેટ ગ્રિપેન છે અને તે એટલાન્ટિક અને બાલ્ટિક વચ્ચેની મહત્ત્વની કડી છે.

'નાટો'ના સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલટેનબર્ગે પણ કહ્યું છે કે કે સ્વીડનના જોડાવાથી નાટો વધુ મજબૂત બન્યું છે. આને લીધે સ્વીડન વધુ સલામત અને આખું જોડાણ વધુ સુરક્ષિત બન્યું છે. આનાથી ક્રોધિત થયેલા રશિયાએ સ્વીડનની હિલચાલને ધ્યાનમાં રાખીને રાજકીય અને લશ્કરી પ્રતિપગલાં લેવાની ધમકી આપી છે.

એક રીતે 'નાટો'માં જોડાવવું એ વીમો ખરીદવા જેવું છે, કારણ કે 'નાટો' ને અંતે અમેરિકાનું સંરક્ષણ છે. સ્ટોકહોમ છેલ્લા બે દાયકાથી 'નાટો'નું સભ્ય બનવા વિચારતું હતું. સ્વીડને ૨૦૦થી વધારે વર્ષ સુધી કોઈ પણ લશ્કરી જોડાણમાં જોડાવાનું ટાળ્યું હતું. યુદ્ધના સમયે સ્વીડને હંમેશાં તટસ્થ ભૂમિકા ભજવી છે.. બીજું વિશ્યુદ્ધ સમાપ્ત થયું ત્યારેબાદ સ્વીડને માનવ અધિકારોના પ્રણેતાની છાપ વિકસાવી હતી. ૧૯૯૧માં સોવિયેટ સંઘનું વિભાજન થયું ત્યારથી સ્વીડનની સરકારે સંરક્ષણખર્ચમાં સતત ઘટાડો કર્યો હતો.

૨૦૨૧માં સ્વીડનના સંરક્ષણપ્રધાને 'નાટો' ના સભ્યપદને ઠુકરાવી દીધું હતું. જો કે, યુક્રેન અને રશિયાના યુદ્ધ પછી સ્વીડનની સોશિયલ ડેમોક્રેટ સરકારે થોડા મહિના પહેલાં ફિનલેન્ડ સાથે 'નાટો'ના સભ્યપદ માટે

(જુઓ પાનું ૧૦) ▶▶

### નાટોની રચના ને એની તાકાત

રશિયાના યુક્રેન પરના આક્રમણ પછી 'નાટો' પૂર્વ યુરોપમાં તેનું સંરક્ષણ મજબૂત કરી રહ્યું છે. 'નાટો'ની સ્થાપના ૧૨ દેશ દ્વારા ૧૯૪૮માં થઈ હતી. સંસ્થાપક દેશોમાં અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, કેનેડા અને ફ્રાન્સનો સમાવેશ થાય છે. એનો ત્યારનો હેતુ રશિયા સહિતનાં સામ્યવાદી રાજ્યોના બનેલા સોવિયેત યુનિયનના વિસ્તરણને અટકાવવાનો હતો. સભ્યોએ એવી સંમતિ સાધી હતી કે જો કોઈ પણ એક દેશ પર હુમલો થાય તો બીજા દેશોએ એ દેશને સંરક્ષણમાં મદદ કરવી. 'નાટો'નું પોતાનું લશ્કર નથી, પરંતુ કટોકટીને પારખીને 'નાટો' સહિયારી લશ્કરી કાર્યવાહી કરી શકે. 'નાટો'ના બધા સભ્ય દેશ લશ્કરી યોજનામાં સંકલન કરે છે અને સંયુકત લશ્કરી કવાયત પણ કરે છે.

'નાટો' યુરોપ અને ઉત્તર અમેરિકામાં ૩૨ સભ્ય ધરાવે છે. આમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, સ્પેન અને તુર્કીનો સમાવેશ થાય છે. ૧૯૯૧માં સોવિયેત સંઘ વિખેરાઈ ગયો ત્યાર બાદ પૂર્વ યુરોપના અનેક દેશ,જેમકે અલ્બાનિયા, બલ્ગેરિયા, હંગેરી, પોલેન્ડ, ઝેક પ્રજાસત્તાક, સ્લોવાકિયા, રુમાનિયા, લિથુઆનિયા, લાટવિયા અને ઈસ્ટોનિયા પણ 'નાટો' માં જોડાયા. ફિનલેન્ડ અને સ્વીડન બાદ હવે યુક્રેન, બોસનિયા અને હર્ઝે ગોવિના અને જ્યોર્જિયા 'નાટો' માં જોડાવવા ઉત્સુક છે.

'નાટો'ના સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલેનબર્ગે કહ્યું છે કે યુક્રેન 'નાટો' નું સભ્ય બને એ અનિવાર્ય છે, પરંતુ આ માટે રશિયા સાથેનું યુદ્ધ સમાપ્ત થાય ત્યાં સુધી રાહ જોવી પડશે. રશિયાએ યુક્રેન 'નાટો' માં જોડાય એનો વિરોધ કર્યો છે. રશિયા માને છે કે આમ થાય તો 'નાટો'નાં દળ તેના ક્ષેત્રની ખુબ સમીપ આવી જશે.

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## એક્સિડેન્ટમાંથી અવતર્યો આઈડિયા

એક સમય હતો જ્યારે બિહાર શૈક્ષણિક દૃષ્ટિએ પછાત રાજ્ય ગણાતું હતું. જોકે, ગયા દાયકામાં રાજ્યના પટવા ટોલી ગામમાં શિક્ષણનો પવન ફૂંકાયો અને વણકારોના ગામની ઓળખ વિદ્યાર્થીના ગામની બની ગઈ. અહીંના વિદ્યાર્થીઓની પ્રતિભા ઝળકી દેશભરના લોકોની જનતાની આંખોમાં વસી જાય છે. માર્ગ અકસ્માતની સમસ્યા સામેની જાગરૂકતામાં હેલ્મેટ પહેરવાને પ્રાધાન્ય અપાયું છે. હકીકત એ છે કે વાહનચાલકો સુરક્ષા માટે નહીં, પણ દંડ ન ભરવો પડે એ માટે હેલ્મેટ પહેરતા હોય છે. હેલ્મેટ પહેર્યા વિના બાઈક ચલાવી રહેલા મિત્રના મૃત્યુના ખબર મળતા બેપરવા - બેદરકાર આર કે કેસરી નામના એન્જિનિયરિંગના વિદ્યાર્થીના દિલ - દિમાગમાં ખળભળાટ મચી ગયો. દિવસ - રાત શારીરિક અને માનસિક પરિશ્રમ કરી એવી હેલ્મેટ તૈયાર કરી જે ચાવીનું કામ કરે છે, કારણ કે એ પહેર્યા વિના બાઈક સ્ટાર્ટ જ થાય નહીં. હેલ્મેટ તૈયાર કરવામાં અનબ્રેકેબલ કાચ વપરાયો હોવાથી સવાર પડી જાય તો પણ એના માથામાં ગંભીર ઈજા થવાની સંભાવના લગભગ શૂન્ય જેવી થાય છે. આપણું વિદ્યાર્થી ધન કુબેર કક્ષાનું છે, ભય માત્ર એટલો જ છે કે આ ધન આકર્ષક વળતરની અપેક્ષાએ વિદેશી બેંકમાં જમા ન થઈ જાય.




## કાશ્મીરથી કન્યાકુમારી અડધો કલાકમાં ફેંકી દે



અવાજ કરતાં વધુ ગતિએ ઉડતા વિમાન એ કંઈ નવી વાત નથી. વાત નવી છે એની આંખો પહોળી કરી દેતી ઝડપની. ૧૯૪૭માં જ્યારે પહેલું સુપરસોનિક વિમાન ઊડ્યું ત્યારે એની ઝડપ કલાકના ૧૧૦૦ કિલોમીટર હતી. અલબત્ત આ પ્રકારના વિમાનનો ઉપયોગ મુખ્યત્વે સંશોધન અને લશ્કરી તાકાત દર્શાવવા માટે થતો હતો. ૧૯૭૦ના દાયકામાં યુરોપ અને અમેરિકા વચ્ચે ઊડાઊડ કરવાની શરૂઆત કરનાર કોન્કોર્ડ વિમાનથી માનવની હેરફેર માટે એનો ઉપયોગ શરૂ થયો હતો. વધુ ઝડપ, વધુ ને વધુ ઝડપ મેળવવાની માનવીની લાલસામાંથી હાઇપરસોનિક વિમાનની કલ્પના અસ્તિત્વમાં આવી છે. આજની તારીખમાં યુએસ પાસે ક્વાર્ટરહોર્સ નામનું હાઇપરસોનિક વિમાન છે જેની ઝડપ કલાકના ૬૨૦૦ કિલોમીટરની છે. આ વિમાનનો ઉપયોગ કેવળ લશ્કરી કામકાજ માટે થાય છે, પણ માની લ્યો કે પેસેન્જર પ્લેન તરીકે એ શરૂ કરવામાં આવે તો એમાં મુંબઈથી અમદાવાદ તો જઈ જ ન શકાય, કારણ કે ટેક ઓફ કરી ઊંચે આકાશમાં સ્થિર થાય ત્યાં તો અમદાવાદ પાછળ રહી ગયું હોય. હા, કાશ્મીરથી કન્યાકુમારી પહોંચતા રેગ્યુલર ફ્લાઈટમાં ચાર - સવા ચાર કલાક થાય અને હાઈપરસોનિક તો અડધો કલાકમાં ફેંકી દે. ફેંકી દે મતલબ વિમાનમાંથી નહીં, ઝડપથી પહોંચાડતી વ્યવસ્થા માટે ગુજરાતીઓ 'ફેંકી દે' એમ કહેતા હોય છે.

## ૩૫ વર્ષે 'પાપી' બન્યો પવિત્ર



કપડાં પરના ડાઘ કે શરીર ઉપરનો મેલ ઉતારતા - કાઢતા ઝાઝી વાર નથી લાગતી અને એ દૂર કરવા સાધનો પણ ઉપલબ્ધ છે. ચારિત્ર્ય પર પડેલો ડાઘ દૂર કરવા ક્યારેક આખો જન્મારો પણ ઓછો પડે છે. પ્રાકૃતિક સૌંદર્યથી છલકાતા યુએસના મિશિગન રાજ્યના રહેવાસી લુઈ રાઈટને આ વાતનો સુપેરે પરિચય થયો છે. ૧૯૮૮માં ૩૦ વર્ષના મિસ્ટર રાઈટને રોન્ગ ઠેરવી ૧૧ વર્ષની છોકરી પર જાતીય અત્યાચાર કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા હતા. જોકે, આજકાલ જેની બોલબાલા છે એ ડીએનએ ટેસ્ટના પરિણામ પરથી સિદ્ધ થયું છે કે ૩૫ વર્ષ પહેલા ૧૧ વર્ષની કિશોરી પર કરવામાં આવેલા અત્યાચારમાં મિસ્ટર રાઈટ જરાય રોન્ગ નથી, નિર્દોષ છે. તેમણે કોઈ પાપ નથી કર્યું, તેમનું ચારિત્ર્ય ચોખ્ખું ચણાક છે. નવા પુરાવાઓને આધારે નિર્દોષ સાબિત થયેલા લોકો પ્રતિ વર્ષ ૫૦ હજાર ડોલરના વળતરને પાત્ર ઠર્યા છે. એ હિસાબે લુઈ રાઈટને ૧.૭૫ મિલિયન ડોલર ચૂકવી દેવામાં આવશે. ચુકાદા પછી મિસ્ટર રાઈટના વકીલે કહ્યું કે 'જે ગુનો નહોતો કર્યો એ માટે જેલમાં વિતાવેલા ૩૫ વર્ષના સમયનું વળતર તો કોઈ ન ચૂકવી શકે. હા, મળેલી રકમને કારણે કમાવાની ચિંતા નહીં કરવી પડે અને જીવન જીવવામાં મુશ્કેલી નહીં પડે.' ભૌતિક સગવડો સચવાઈ જશે, પણ માનસિક આઘાત પર ટેપ મારી રૂઝ નથી લાવી શકાતી.

## દેડકાનો ડાન્સ, ભક્ષણનું આમંત્રણ



નાચવું કળા છે, નચાવવું આવડત છે અને નાચીને કોઈને નચાવવું કલાત્મક આવડત કહી શકાય ખરી. અલબત્ત આ 'ગુણ'કારી સંયોજન મનુષ્ય સમાજની વિશિષ્ટતા છે. જોકે, વરુ, સિંહ કે ગરુડમાં શિકાર કરતી વખતે હોશિયારી નજરે પડતી હોય છે ખરી. આ નાનકડી યાદીમાં ડ્રાંઉં ડ્રાંઉં કરતા દેડકાભાઈનો ઉમેરો થયો છે. વાત એમ છે કે અમેરિકન યુનિવર્સિટીના સંશોધકોના ધ્યાનમાં આવ્યું છે કે Poison Dart Frog તરીકે ઓળખાતી દેડકાની પ્રજાતિ હલનચલન કરતી વખતે Tap Dancing કરતા હોય એવું લાગે છે. ટેપ ડાન્સિંગ એક નૃત્યનો પ્રકાર છે જેમાં તળિયે કોઈ ધાતુનું આવરણ ધરાવતા પગરખાં પહેરી રિધમ સાથે તાલ મિલાવી નૃત્ય લાગે એ રીતે પગ ચલાવવામાં આવે છે. દેડકાની તો કોઈ ડાન્સિંગ કોમ્પિટિશન નથી હોતી કે નૃત્યકળા દર્શાવી દેડકીને આકર્ષવાની પ્રથા તેમના સમાજમાં નથી હોતી. વિસ્તારપૂર્વક કરેલા નિરીક્ષણ અને સંશોધન પછી એવું તારણ નીકળ્યું છે કે ડ્રાંઉં ડ્રાંઉં ભાઈઓના ટેપ ડાન્સિંગથી તેમનો શિકાર નજીક આવવા લલચાય છે અને એ હાથવેંતમાં દેખાય એટલે તેને સિફતથી પકડી પેટપૂજા કરી લેવાય છે. આ પોઈઝન ફ્રોગ ઘેરા રંગના હોવાથી સામાન્યપણે દેડકાનું ભક્ષણ કરતા શિકારી પ્રાણીઓ આ કલરફુલ ફ્રોગથી છેટું રાખે છે.

## આંતરડું કે અલમારી!

અન્નનો કોળિયો મુખદ્વારમાં પ્રવેશી અન્નનળીમાં સરકી આંતરડામાં પહોંચી સ્થિર થાય છે અને પોષણ પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. પ્રજીવક અને ખનિજ (વિટામિન અને મિનરલ્સ) શારીરિક વિકાસ અને મજબૂતી માટે મહત્ત્વના છે. એ મળી રહે એ માટે વિવિધ ખોરાક લેવાય એ સમજી શકાય, પણ સિક્કા અને લોહચુંબક પેટમાં પધરાવાય? અને એ પણ એવી ગેરસમજ સાથે કે એમાં રહેલું જસત (ઝિંક) શરીરને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે એ વિજ્ઞાન નથી, નર્યું અજ્ઞાન છે. ગાંડપણ છે. માનસિક સંતુલન ગુમાવી દેનારા ૨૬ વર્ષના દિલ્હીના યુવાનને વારંવાર ઊલટી તેમજ પેટમાં દુખાવાની ફરિયાદ તેમજ કંઈ ખાઈ ન શકતો હોવાથી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. રાબેતા મુજબ એક્સ રે કાઢવામાં આવ્યા, સીટી સ્કેન થયું અને રાબેતા મુજબ ન જોવા મળે એવું દેખાયું: ૩૯ સિક્કા અને ૩૭ લોહચુંબક. દિમાગમાં વિજ્ઞાન નહીં, પણ સિક્કામાંથી જસત મળશે, શરીરને પોષણ મળશે એવો વહેમ સવાર હોવાથી ગળી જવામાં આવ્યા હતા. પણ લોહચુંબક કેમ? તો કે એના ચુંબકીય તત્ત્વને કારણે સિક્કા આંતરડામાં ટકી રહે. વહેમનું ઓસડ ન હોય.



## લ્યો કરો વાત!

*નર્મદાના નીર અને આરસના ખડકોનું નયનરમ્ય દ્રશ્ય એટલે ભેડાઘાટ જે મધ્ય પ્રદેશના જબલપુરની પ્રમુખ ઓળખ છે. કળા અને સંસ્કૃતિની વિશેષતા સાથે જબલપુર 'ઓશો' રજનીશ માટે પણ જાણીતું છે. શહેરની રાણી દુર્ગાવતી યુનિવર્સિટીમાં ચંદ્રમોહન જૈન નામથી રજનીશ ફિલોસોફી ભણાવતા હતા. તાજેતરમાં યુનિવર્સિટીએ એમ.એસસી, કમ્પ્યુટર સાયન્સની પરીક્ષાની તારીખ જાહેર કરી વિદ્યાર્થીઓને ઓળખપત્રો આપ્યા. જોકે, પરીક્ષાના દિવસે સ્ટુડન્ટ્સ એક્ઝામ હોલ પર પહોંચ્યા ત્યારે 'આજે પરીક્ષા નહીં લેવાય' એમ એમને કહી દેવામાં આવ્યું. કારણ પૂછતાં ખબર પડી કે એ દિવસે પરીક્ષા લેવાની છે એ યુનિવર્સિટીના સંચાલકો ભૂલી ગયા હતા. મજા તો એ વાતની છે કે એ દિવસે બીજી ૧૧ પરીક્ષા બરાબર લેવાઈ,માત્ર નવ વિદ્યાર્થી જ પરીક્ષામાં બેસવાના હતા એટલે કદાચ આ પરીક્ષાના આયોજનમાં બેદરકારી જોવા મળી. અજબ દુનિયાનો ગજબ ખેલ.*

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# દીકરા-દીકરી વચ્ચેનો આવો ભેદભાવ... ક્યાં સુધી?

કેમ દીકરીના જન્મની ખુશી ગમમાં બદલાઈ જાય છે ? કેમ દીકરીના જન્મ અવસરે શુભ કામનાની બદલે લોકો અફસોસ જાહેર કરે છે ? આખરે એ પણ તો એક સંતાન જ છે તો પછી દીકરા -દીકરી વચ્ચેના ભેદભાવ આખરે ક્યાં સુધી ચાલશે ?

ડિજિટલનો યુગ છે. આજે આપણે ચન્દ્ર-મંગળ ગ્રહોને સ્પર્શી આવ્યા છીએ,છતાં આપણે હજુ કયાં સુધી દીકરીના પૂર્વગ્રહમાં બંધાયા રહીશું ?

આજે પણ આવા કેટલાય સવાલ દીકરીઓ કરે છે, જેને પરિવારમાં એક દીકરી તરીકેનું સન્માન નથી મળ્યું. તો શું પરિવારમાં વારસ એક દીકરો જ બની શકે- છે,દીકરી કેમ નહીં? કાયદો કહે છે છતાં આજે પણ દીકરીને વારસ ગણવામાં આવતી નથી. સમાજની આ વિચારધારા બદલવાનો સમય પાકી ગયો છે. ટેકનોલોજીમાં આપણે અદ્‌ભુત ક્રાંતિ કરી છે,પરંતુ વિચારની ક્રાંતિ તો ઠેરની ઠેર છે.

દીકરો જ કેમ માત્ર વારસ બની શકે એના વિશે અનેક જૂની માન્યતાઓ દ્રઢ થયેલી છે.આની પાછળ કેટલાંય આર્થિક- સામાજિક -ધાર્મિક અને ભાવનાત્મક કારણ રહેલાં છે. વૃદ્ધાવસ્થામાં દીકરો આર્થિક સહાયની સાથે ભાવનાત્મક સહારો પણ આપે છે, જ્યારે દીકરી પરણીને પરાયા ઘરે ચાલી જાય છે.દીકરો વંશને આગળ વધારે છે,જ્યારે દીકરી કોઈ બીજા ઘરે જઈને ત્યાંના પરિવારને આગળ વધારે છે.

આપણા સમાજમાં માતા-પિતાની હયાતિમાં અને મૃત્યુ પછી પણ દીકરો જ બધા ધાર્મિક સંસ્કાર અને વિધિ પૂરાં કરે છે, જેની પરવાનગી ધર્મએ દીકરાને આપી છે.આજે પણ પ્રોપર્ટી અને ફાઈનાન્સ જેવી બાબત માત્ર પુરુષ સાથે જ સંકળાયેલી રાખવામાં આવે છે.એમાં દીકરીને સમર્થ માનવામાં આવતી નથી.

અત્યારે તો વારસદારનો અર્થ એવો કરવામાં આવે છે કે મરનારની મિલકત,જવાબદારી,હક્ક,હકદાર વગેરે.વાસ્તવમાં તો 'વારસ' શબ્દનો અર્થ 'વહન કરનાર' એવો કરી શકાય. સંતાનને માતા-પિતાના વારસ એટલા માટે કહેવામાં આવે છે કે એ સંસ્કાર-અધિકાર અને કર્તવ્યનું વહન કરે છે.આ બધાં કાર્ય દીકરી પણ કરી શકે છે.માત્ર દીકરો જ કરી શકે એવું જરૂરી નથી. એ દૃષ્ટિએ જોતાં આ શબ્દની વ્યાખ્યા અનુસાર દીકરીને પણ આપણે વારસદાર ગણી શકીએ. એ જરા પણ વધુ પડતું નથી.

વારસની રુઢ થયેલી વિચારધારાને લીધે આજે પણ દેશમાં દીકરા- દીકરી વચ્ચેની અસમાનતાનું પ્રમાણ (sex ratio) ચિંતાજનક રીતે વધી રહ્યું છે.દીકરાની સંખ્યા સામે દીકરીનું પ્રમાણ ઘટતું જાય છે.

તાજેતરના ૨૭ નવેમ્બર ૨૦૨૩ના આંકડા અનુસાર ભારતની વસતિમાં ૧૦૬.૫૧૬ પુરુષ સામે સ્ત્રીઓની સંખ્યા ૧૦૦ છે. બીજા શબ્દોમાં ૭૮૬.૮૫ મિલિયન પુરુષ સામે ૬૯૧.૭૮ મિલિયન સ્ત્રી છે.ટકાવારીની રીતે જોઈએ તો ૪૮.૪૨ ટકા મહિલાઓ સામે પુરુષોનું પ્રમાણ ૫૧.૯૮ ટકા છે. પુરુષ - સ્ત્રી વચ્ચેના આ પ્રમાણ વચ્ચેની ખાઈ જો આ રીતે જ વધતી રહેશે તો ૨૦૪૦ સુધીમાં ભારતમાં લગભગ ૨૩ મિલિયન મહિલાઓની અછત થઈ જશે.આની પાછળનું મોટું કારણ સંતાનમાં પુત્રની ઘેલછાના પરિણામે કન્યા ભ્રૂણ હત્યા અને વારસની વિચારધારા છે.

'ઈન્ડિયા વુમન ડેવલોપમેન્ટ સર્વે'- 'યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ' અને 'યુનિવર્સિટી ઓફ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઈકોનોમિક રિસર્ચ ' દ્વારા કરવામાં આવેલા સર્વેમાં એ વાત સામે આવી છે કે ૭૭ ટકા ભારતીયો આજે પણ વૃદ્ધાવસ્થામાં દીકરીને બદલે દીકરાના ઘરે રહેવાનું પસંદ કરે છે.કદાચ એની પાછળનું કારણ આપણી પરંપરાગત વિચારધારા દીકરીના ઘરનું પાણી પણ પીવું ન જોઈએ એ છે..એવું પણ નથી કે આ ભેદભાવ અભણ અને ગરીબ લોકો સુધી જ સીમિત છે. સુશિક્ષિત અને અમીર ઘરમાં પણ આ ભેદભાવ એટલો જ જોવા મળે છે.

જમાનાની સાથે સાથે આપણી લાઈફ સ્ટાઈલ બદલાઈ રહી છે. આપણી વિચારધારા પણ બદલાઈ રહી છે તો પછી ભલા આ

'દીકરા-દીકરી'ની વિચારધારા કેમ બદલાતી નથી ? દીકરીને સમાનતાનો અધિકાર આપવાનો વિચાર કેમ ગળે ઊતરતો નથી ?

કાનૂની રીતે દીકરીને પણ સમાન અધિકાર પ્રાપ્ત થાય છે, પણ કાયદો ઘડવાથી વાત પૂરી નથી થઈ જતી. એનો અમલ કરાવવો જરૂરી છે -પણ આપણે ત્યાં એ ખૂબ જ અઘરો છે. આજે એવા કેટલા કિસ્સાઓ જોવા મળે છે, કે જ્યારે દીકરી પોતાનો હક્ક માગવા આગળ આવે છે તો પરિવારના લોકો જ દીકરી સાથે પોતાનો સંબંધ તોડી નાખે છે.

દીકરીને લઈને પહેલેથી જ આપણા સમાજમાં બેવડો માપદંડ જોવા મળે છે.જ્યાં એક તરફ લોકો મંચ પર મહિલા મુક્તિ અને 'સશક્તિકરણ'ના નારા લગાવે છે તો બીજી તરફ દીકરીને ઘરમાં કે સમાજમાં માન -સન્માન આપવામાં નથી આવતું.આપણા સમાજની વિડંબણા જુઓ : બધાને મા જોઈએ છે,પત્ની જોઈએ છે,બહેન પણ જોઈએ છે; પણ બેટી નથી જોઈતી ! સમજી શકાય એવી બાબત છે કે બેટી જ ન હોય તો પછી આ બધા સંબંધ



(જુઓ પાનું ૧૦) ▶▶

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# લો, બોલો... સમૂહ લગ્નમાં વરરાજા ગાયબ!

**તપાસ** કરો, કયાં ગયો?' એક પંચાતિયાએ પૃચ્છા કરી. દશેરાએ ઘોડું દોડશે કે નહીં?' બીજી પંચાતિયણે શંકા વ્યક્ત કરી. 'પેશાબ-પાણી માટે ગયો હશે?' ત્રીજા પંચાતિયાએ કહ્યુ. અરે, મસાલો-માવો-ફાકી ખાવા ગયો હશે. બીડી- સિગારેટનો સટ લેવાની તલબ લાગી હશે. ધુમ્રપાનની સાથે પગ છૂટો કરવા ગયો હશે.' ત્રીજા પંચાતિયાએ ઉચ્ચારણ કર્યું! છાંટો -પાણી કરવા નહીં ગયો હોય ને?' કોઇ અવળચંડા પંચાતિયાએ બોમ્બ ફોડ્યો. અરે,ભાઇ, એના વિના કેવી રીતે વિધિ પૂરી થાય?' અન્ય એક પંચાતિયાએ વહેતી ગંગામાં હાથ ધોઈ નાંખ્યા. અરે, ક્યાંક ભાઈબંધો સાથે તીનપત્તિ કે રમી રમવા બેસી ન ગયો હોય....એક વાર આવું જ થયેલું... સૌ સમારોહમાં મશગૂલ હતા. થોડા ઘણા નવરા હતા એટલે નવરાઓ નખ્ખોદ વાળવા પત્તા લઇને બેસી ગયેલા. કોઇએ ફરિયાદ કરી એમાં પોલીસ પ્રગટી...પિકચરમાં આમ તો પોલીસ ઘોડો નાસી જાય પછી આવે. અહીં સમયસર આવી બધાને પકડીને લઇ ગઇ...!' એક પંચાતિયાએ પૂરક માહિતી રજૂ કરી. અરે, એક વાર બધું રંગેચંગે ધામધૂમથી પ્રસંગ પૂરો થવાની તૈયારીમાં હતો. જમણવારમાં વધેલા ગુલાબજાંબુની વહેંચણીમાં વિવાદ થયો અને વાત ગાળાગાળી પછી મારામારી સુધી પહોંચેલી. જો કે, ડાહ્યા,સળંગડાહ્યા કે દોઢડાહ્યા વચ્ચે પડ્યા ને મામલો થાળે પડેલો!' પંચાતિયા નંબર ત્રણે ટાપશી પૂરી. અરે મીંઢળ બંધાય પછી બહાર જવાય જ નહીં. ઇમર્જન્સીમાં બહાર જવું હોય તો અણવરને લઇને જવું જોઈએ ! આમ કીધા કારવ્યા વિના જતું થોડું રહેવાય?' ચોથા પંચાતિયાએ ચોવટ કૂટી. બની શકે કદાચ લેતીદેતીમાં વાંધો પડ્યો હશે આજકાલ માત્ર કંકુ સાથે -કન્યા કયાં કોઇ સ્વીકારે છે? બધા દહેજના હડકાયા શ્વાન છે. દહેજના હાડકા ચુસ્યા કરે છે!' બે નંબરના પંચાતિયાએ સાંપ્રત સમસ્યા જણાવી. છોકરાને શ્યામળી છોકરી ન ગમતી હોય.... ક્યાંક બીજે મન મળી ગયું હોય.. માતા-પિતા પરાણે પરણાવવા માંગતા હોય...છેલ્લે, પ્રેમાત્મા જાગી ગયો હોય અને માંડવેથી નૌ-દૌ ગ્યારહ થઇ ગયો હો તો?' પાંચમા પંચાતિયાએ શંકા જાહેર કરી . છોકરીને જાડો છોકરો ન ગમતો હોય અને



સંબંધ ફોક કરવા માગતી હોય. આમ થવાનું હોય તો જાન લીલા કે કાળા તોરણે પાછી વાળવી પડે.. આવા સંજોગોમાં છોકરાને લાગી આવ્યું હોય ને એ વાવ કૂવો પૂરવા જતો રહ્યો હોય તો ?!' ઘુવડ જેવા છઠ્ઠા પંચાતિયાએ અમંગળવાણી ઉચ્ચારી.

આમ લગ્ન ટાણે કથિત વરરાજા આ રીતે 'ગૂમ' થઈ જાય ત્યારે આવી શંકા-કુશંકા જાગે એ સ્વાભાવિક છે. લગ્ન માટે દુલ્હન મસ્ટ છે એમ લગ્નમાં ગોરમહારાજ અનિવાર્ય હોય છે. નિકાહમાં કાજી કે મેરેજમાં ફાધર એટલે પાદરી જરૂરી ગણાય. ગાંધર્વ કે યક્ષવિવાહમાં તો ગોરમહારાજની પણ બાદબાકી થઇ જાય. મંદિરે જઇ છોકરો-છોકરી ફૂલહાર કરી એકમેક સાથે જીવન જીવવાના કોલ આપે છે. જો કે કાયદાની દ્રષ્ટિએ તે અવૈદ્ય લગ્ન ગણાય છે. ઇતિ ઇતિ નેતિ જેવું ઇકવેશન છે!

આમ તો લગ્નના અનેક પ્રકાર છે. ગાંધર્વ વિવાહ, એરેન્જ મેરેજ, લવમેરેજ, અનુલોમ લગ્ન, પ્રતિલોમ લગ્ન, નિકાહ, મેરેજ અને સરકારી મેરેજ...!

તમને થશે કે સરકારી મેરેજ કેવા હોય ? સરકાર માઈ-બાપ આંતરજ્ઞાતિય સમૂહ લગ્નને પ્રોત્સાહન આપવા યોજના ચલાવે છે. દીકરીઓને લગ્ન પ્રસંગે મદદ આપવા કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ આશરે ૫૧ હજારથી વધુ રોકડ અગર સાધન સહાય આપે છે. સમુહ લગ્નને ઉત્તેજન આપના સમૂહ લગ્ન કરનાર યુગલ તેમ જ સમૂહલગ્નોનું આયોજન કરનારી સંસ્થાને મદદ કરે છે.' બીપી' એટલે કે બુલડોઝર પ્રદેશ નામે પણ ઓળખાતો યુપી એટલે ઉત્તર પ્રદેશમાં થોડા દિવસ પહેલાં વિશાળ પાયા પર એક નકલી સમૂહ લગ્નોત્સવ યોજાઇ ગયો. બધું જ નકલી હતું એવું પણ ન હતું. ગોર મહારાજ અસલી હતા. અસલી લગ્નમાં બોલાય એવા અહીં મંત્રો પણ અસલી હતા. અહીં તો યજ્ઞવેદીમાં અસલી અગ્નિ હતો... દુલ્હનો પણ અસલી હતી. (ભલે એ શીરા માટે શાદી કરતી હતી!)

ઉત્તર પ્રદેશના બલિયામાં મુખ્યમંત્રી સામૂહિક વિવાહ'નું આયોજન થયું એમાં કટકી કરવા માટે અધિકારીઓ અને લાભાર્થીઓ બધાએ મળીને જોરદાર તરકટ રચ્યું હતું . અહીં કાગળ પર ૫૬૮ યુગલે લગ્ન કર્યાં હતાં, પરંતુ આમાં મોટી સંખ્યામાં વરરાજાઓ વગર જ કન્યાના લગ્ન કરાવી દેવામાં આવ્યાં હતાં...!

સોશિયલ મીડિયા પર આ સમૂહ લગ્નની જે વીડયો વાઇરલ થયો એમાં અનેક કન્યાઓ પોતે જ વરમાળા પહેરતી દેખાય છે...! સામૂહિક લગ્ન યોજનામાં ભાગ લેવા માટે આવી છેતરપિંડી કરવામાં આવી હતી, જેથી સરકારી તિજોરીમાંથી સાધકને શીરો મળી જાય.

યુપીમાં તો ઘણા સમયથી આવાં સમૂહ લગ્નનું ઘૂપ્પલ સફળતાપૂર્વક ચાલે છે. દેશમાં દર વરસે સેંકડો સરકારી સમૂહલગ્નો થાય છે, જેમાં ૪૦ ટકા ફ્રોડ મેરેજ હોય છે. જો કે કાગળ પર એ જ ટકાઉ સાબિત થાય છે! આવાં ગબન સરકારી સમૂહ લગ્ન દ્વારા રાજ્યની તિજોરીને કેટલા ગોબા માર્યા હશે તેની ગણતરી કલ્પનાનો વિષય છે!■

ટૂંકી વાર્તા
અનિલ રાવલ
feedback@bombaysamachar.com

# મોરચો



> વિધાનસભાનું શિયાળુ સત્ર શરૂ થઈ રહ્યું હતું અને વિરોધ પક્ષોએ હિંમતસિંહની આગેવાની હેઠળ સત્રના પહેલા જ દિવસે વધતી જતી મોંઘવારીને મુદ્દે સરકાર પર આક્રમક મિજાજ સાથે ત્રાટકવાની યોજના ઘડી હતી. દર વખતની જેમ મોરચા માટે ભાડૂતી માણસો ભેગા કરવાનું કામ બાબુલાલનું હતું

**મુંબઇની** એક સૌથી મોટી ઝૂંપડપટ્ટીમાં એક ખૂબ જ લોકપ્રિય વિધાનસભ્યની સફેદ રંગની કાર આવીને ઊભી રહી. પાછલી સીટમાં બેઠેલો માણસ ઝડપથી બહાર આવ્યો. આખીય ઝૂંપડપટ્ટીમાં જંગલની આગની જેમ વાત ફેલાઇ ગઇ. 'બાબુલાલ આ ગયે...બાબુલાલ આ ગયે.' ઝૂંપડાવાળાઓ એને વીંટળાઇ વળ્યા. બાબુલાલ આ એરિયાના વગદાર વિપક્ષી વિધાનસભ્ય હિંમતસિંહનો ખાસમખાસ માણસ. વરસોનો વફાદાર. બાબુલાલ કોઇ પણ કામ માટે હંમેશા તૈયાર.. પોતાના આકાનો પડતો બોલ ઝીલે. ધાર્યું કામ પાર પાડવાની એની કૂનેહથી ખુદ વિધાનસભ્ય હિંમતસિંહ પણ ખુશ હતો. પણ બાબુલાલના ચહેરા પર પક્ષના એક અદના કાર્યકરમાંથી અંગત માણસ તરીકે કરેલી પ્રગતિનો રુઆબ ક્યારેય છલકે નહીં.

કોલસાને પણ શરમાવે એવો વાન. કાયમ ખાદીના સફેદ ઝભ્ભો-લેંઘો જ પહેરે. કાંડા પર હંમેશા બ્રાઉન કલરનું પાઉચ ભેરવેલું રાખે. કાળા ડિબાંગ ચશ્મા રાતે સૂતી વખતે જ ઉતારે. ગલોફામાં પાન હોય જ. કદાચ રાતે સૂતી વખતે પણ એ મોંમાં જ રહી જતું હશે. મોંફાડની એક બાજુ પાનનો લાલ રંગ અજાણતા રેલાય ત્યારે સફેદ રંગના રૂમાલથી લૂછી લે. વર્ષમાં એકાદ-બે વાર બાબુલાલ આ ઝૂંપડપટ્ટીમાં પગલાં પાડે. અને લાલચભરી આંખો સાથેનું ટોળું બાબુલાલની પાછળપાછળ ચાલે. એક ઝૂંપડાની બહાર બાબુલાલના ચરણ અટક્યા. આધેડ ઉંમરની એક બાઇ બહાર આવી. બાબુલાલે તરત જ પાઉચમાંથી પાંચસોની કડકડતી નોટ બહાર કાઢીને એના હાથમાં મૂકી.

'કાલે મોરચો છે...આવી જવાનું છે. ટ્રક આવી જશે' બાબુલાલની અદામાં રાજકારણી હતો અને વાણીમાં વિનમ્રતા.

વિધાનસભાનું શિયાળુ સત્ર શરૂ થઇ રહ્યું હતું અને વિરોધ પક્ષોએ હિંમતસિંહની આગેવાની હેઠળ સત્રના પહેલા જ દિવસે વધતી જતી મોંઘવારીને મુદ્દે સરકાર પર આક્રમક મિજાજ સાથે ત્રાટકવાની યોજના ઘડી હતી. દર વખતની જેમ મોરચા માટે ભાડૂતી માણસો ભેગા કરવાનું કામ બાબુલાલનું હતું. મુંબઇની ઝૂંપડપટ્ટીમાંથી લોકોને એકઠા કરીને વિરાટ મોરચો કાઢવાનું બાબુલાલ માટે સૌથી સરળ હતું કારણ કે આખી ઝૂંપડપટ્ટી એની મુઠ્ઠીમાં હતી. આમેય નાણાંની થેલી મોંઢું ખોલે તો ભલભલાના મોઢાં બંધ થઇ જતા હોય છે. વિધાનસભ્ય હિંમતસિંહ નાણાંનો કોથળો ખોલતો અને બાબુલાલ ઝૂંપડપટ્ટીમાં પૈસા વેરતો. વિધાનસભાનું સત્ર ચાલે ત્યાં સુધી માણસો એકઠા થાય, પૈસા વેરાય, વિરાટ મોરચા નીકળે, શકિતપ્રદર્શન થાય ને બાબુલાલના તળિયા વિનાના કૂવામાં પણ નાણાં ઠલવાય.

પણ આ વખતની વાત જરા જુદી હતી. વિપક્ષો મોંઘવારીને મુદ્દે સરકાર તોડી નાખવાના મૂડમાં હતા. મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ગયેલી પ્રજાનો સાથ-સહકાર મળશે એની એમને ગળા સુધીની ખાતરી હતી...બીજીબાજુ બાબુલાલે પણ માણસો ભેગા કરવા કમર કસી હતી.

ઝૂંપડે-ઝૂંપડે સભ્યદીઠ પાંચસોની નોટ પકડાવતા બાબુલાલના કદમ ઝૂંપડપટ્ટીને છેવાડે આવેલા એક ઝૂંપડા પાસે અટકી ગયા. ઝુપડાને એક ખુણે બેસીને માટલા ઘડી રહેલા અંધ રામુદાદા બાબુલાલના પગલાંનો અવાજ પારખી ગયા.

'આવી ગ્યો માણસોની દલાલી કરવા બાબુલાલ.' રામુદાદાએ નારાજગીના સૂરમાં સવાલ કર્યો. ખંધો બાબુલાલ હસ્યો. રામુદાદા આગળ કાંઇ કહે એ પહેલાં ૧૧ વર્ષની કમુ ઝૂંપડામાંથી પાણીના ગ્લાસ સાથે બહાર આવી.

'બાબુકાકા પાણી.' બાબુલાલ આવે ત્યારે માત્ર રામુદાદાના ઘરનું જ પાણી પીએ અને એ પણ કમુના હાથનું. બાબુલાલે ગલોફામાં પડેલા પાનને પાણી અડે નહીં એ રીતે પીધું. કમુ રામુદાદાની પૌત્રી સ્કૂલમાં ભણે અને બાકીના ટાઇમમાં લોકોના ઘરકામ કરે.

'પક્યો ક્યાં છે.?' બાબુલાલે પૂછ્યું.

'પ્રકાશભાઇ ગેરેજમાં કામે લાયગો છે, છ મહિના થ્યા.' કમુએ ભાઇની કોઇ વિરલ સિદ્ધિ વર્ણવતી હોય એમ ગર્વથી કહ્યું. કમુની વાતથી ખંધા બાબુલાલના ચહેરાના હાવભાવમાં કોઇ ફરક પડ્યો નહીં.

'પક્યાને કહેજે કાલે મોરચો છે. એણે આવવાનું છે.' બાબુલાલે પાંચસોની નોટ કમુના હાથમાં મૂકતા કહ્યું. ઘણા વખતે જોયેલી પાંચસોની નોટને કમુએ મુઠ્ઠીમાં વાળી લીધી. વાત સાંભળીને ખુદ્દાર રામુદાદા ભડક્યા. પક્યો હજી હમણાં જ કામે લાયગો છે. એને રજા નો મળે. એ નઇ આવે. તું તારા પૈહા પાછા લઇ જા.'

રાત-દિવસ રાજકારણીઓની સોબતમાં રહેતા બાબુલાલ માટે પાંચસોની નોટ મોટી ચીજ નહતી. આ વખતની રાજકીય ચાલ મહત્ત્વની હતી, મોંઘવારીને મુદ્દે સરકાર પાડી દેવાનું મહત્ત્વ હતું અને એ માટે મહત્વનો હતો જંગી મોરચો.

'કાંઇ વાંધો નહીં, આવા મોરચા તો આપણે લગભગ આખો મહિનો કાઢવાના છે.' બાબુલાલે પોતાના વિશાળ દિલને ઝૂંપડપટ્ટીની સાંકડી ગલીમાં બીછાવી દીધું.

'કમુબેટા, ભાઇને કહેજે કામ મોટું છે, પૈસા પણ મોટા છે, સરકાર ગબડાવવાની છે તમારે સરકાર.... કહેજે રજા લઇને આવી જાય.' આવી બધી રાજરમતમાં અબુધ કમુ એટલું સમજે છે કે મોરચામાં જવાના પૈસા મળે છે. એણે હથેળીના પરસેવામાં ભીની થઇ ગયેલી પાંચસો રૂપિયાની નોટ જોઇને વિચાર્યુંઃ આવા મોરચા રોજ નીકળતા હોય તો કેવું હારું.!

રામુદાદા ગુસ્સામાં માટીનો એક મોટો લોંદો ચાકડાની વચ્ચોવચ મૂકીને ચાકડો જોરથી ઘુમાવતા બોલ્યાઃ આમ ભાડૂતી માણસો ભેગા કરીને મોરચા કાઢવાથી સરકાર પડતી નથી બાબુડા. દર વખતે તું આવા મોટા મોટા મોરચા કાઢસ એકેય વાર સરકાર પયડી. મોંઘવારી ઘયટી.?' રામુદાદાના આકરા સ્વભાવને જાણતો બાબુલાલ ત્યાંથી નીકળી ગયો.

રાતે જમતી વખતે પક્યાએ હજી માંડ એક કોળિયો મોમાં નાખ્યો ત્યાં રામુદાદા બોલ્યાઃ 'ઓલો મોરચાવાળો બાબુલાલ આયવો તો, કાલે મોરચો છે, પણ તારે જાવાની કાંઇ જરૂર નથી.' કમુએ પક્યાની સામે જોયું. પક્યો ઘરે આવ્યો ત્યારે એણે બધી વાત કરી જ દીધી હતી.

'દાદાજી, પેલા ય હું મોરચામાં જાતો જ તો ને.'

'પે'લાની વાત જુદી હતી. તંયે તું નવરોધૂપ હતો. કોઇ કામધંધા નો'તા. હવે તને નોકરી મળી ગૈ છે.'

'દાદાજી, પણ એક દિ'ના આટલા 'પૈસા કોણ આપે?' પક્યાએ દલીલ કરી.

'આ મે'નતનો પૈહો નથી. આપણને આવો 'પૈહો નથી જોતો.'

'દાદાજી, હું મારો ટેમ આપું, ગળું ફાડીને નારા લગાઉં, પોલીસના દંડા ખાઉં. આ મે'નતનું કામ નૈ? મારી વાત તો હમજો તમે દાદાજી, હું ગેરેજમાં કામ કરું ઇના રોજના પચા રુપિયા મળે ને મોરચામાં જાવાના પાંચસો રૂપિયા...દાદાજી પાંચસો રૂપિયા.!'

પક્યો રામુદાદાની નિસ્તેજ આંખોનો એકમાત્ર આશાનો દીપક હતો. પ્રકાશ અને કમુ સાવ નાના હતા ત્યારે મા-બાપે એક જ અઠવાડિયામાં ડેન્ગ્યૂમાં જીવ ગૂમાવ્યા. જનમથી જ અંધ રામુદાદાએ બંનેને માટીના માટલાની જેમ ઘડ્યા ને ઉછેર્યા. પક્યાને કમુડીની ભારે ચિંતા રહે. પોતે ભણ્યો નહીં પણ બેનને ભણાવવા ખાતર એ કાંઇપણ કરી છુટવા તૈયાર. પક્યો કાયમ કહે કે મારે બે જ કામ કરવા છેઃ એક કમુડીને ભણાવીને, એના હાથ પીળા કરીને સાસરે વળાવવી છે અને દાદાજીના હાથ માટીમાંથી કાઢી લેવા છે. બહુ મે'નત કરી એણે.' દાદાજીએ પક્યાના જોશની સામે રોષના શસ્ત્રો હેઠાં મૂકી દીધા. દાદાજીની નારાજગી સમજી ગયેલી કમુએ પક્યાને એટલું જ કહ્યુંઃ ભાઇ, આ છેલ્લી વાર મોરચામાં જઇ આવ. પછી ક્યારે ય નહીં જવાનું. હોં' નાની બેનની આવી શાણપણભરી વાત સાંભળીને પક્યાનું પેટ ભરાઇ ગયું. (વધુ આવતી કાલે) ■

તસવીરની આરપાર___ભાટી એન.
feedback@bombaysamachar.com

# અત્યાધુનિક યુગમાં ફોટોકલોએ તસવીરને પૃથ્વીના ગોળા જેવી બનાવી દીધી.!





**આજના** અત્યાધુનિક ટેકનિકવાળા યુગમાં ફોટોગ્રાફી, તસવીર, છબીકલા આ સુપરફાસ્ટ યુગમાં તમામની જીવન જરૂરી માધ્યમ બની ગયું છે...! હા... જી...હા... અત્યારે તમામ તસવીરકાર છે! તમામ નાના, મોટા બધા આધુનિક મોબાઈલ રાખે છે. તેમાં ફોટોગ્રાફી,વીડિયોગ્રાફી ટુ ઈન વન હાજરી અચૂક હોય છે...! હવે સારો માઠો પ્રસંગ હોય ફોટો વીડિયોવાળીની ગણેશદાદા જેમ પ્રથમ તેની હાજરી અચૂક હોય છે. તસવીરકલાનો શુભારંભ ૯જાન્યુઆરી ૧૮૩૯ના રોજ જોસેફનિસેફોર અને ફ્રાન્સના લુઈસ ડૌગર દ્વારા વિકસાવામાં આવી હતી તેને વિશ્વની પ્રથમ ફોટોગ્રાફી પ્રક્રિયા માનવામાં આવે છે. તે જ સમયે ૧૯ ઓગસ્ટ ૧૮૩૯ ના રોજ ફ્રાન્સ સરકારે સત્તાવાર રીતે આની જાહેરાત કરી હતી. 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' સૌ પ્રથમ વર્ષ ૨૦૧૦માં ઉજવવામાં આવ્યો હતો.

ફોટોગ્રાફી કલાના ઈતિહાસ પર દૃષ્ટિગૌચર કરી પ્રથમ બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીનો પ્રારંભ થયો તેમાં બોક્સ કેમેરાથી ૧૨૦ની બ્લેક એન્ડ વ્હાઈટમાં ૧૨ ફોટો પડતા એ અગાઉ કટ ફિલ્મ વપરાતી ત્યારબાદ કલર તસવીરનો યુગ આવ્યો તેમાં૧૩૫ ની ફિલ્મ રોલ આવતો તેમાં ૩૬ ફોટો પડતા હતો આ સમયે મેન્યુલા કેમેરા આવતા જેમાં સ્પિડ, ડાયાફોર્મ,સ્પિડ ફોક્સ બધુ હાથેથી પ્રકાશને અનુરૂપ બધુ સેટ કરવું પડતું પણ તે સમયે રાજા મહારાજા કે કોઈ શેઠ તસવીરો પડાવતા આપણા જેવા તો પાસપોર્ટ ફોટા પડાવીનો સંતોષ માનતા પણ છેલ્લા બે દશકાથી ફોટોગ્રાફીએ પ્રગતિ કરી છે. તેની શું વાત કરું અત્યારે વીડિયોગ્રાફી પણ આજ ટેક્નિકનો હિસ્સો છે.

એક દશકામાં ફોટોગ્રાફીએ હરણફાળ ભરી છે તેની થોડી માહિતી આપું. હું ફોટોજર્નાલિસ્ટ સંગાથે યુટ્યુબર છું અને વાઈલ્ડલાઈફ, ડ્રોન, કેમેરા ગોપરો, ઈન્સ્ટા ૩૬૦ અને મીરરલેશ કેમેરા, ગીમ્બલ, આધુનિક મોબાઈલ આ કેમેરામાં ડ્રોન કેમેરા આકાશમાં ૬૦૦ ફૂટ ઉંચે જઈ તસવીરો પાડી આપે છે. અને બે કિલોમીટર દુર ડ્રોન મોકલી શકોને ત્યાંની તસવીર લઈ શકો. ગોપરો જે નાનો મિની કેમેરો છે જેમાં સુપર વાઈડ તસવીર, વીડિયોગ્રાફી કરે તે અંડર વોટરમાં જઈને પાણીમાંથી ફોટોગ્રાફી કરી શકે છે. જે ગીચામાં રાખી શકાય. ૬૦૦નો ટેલીલેન્સ જેનાથી ટેલી કરી બર્ડઝ કે વન્યસૃષ્ટિ કે સ્પોર્ટસની તસવીરો લઈ શકો. અત્યારે આધુનિક ડબલકેમેરા એક કેમેરામાંજે ૯૦ ડિગ્રી આગળ ૯૦ ડિગ્રી પાછળ એટલે ૩૬૦ ડિગ્રી એટલે તસવીરને કે વીડિયોગ્રાફી પૃથ્વીના ગોળા જેવી બનાવી આપે છે.! તે ખાસ સોસિયલ મીડિયામાં રીલ્સ બનાવવામાં આવે છે. તો અત્યારે કેમેરામાં વીડિયોગ્રાફી કરવા કરતાં આધુનિક મોબાઈલમાં વીડિયો કે ફોટો પાડવા ગીમ્બલથી શુટિંગ શરૂ થાય છે. મિરરલેશ કેમેરા જેમાં મિરર એટલે અરીસો કાઢીને સિધી તસવીર કે વીડિયોગ્રાફી થાય છે. આમ અત્યાધુનિક યુગમાં નિતનવા કેમેરા આવ્યા છે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ટેક્સિડર્મી
## પ્રાણીઓને 'જીવંત' કરતી વૈજ્ઞાનિક કળા





**બીમાર** પ્રાણીઓનું વિશ્વનું સૌથી મોટું સંગ્રહાલય ગુજરાતની ધરતી પર વિકાસ પામી રહ્યું છે ત્યારે નામશેષ થતાં પ્રાણીઓનો ભવિષ્યની પેઢીઓ અભ્યાસ કરી શકે એ માટે ટેક્સિડર્મી કળાનો વિકાસ થવો જરૂરી છે.

આ ટેક્સિડર્મી એટલે એક એવી વૈજ્ઞાનિક કળા જેમાં મૃત પ્રાણીની ખાલમાં રાસાયણિક દ્રવ્યોનો મસાલો ભરીને જીવતાં પ્રાણી જેવો આકાર આપવો તે...

મૂળ ગ્રીક શબ્દાવલિમાં 'ટૈક્સિ' અને 'ડર્મી' એમ બે શબ્દ છે. ટૈક્સિ અને ડર્મી એટલે વ્યવસ્થા કરવી અને ત્વચા....

પ્રાણીઓના રુગ્ણાલયમાં અતિ વિશિષ્ટ અને અપ્રાપ્ય પ્રાણી મૃત્યુ પામે તો એના મૃતદેહના બાહ્ય સ્વરૂપને સાચવવા માટે પ્રયાસ થવા જોઈએ.

જ્યારે વિશ્વભરના જાણીતા મ્યુઝિયમ અથવા ભારતમાં રાજા-રજવાડાઓના પેલેસ મ્યુઝિયમની મુલાકાત લઇએ છીએ ત્યારે આપણી નજર સમક્ષ ખૂંખાર પ્રાણીઓના સાચવીને રાખેલાં દેહ જોવા મળે છે. આ પ્રાણીઓ સાથે રાજાએ તેમનો શિકાર ક્યારે કર્યો એની વિગત પણ વાંચવા મળે છે. જ્યારે એ શિકાર થયેલા પ્રાણીને જોઈએ ત્યારે એ એવા આબેહૂબ લાગે કે વાઘ કે દીપડો હમણાં ત્રાડ પાડી ઊઠશે. આ ટેક્સિડર્મીની કમાલ છે

એક અભ્યાસ મુજબ ભારત સહિત વિશ્વની તમામ સંસ્કૃતિ પાસે ટેક્સિડર્મી કળાનું જ્ઞાન હતું. સનાતન ધર્મની પૌરાણિક કથાઓમાં પણ આ કળા વિશે લખવામાં આવ્યું છે. હજારો વર્ષ જૂની આ કળા અસંખ્ય કળાઓની જેમ લુપ્ત થઈ ગઇ. આધુનિક સમયમાં પણ અનેક રાજા-રજવાડાઓના પેલેસમાં અદભુત રીતે પ્રાણીઓના દેહની જાળવણી થઈ હોવા છતાં હાલમાં એ કળા ભારતમાંથી ધીમે ધીમે લુપ્ત થવા લાગી છે. આ ટેક્સિડર્મી કળામાં મૃત પશુ- પંખીના શરીરમાં ઘાસ કે કેમિકલ ભરીને લાંબો સમય સાચવી રાખવા કે જાડા ચામડાવાળાં પ્રાણીઓના દેહને આકાર આપવો કદાચ સરળ હોઇ શકે, પણ પક્ષીઓ તથા સાપ જેવા સરિસૃપ વર્ગની નાજુક ચામડીઓમાં તેમના દેહને આકાર આપવાનું કાર્ય ભગીરથ મહેનત માગી લે છે. પંખીઓના પીંછા જાળવીને લગાવવા તથા તેમની પાંખોને મૂળ સ્વરૂપે લગાડીને મૂળ સ્વરૂપ આપવાની કળા દાદ માગી લે એવી છે. ભવિષ્યમાં તમે કોઈ પણ મ્યુઝિયમની મુલાકાત લો અને પ્રાણીઓના જતન કરેલા દેહ જોવા મળે તો થોડો સમય એનું અવલોકન જરૂર કરજો.

લુપ્ત થતી પ્રજાતિઓના અભ્યાસ અને ભવિષ્યમાં તેમના અંગે જાણકારી પ્રાપ્ત કરવા આ કળા પ્રચલિત થવી જરૂરી હતી અને હજુ છે. મ્યુઝિયમમાં દીપડા, ચિત્તા, વાઘ, સિંહ કે પક્ષીઓના મૃતદેહોને આ કળા દ્વારા સાચવેલા જોઈએ છીએ, પણ કદી તેના વિશે વિચારતા નથી. આવા નમૂનાની જાળવણી બે રીતે થાય છે : ડ્રાઇ પ્રિઝર્વેશન અને વેટ.

જ્યારે વાઘ અથવા કોઈ પણ પ્રાણીઓની ચામડી પરથી નમૂનો તૈયાર કરવામાં આવે ત્યારે તે પ્રાણીના મૂડ વિશે પણ પૂરતી માહિતી હોવી જરૂરી છે. વાઘ ગુસ્સે થતો હોય ત્યારે તેની પૂંછડીનો આકાર કેવો હોય અથવા હરણ ડરી ગયું હોય ત્યારે તેની આંખોના ભાવ અંગે પણ સચોટ માહિતી હોવી જરૂરી છે. જો વાઘના ચહેરા પર ક્રૂરતા ના દેખાય તો એ પોતાની લાક્ષણિકતા ગુમાવી દે છે. ડરપોક વાઘ જોવાનો કોઇને ગમે નહીં, ખાસ તો દરેક પ્રાણીઓની આંખમાં પણ ભાવ જાગ્રત રાખવો પડતો હોય છે. આખી વાતનો સાર એટલો જ છે કે પ્રાણીઓના મૂડ સાથે શરીરરચના વિશે માહિતી હોવી જરૂરી છે.

આમ તો એવી માન્યતા છે કે ઇજિપ્તના પિરામિડની મમી પણ ટેક્સિડર્મી કળાનો જ ભાગ છે , પણ વૈજ્ઞાનિક આ વાત સ્વીકારતા નથી. વૈજ્ઞાનિકોના મતે ટેક્સિડર્મીનો અભ્યાસ એ શુદ્ધ વિજ્ઞાન છે જ્યારે મમીનો હેતુ ધાર્મિક માન્યતાઓ સાથે જોડાયેલો છે. બીજી તરફ,માણસજાત પર ટેક્સિડર્મી કળાના ઉપયોગ પર પ્રતિબંધ છે.

શિકાર પામેલો અથવા મૃત્યુ પામેલા પ્રાણીને ખાસ લેબમાં મુકવામાં આવે છે. આ દરમિયાન અત્યંત કાળજીપૂર્વક શરીરની અંદર રહેલા ઘટકો કાઢી લેવામાં આવે છે. સૌથી વધુ કાળજી પ્રાણીના આંતરડામાં રહેલા કચરાને કાઢી લેવામાં આવે છે, જેથી પ્રાણીનો દેહ કોહવાઈ જતો નથી. એના પેટમાં જે હોય એને કાઢી નાખવામાં ખાસ કાળજી રાખવામાં આવે છે જેથી સેમ્પલ ખરાબ ના થાય, પણ એ પ્રયોગમાં જરા સરખી નિષ્ફળતાથી પ્રાણીના શેપ-આકાર બદલી જવાની સંભાવના રહે છે. પ્રાણીના પેટની ચરબી કાઢીને ફક્ત સોફ્ટ સ્કીન બચાવીને મરીમસાલા ભરીને મૂળ જેવો જ નમૂનો તૈયાર કરવામાં આવે છે. જે પ્રાણીઓ લુપ્ત થઈ રહ્યા છે એ કેવા દેખાતા હતાં એ ભવિષ્યની પેઢીના અભ્યાસ માટે જરૂરી છે. બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં ટેક્સિડર્મી કળાનો પ્રારંભ થયો એ વખતે જે વૈજ્ઞાનિક આવ્યા ત્યારે એમને જ્ઞાતિની બહાર કાઢી મૂકવા સુધીની સજા થઇ હતી. .

આપણે વાત કરતાં હતાં ભારતના જાણીતા પેલેસ મ્યુઝિયમની. જે તે સમયના રાજા મહારાજાઓની બહાદુરીનું પ્રમાણ એટલે એમણે કરેલાં શિકાર. રજવાડાના મ્યુઝિયમની મુલાકાત લઇએ ત્યારે શિકાર થયેલા પ્રાણીના નમૂનાઓ જોઇને રાજવીઓની બહાદુરી પર અભિમાન થાય. એ વખતે હરણ , વાઘ હોય કે હાથીના શિકાર જેવાં દેહની ચામડીને હાડકાઓનાં સાંધા સાથે નાની નાની બારીકાઈથી સાચવીને મુકવાની કળા વિશે વિચારીએ તો ખ્યાલ આવે કે બસ્સો - ત્રણસો વર્ષ પહેલાં શિકાર થયેલાં પ્રાણીઓને કેટલી કાળજી સાથે સાચવવામાં આવ્યાં હશે. આ પ્રાણીની ચામડી નીચે દુર્ગંધ ન મારે એવા કેમિકલ ભરીને પેલેસમાં સાચવવામાં આવતાં હતાં.

આમ તો ટેક્સિડર્મી કળા માણસજાતને સમય અને સંજોગોએ શીખવી હતી. શિકાર કરીને જીવતી પ્રજા પ્રાણીઓની ખાલ ઉતારીને સંભાળપૂર્વક જાળવણી કરવા લાગી. પ્રાણીની ચામડીનો ઉપયોગ કપડાં તથા શરીર રક્ષણ માટે જરૂરી હતો. માણસ અનુભવોને આધારે ચામડું સુકવીને લાંબા સમય માટે જાળવતા શીખતો ગયો.

ટેક્સિડર્મી કળા મુશ્કેલ એટલા માટે બની છે કે ભારતમાં શિકાર પર કડક પ્રતિબંધ છે અને આ કળા માટે પ્રાણી- પક્ષીનાં શરીર રચના વિષે પૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે. શક્ય છે કે ટેક્સિડર્મી કળાના પ્રારંભમાં પ્રાણીઓનાં શરીર ઓરિજિનલ સ્વરૂપે ના પણ હોઇ શકે. કદાચ નાની-મોટી ભૂલ પણ થતી હશે. સમય જતાં રાજા-રજવાડાઓના યોગદાનથી આપણે વિદેશમાં જ્ઞાન આપી શકીએ એટલા પાવરધા થયાં હતાં. કમનસીબે હાલમાં મ્યુઝિયમ સાયન્સમાં ભણાવવામાં આવતા આ ટેક્સિડર્મી વિષય માટે નિષ્ણાત મળતા નથી.

એક અંદાજ મુજબ ભારતની ૧૪૦ કરોડની જનતામાં ટેક્સિડર્મી કળાના જાણકાર માંડ ૧૦ થી ૧૫ જ વ્યક્તિ છે. અમેરિકા તથા યુરોપના દેશોમાં ધનિકો ઘરમાં શિકારને મુકતા હોવાથી આજે પણ આ કળા લાખો રૂપિયાની કમાણી કરાવે છે ટેક્સિડર્મી ધીરજપૂર્વક કામ કરવાની કળા શીખવે છે.

(જુઓ પાનું ૬) ▸▸

# પોખરણમાં 'ત્રિશક્તિ'નું શક્તિપ્રદર્શન

પોખરણ : દર્શકોએ આશ્ચર્યમાં ગરકાવ થઈને રાજસ્થાનમાં મંગળવારે 'ભારત શક્તિ' કવાયત જોઈ હતી. આ પ્રસંગે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે પોખરણ ભારતની આત્મનિર્ભરતા, શ્રદ્ધા અને સ્વમાનની ત્રિશક્તિનું સાક્ષી છે.

પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં ૫૦ મિનિટ સુધી સંકલિત ત્રિસેવાએ હથિયારોનું શક્તિપ્રદર્શન અને પરિચાલન તત્પરતા દાખવી હતી. આમાં સંરક્ષણના દેશી ઉપકરણોની તાકાત બતાડી હતી.

એલસીએ તેજસ, હવાથી ભરેલા એએલએચ-એમકે-ચારની ગર્જના સાંભળવા મળી હતી. મુખ્ય યુદ્ધ ટેંક અર્જુન અને કે-નવ વાજરા, ધનુષ અને શારંગ આર્ટિલરી ગન સિસ્ટમે જમીન પરના ફાયરિંગ રેન્જમાં ધમધમાટી બોલાવી હતી. પનિકા સેટેલાઈટ સિસ્ટમ અને ડ્રોનના કાફલાએ દર્શકોને હેરતમાં નાખી દીધા હતા.

વડા પ્રધાને આ વેળાએ સંબોધન કરતાં કહ્યું હતું કે હવામાં વિમાનોની ગર્જના અને જમીન પર ટેન્કના પરાક્રમ એ નવા ભારતનું આવહાન છે. તેમણે એ યાદ કર્યું હતું કે ભૂતકાળમાં ભારતનું અણુ પરીક્ષણ પોખરણમાં કરાયું હતું. (એજન્સી)■




**કવાયતઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ, રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, ચીફ ઑફ આર્મી સ્ટાફ જનરલ મનોજ પાંડે અને ચીફ ઑફ ઍર સ્ટાફ ઍર ચીફ માર્શલ વી. આર. ચોધરીએ રાજસ્થાનના પોખરણ ખાતે મંગળવારે હાથ ધરવામાં આવેલી ભારતશક્તિ કવાયતમાં હાજરી આપી હતી. (એજન્સી)

# સીએએના અમલ પર સ્ટે માગતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ

નવી દિલ્હીઃ સિટિઝનશિપ અમેન્ડમેન્ટ ઍક્ટ (સીએએ) ૨૦૧૯ની બંધારણીય યોગ્યતાને પડકારતી ૧૫૦ જેટલી અરજીઓ જ્યાં સુધી અનિર્ણિત પડેલી છે ત્યાં સુધી સીએએને અમલમાં ન મૂકવાનો કેન્દ્ર સરકારને આદેશ આપવાની માગણી કરતી અરજી મંગળવારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

કોઈપણ દસ્તાવેજ વિના ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ અગાઉ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બંગલાદેશથી ભારત આવેલા બિનમુસ્લિમોને ભારતનું નાગરિકત્વ આપતા આ કાયદાને ટ્રેક લોકસભામાં મંજૂર કરવામાં આવ્યાના ચાર વર્ષ બાદ કેન્દ્ર સરકારે સીએએને અમલી બનાવવા જાહેરનામું બહાર પાડ્યાને પગલે સુપ્રીમ કોર્ટમાં આ અરજી દાખલ કરવામાં આવી હતી.

ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ)એ અરજી કરી સીએએના અમલને પડકારતી અરજી કોર્ટમાં દાખલ કરી હતી અને મુસ્લિમોને પણ આ મામલે ન્યાય મળે અને તેઓ પણ ભારતનું નાગરિકત્વ મેળવવા અરજી કરી શકે તેની ખાતરી કરવાનો કેન્દ્ર સરકારને આદેશ આપવાની માગણી કરી હતી.

સીએએ વર્તમાન જોગવાઈ અંતર્ગત પાકિસ્તાન, અફઘાનિસ્તાન કે બંગલાદેશથી ભારત આવેલા મુસ્લિમો ભારતનું નાગરિકત્વ મેળવવા અરજી નહીં કરી શકે.

ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઑફ ઈન્ડિયાએ પણ સીએએ ૨૦૨૪ના અમલ પર સ્ટે આપવાની માગણી કરતી અરજી અલગથી કરી છે.

કોર્ટ સીએએને ગેરબંધારણીય ઠેરવે તેવા સંજોગોમાં આ કાયદા અંતર્ગત જેમને ભારતનું નાગરિકત્વ આપવામાં આવશે તે તેના અધિકારથી વંચિત થઈ જશે અને એટલે જ કોર્ટ જ્યાં સુધી આ અંગે અંતિમ નિર્ણય ન લે ત્યાં સુધી તેનો અમલ કરવામાં ન આવે એવી માગણી તેમણે કરી હતી. (એજન્સી)■

# ઈશાન ભારતના આદિવાસી વિસ્તારોમાં સીએએનો અમલ નહીં થાય

નવી દિલ્હી : બંધારણના છઠ્ઠા અનુચ્છેદ હેઠળ ખાસ દરજ્જો ધરાવતાં રાજ્યો સહિતના ઈશાન ભારતનાં રાજ્યોના મોટા ભાગના આદિવાસી વિસ્તારોને સિટિઝનશિપ (અમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૯ના કાર્યક્ષેત્રથી બહાર રખાયા છે. આ કાયદો સોમવારથી અમલમાં આવ્યો છે. જ્યાં ઈનર લાઈન પરમિટ (આઈએલપી) અસ્તિત્વમાં છે એવા ઈશાનના રાજ્યોમાં સીએએનો અમલ નહીં થાય. અરૂણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, મિઝોરમ અને મણિપુરમાં આઈએલપી અમલમાં છે. આઈએલપી હેઠળ દેશના બીજા વિસ્તારોના લોકો આ રાજ્યોની મુલાકાત લેવા માગતા હોય તો તેમને રાજ્ય સરકારની પરવાનગી લેવી પડે છે.

છઠ્ઠા અનુચ્છેદ હેઠળ જે આદિવાસી વિસ્તારોમાં સ્વાયત્ત કાઉન્સિલ રચવામાં આવી છે એ વિસ્તારોને પણ સીએએના અમલમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આવી કાઉન્સિલો આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરામાં છે.

સીએએનો વિરોધ કરનારા ૫૫ વિદ્યાર્થીની દિલ્હીમાં અટકાયત દરમિયાન દિલ્હી વિદ્યાપીઠની આર્ટ ફેકલ્ટીમાં સીએએના અમલ વિરુદ્ધ દેખાવ કરવા એકઠા થનાર ૫૫ વિદ્યાર્થીઓની અટક કરાઈ હતી, એવી માહિતી પોલીસે આપી હતી. ડાબેરીને સંલગ્ન યુનિયન એઆઈએસએએ સીએએના અમલ સામે દેખાવનું આયોજન કર્યું હતું. (એજન્સી)■

# અભિનેતા કમલ હાસન, વિજયે સીએએનો વિરોધ કર્યો

ચેન્નાઈઃ મક્કલ નીધી માઈમના સ્થાપક અભિનેતા કમલ હાસન અને અભિનેતા વિજય, જેણે તાજેતરમાં તેમની રાજકીય પાર્ટી તમિઝાગા વેટ્રિક કઝગમ શરૂ કરી છે, એમણે મંગળવારે નાગરિકતા (સુધારા) અધિનિયમ અને તેના અમલીકરણનો સખત વિરોધ કર્યો હતો.

હાસને આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર સરકાર આ કાયદા દ્વારા સામાન્ય ચૂંટણી પહેલા લોકોને વિભાજિત કરવા અને સંવાદિતાને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહી છે અને ધ્યાન દોર્યું હતું કે તેમની પાર્ટીએ કાયદાકીય અને રાજકીય રીતે સીએએનો અતૂટ વિરોધ કર્યો છે.

કેન્દ્રએ ગઈકાલે સીએએ લાગુ કરવા માટે નિયમો જાહેર કર્યા હતા.

હાસને સવાલ કર્યો હતો કે જો સીએએનો હેતુ દલિત ધાર્મિક લઘુમતીઓને રક્ષણ આપવાનો છે, તો શા માટે શ્રીલંકાના તમિલોને સામેલ ન કરવામાં આવ્યા જેમણે સમાન મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.

અભિનેતા વિજયે સીએએને ''વિભાજનકારી'' ગણાવ્યું અને કહ્યું કે આથી તે અસ્વીકાર્ય છે. એણે એવી માગ કરી હતી કે ડીએમકે શાસન લોકોને ખાતરી આપે કે સીએએ તમિલનાડુમાં લાગુ કરવામાં આવશે નહીં.

પાર્ટીના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પોસ્ટ કરેલા નિવેદનમાં, વિજયે કહ્યું કે સીએએ જેવા કાયદાનો કોઈ ભાગ જે 'વિભાજનકારી રાજકારણ' ને અનુસરીને લાગુ કરવામાં આવી રહ્યો છે તે સ્વીકાર્ય નથી. ■

# એનઆરસી માટે અરજી કર્યા વિના એક પણ વ્યક્તિને નાગરિકતા મળી તો રાજીનામું આપી દઈશઃ આસામના મુખ્યમંત્રી

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંત વિશ્વ સરમાએ મંગળવારે કહ્યું હતું કે જો કોઈ નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સ (એનઆરસી) માટે અરજી નહીં કરનારા કોઇ પણ વ્યક્તિને નાગરિકતા મળી જાય છે તો તેઓ રાજીનામું આપનારા પ્રથમ વ્યક્તિ હશે. સોમવારે વિવાદાસ્પદ નાગરિક સંશોધન અધિનિયમ, ૨૦૧૯ (સીએએ) લાગુ થયા બાદ વિપક્ષ દ્વારા કેન્દ્ર સરકારની થઇ રહેલી ટીકા અને આખા આસામમાં થઇ રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે તેમણે આ ટિપ્પણી કરી હતી.

તેમણે કહ્યું હતું કે ''જો આવું થશે તો હું વિરોધ કરનાર પ્રથમ વ્યક્તિ બનીશ. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સીએએને લઈને કંઈ નવું નથી, હવે પોર્ટલ પર અરજી કરવાનો સમય આવી ગયો છે.'' હવે પોર્ટલ પરનો ડેટા જણાવશે. આ પછી સ્પષ્ટ થશે કે કાયદાનો વિરોધ કરનારાઓના દાવાઓ સત્ય છે કે નહીં.

મુખ્યમંત્રી સરમાએ કહ્યું હતું ''કે સીએએને સમર્થન આપનારા પણ આસામમાં છે અને જે લોકો તેનું સમર્થન કરી રહ્યા નથી, તે પણ અહીં છે. જે લોકો સીએએનો વિરોધ કરી રહ્યા છે તેઓ કોર્ટમાં જઈ શકે છે. અમારો ઉદ્દેશ્ય રાજ્યમાં શાંતિ જાળવી રાખવાનો છે.'' હું દરેકને આ દિશામાં આગળ વધવાની અપીલ કરવા માગું છું. ■



**હડતાળઃ** જર્મનીમાં ટ્રેનના ડ્રાઈવરોના યુનિયન જીડીએલએ મંગળવારે હડતાળની જાહેરાત કરી હતી. જર્મનીના ફ્રેન્કફર્ટમાં સેન્ટ્રલ સ્ટેશનની બહાર ટ્રેનો ઊભી રાખી દેવાઈ હતી. (એજન્સી)

# વડા પ્રધાને ઓડિશામાં ૨૭૦ રેલવે યોજનાઓનું અનાવરણ કર્યું

ભુવનેશ્વરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વીડિયો કૉન્ફરન્સિંગ મારફતે ૨૭૦ રેલવે યોજનાઓનું ઓડિશામાં અનાવરણ કર્યું હતું અને રાજ્યની ત્રીજી વંદે ભારત ટ્રેનને લીલીઝંડી દેખાડી હતી. નવી રેલવે યોજનાઓમાં સિગ્નલ સિસ્ટમ, નવા સારા કારશેડ તેમ જ વિશાખાપટનમ અને ભુવનેશ્વર વચ્ચે દોડનારી નવી વંદે ભારત એક્સપ્રેસ યોજનાનો સમાવેશ થાય છે, એમ અધિકારીઓએ કહ્યું હતું.

દેશના અન્યા વિસ્તારની રેલવે યોજનાઓની સાથેસાથે મોદીએ અમદાવાદથી ઓડિશાની ૨૭૦ રેલવે યોજનાઓનું અનાવરણ કર્યું હતું. મોદીએ રાજ્યની ત્રીજી વંદે ભારત ટ્રેનને લીલીઝંડી દેખાડી હતી. આ ટ્રેન શનિવારને બાદ કરતા અઠવાડિયાના છ દિવસ દોડશે. (એજન્સી) ■

# જેસલમેરમાં ક્વાયત દરમ્યાન તેજસ તૂટી પડ્યું

જેસલમેર/નવી દિલ્હીઃ ભારતીય વાયુસેનાનું તેજસ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ મંગળવારે રાજસ્થાનના જેસલમેરમાં ઓપરેશનલ ટ્રેનિંગ સોર્ટી દરમિયાન ક્રેશ થયું હતું, જે સ્વદેશી નિર્મિત જેટ સાથે સંકળાયેલી આ પ્રકારની પ્રથમ ઘટના છે. પાયલોટ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી, તેવું અધિકારીઓએ જણાવ્યું હતું. એક સંક્ષિપ્ત નિવેદનમાં, ભારતીય વાયુસેનાએ જણાવ્યું હતું કે અકસ્માતનું કારણ જાણવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો આદેશ આપવામાં આવ્યો છે. દુર્ઘટનામાં સંડોવાયેલું તે પહેલું તેજસ જેટ હતું. તેજસ જેટ ક્વાયતનો ભાગ બનવાનું હતું. આ ક્રેશ પોખરણ રણથી લગભગ ૧૦૦ કિમી. દૂર થયો હતો જ્યાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ટોચના સૈન્ય અધિકારીઓની હાજરીમાં મેગા વોર ગેમ 'ભારત શક્તિ' ચાલી રહી હતી. ■

# તેલુગુ પુસ્તકના ગુજરાતી અનુવાદને મળ્યો દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર

અમદાવાદઃ 'સ્વેચ્છા' નામે નારીવાદી નવલકથાને દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૩ના શ્રેષ્ઠ ગુજરાતી અનુવાદ તરીકે નવાજવામાં આવી છે. ગુજરાતી પુસ્તક અનુવાદ ક્ષેત્ર માટે ગૌરવ સમાન ગણાય એવી ઘટના છે.

કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિવર્ષ મૌલિક સાહિત્ય સર્જન ઉપરાંત વિવિધ ભાષાઓમાં થતા અનુવાદમાંથી જે તે ભાષાના ઉત્તમ અનુવાદને પણ પુરસ્કૃત કરવામાં આવે છે. જે અંતર્ગત આ ૨૦૨૩ના વર્ષ માટે શ્રેષ્ઠ ગુજરાતી અનુવાદના પુસ્તક તરીકે 'સ્વેચ્છા' નવલકથાની પસંદગી કરવામાં આવી છે. મૂળ તેલુગુ ભાષાની આ નવલકથા વોલ્ગાના ઉપનામથી ઓળખાતાં લેખિકા પી. લલિતાકુમારીની છે. આ નવલકથાનો ગુજરાતી અનુવાદ મિનલ દવેએ કર્યો છે.

પ્રથમ તેલુગુ નારીવાદી નવલકથા તરીકે પોંખાયેલી 'સ્વેચ્છા'નો ગુજરાતી અનુવાદ પ્રથમ વખત ૨૦૨૧માં પ્રકાશિત થયો હતો અને ગુજરાતી વાચકો તરફથી ભારે આવકાર મળતાં તેની બીજી આવૃત્તિ પણ થઈ છે. વર્ષ ૨૦૨૩ના ગુજરાતી અનુવાદના પુરસ્કાર માટેની અંતિમ યાદીમાં કુલ પાંચ પુસ્તક - (૧) આંધળો યુગ (અનુવાદઃ અનિરુદ્ધસિંહ ભિખુભા ગોહિલ) મૂળ લેખક ધર્મવીર ભારતીનું હિન્દી નાટક અંધાયુગ, (૨) જવાહર ટનલ (અનુવાદઃ પન્ના ત્રિવેદી) મૂળ લેખક અગ્નિશેખરનો કાશ્મીરી ભાષાનો કાવ્યસંગ્રહ, (૩) માલગુડી ડેઝ (અનુવાદઃ કાન્તિ પટેલ) મૂળ લેખક આર. કે. નારાયણની એ જ નામની ટૂંકી વાર્તાઓનું પુસ્તક, (૪) સ્વેચ્છા (અનુવાદઃ મિનલ દવે) મૂળ લેખક પી. લલિતાકુમારી (વોલ્ગા)ની તેલુગુ નવલકથા તથા (૫) લહરોં કે રાજહંસ (અનુવાદઃ રાજેશ્વરી પટેલ) મૂળ લેખક મોહન રાકેશનું એ જ નામનું હિન્દી નાટક. ■

# સીએએના અરજીકર્તાઓ મૂળ દેશના પુરાવા તરીકે નવ દસ્તાવેજો રજૂ કરી શકશે

## ભારતમાં આગમન માટેના પુરાવા તરીકે ૨૦માંથી કોઈપણ એક દસ્તાવેજ રજૂ કરવાનો રહેશે

નવી દિલ્હીઃ સીએએ (સિટિઝનશિપ (અમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૧૯) હેઠળ ભારતીય નાગરિકતા મેળવવા માગનારા અરજીકર્તાઓ માન્ય અથવા કાલબાહ્ય થઈ ગયેલા પાસપોર્ટ, ઓળખપત્ર અને લેન્ડ ટેનેન્સી રેકોર્ડ સહિતના નવ દસ્તાવેજોમાંથી કોઈપણ એક દસ્તાવેજ દ્વારા પુરાવો આપી શકશે કે તેઓ અફઘાનિસ્તાન, પાકિસ્તાન કે બંગલાદેશના નાગરિક છે.

આવા અરજીકર્તાઓ ભારતમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ની પહેલાં દેશમાં આવ્યા હોવાના પુરાવા તરીકે વીસમાંથી કોઈપણ એક દસ્તાવેજ રજૂ કરી શકે છે, જેમાં વિઝા કે ભારતમાં આગમન વખતે મારવામાં આવેલો ઈમિગ્રેશનનો સ્ટેમ્પ ધરાવતો દસ્તાવેજ, ગ્રામીણ કે શહેરી સ્થાનિક સ્વાયત્ત સંસ્થાના ચૂંટાયેલા જનપ્રતિનિધિનો ભલામણ પત્ર અથવા રેવન્યુ અધિકારીનો પત્ર વગેરે વીસમાંથી કોઈપણ એક દસ્તાવેજ રજૂ કરીને સિદ્ધ કરી શકે છે કે તેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલાં ભારતમાં આવ્યા છે.

નિયમોમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે પાત્રતા સિદ્ધ કરવા માટે સ્થાનિક સામાજિક સંસ્થાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે કે તેઓ હિંદુ, શિખ, બૌદ્ધ, જૈન, પારસી કે ખ્રિસ્તી ધર્મનું પાલન કરે છે અને તે જ ધર્મનું પાલન કરતા રહેશે.

સરકારે સોમવારે દેશમાં સીએએ લાગુ કર્યો હતો.

અરજીકર્તાએ એક સોગંદનામું લખીને આપવાનું રહેશે કે તેઓ વર્તમાન દેશની નાગરિકતા કાયમી ધોરણે ત્યાગી રહ્યા છે અને ભારતને તેઓ કાયમી ધોરણે પોતાનું ઘર બનાવવા માગે છે. (પીટીઆઈ)■

# સીએએ ઈમ્પેક્ટઃ જોધપુરમાં પાકિસ્તાની હિન્દુ શરણાર્થીઓએ ઉજવણી કરી

જોધપુરઃ સંસદ દ્વારા મંજૂર કરવામાં આવેલા વિવાદાસ્પદ સિટિઝનશિપ (અમેન્ડમેન્ટ) એક્ટને ચાર વર્ષ બાદ કેન્દ્ર સરકારે લાગુ કરતાં પાકિસ્તાનથી આવેલા હિન્દુ શરણાર્થીઓમાં આનંદની લાગણી ફરી વળી છે અને જોધપુરમાં આવા હિન્દુઓએ પોતાની ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ તો અમારા માટે રામ રાજ્ય પાછું આવવા જેવું છે.

પાકિસ્તાનથી આવેલા હિન્દુ શરણાર્થીઓની વસ્તીમાં રહેવાસીઓએ સોમવારે રાતે સીએએને અમલમાં મૂકવાની જાહેરાત કરતાં દીવડા પ્રજ્વલિત કર્યા હતા અને ફટકડા ફોડીને આનંદ વ્યક્ત કર્યો હતો. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલાં પાકિસ્તાન, બંગલાદેશ અને અફઘાનિસ્તાનથી આવેલા બિન-મુસ્લિમ શરણાર્થીઓને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

પાકિસ્તાનથી આવેલા એક હિંદુ શરણાર્થી દિનેશ ભીલે કહ્યું હતું કે 'અમે લાંબા સમયથી આની રાહ જોઈ રહ્યા હતા. સીએએ હવે વાસ્તવિકતા બની છે ત્યારે અમારા જેવા અનેક લોકો ભારતીય નાગરિક બની શકે છે.

અન્ય એક શરણાર્થી પેરુમલે કહ્યું હતું કે 'આનાથી અમને નાગરિકતા મળી શકશે અને શરણાર્થીઓને સન્માનજનક જિંદગી મળશે. ભારતમાં છ વર્ષના વસવાટ બાદ ભારતીય નાગરિકતા મળી શકશે આનાથી નાગરિકતા મેળવવાની જે રાહ જોઈ રહ્યા હતા તેમને ફાયદો થશે.

પાકિસ્તાનના શરણાર્થીઓ માટે કામ કરી રહેલા સીમાંત લોક સંગઠનના જણાવ્યા મુજબ જોધપુરમાં જ ૩૫,૦૦૦ લોકો નાગરિકતા મેળવવાની રાહ જોઈ રહ્યા છે. છેલ્લાં દસ વર્ષમાં પાકિસ્તાનથી હિન્દુઓનું સ્થળાંતર વધી ગયું હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે આ કાયદામાં જે કટ-ઓફ્ફ તારીખ રાખવામાં આવી છે તેનાથી છેલ્લાં ૧૦ વર્ષમાં પાકિસ્તાનથી આવેલા ૨૦,૦૦૦ હિન્દુઓને અન્યાય થશે.

પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓ રાજસ્થાનના અલગ અલગ ભાગ જેમ કે બાડમેર, બીકાનેર અને જોધપુરમાં વસવાટ કરે છે. (પીટીઆઈ)■

# સીએએ હેઠળ ભારતીય નાગરિકતા મેળવવા માગતા લોકો માટે સરકારે પોર્ટલ લોન્ચ કર્યું

નવી દિલ્હીઃ ગૃહ મંત્રાલયે મંગળવારે નાગરિકતા (સુધારા) અધિનિયમ ૨૦૧૯ હેઠળ ભારતીય નાગરિકતા માટે અરજી કરવા માટે પાત્રતા ધરાવતા લોકો માટે એક પોર્ટલ શરૂ કર્યું હોવાની માહિતી, એક સત્તાવાર પ્રવક્તાએ આપી હતી.

સરકારે સીએએના અમલીકરણ માટે નિયમો જાહેર કર્યાના એક દિવસ બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

''સીએએ-૨૦૧૯ હેઠળ નાગરિકતા (સુધારા) નિયમો, ૨૦૨૪ને સૂચિત કરવામાં આવ્યા છે. એક નવું પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે, સીએએ-૨૦૧૯ હેઠળ પાત્ર વ્યક્તિઓ આ પોર્ટલ પર નાગરિકતા માટે અરજી કરી શકે છે,'' તેવું પ્રવક્તાએ જણાવ્યું હતું. મોબાઈલ એપ દ્વારા એપ્લિકેશનની સુવિધા આપવા માટે ટૂંક સમયમાં એક મોબાઈલ એપ 'સીએએ-૨૦૧૯' પણ લોન્ચ કરવામાં આવશે. ■


## ક્લાસિફાઈડ

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**વેચવાનો છે**

નવો ગોદરેજ કબાટ (2023) Rs. 10000 ફાઈનલ 7400313150. (એસડીબી-૧૭૯૬)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***શુભલક્ષ્મી જ્યોતિષ***

જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન, ગૃહકલેશ, સૌતનત્રાશ, સંતાન, વિવાહ, પ્યારમાં ધોકા, લવ પ્રોબ્લમ સ્પેશિયાલિસ્ટ. 9324622253 (મુંબઈ). (બી-૧૩૯૧૭)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**FREE DESIGNING**

[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)






(JP-4902-B)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૦૭૨-એ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ વર્ક**

PU ફોમ ઈન્જેક્શન. ગ્રાઉન્ટીંગ તોડ્યા વગર વોટરપ્રુફીંગ વર્ક - બાથરૂમ, ટોયલેટ, સ્વિમીંગ પુલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૧૩૪૮૪-બી)

**બિલ્ડિંગ રિપેરીંગ**

ટેરેસ, સોસાયટી ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, પોડિયમ એરિયા, આઉટસાઈડ વોલ, છજીયા, બિંબ કોલમ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9320210293. (૧૪૨૫૪-ડી)

**વોટરપ્રુફિંગ**

ટેરેસ, આઉટસાઈડ, ક્રેક ફિલિંગ, બાથરૂમ ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ પેઈન્ટિંગ- 9076066069. (જેપી/૪૯૦૬-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૩૮૦૭)

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

# ચાંદીમાં ₹ ૧૨૮નો સુધારો, સોનામાં ₹ ૮૦ની પીછેહઠ

મુંબઈ: અમેરિકા ખાતે વ્યાજદરમાં કપાત માટે નિર્ણાયક ગણાતા ફેબ્રુઆરી મહિનાના ફુગાવાની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સોનાના ભાવમાં નરમાઈનું વલણ અને ચાંદીના ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા. જોકે સ્થાનિક ઝવેરી બજારમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦ની સાધારણ પીછેહઠ જોવા મળી હતી. જોકે, ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૮નો સુધારો આગળ ધપ્યો હતો. આજે સ્થાનિકમાં મુખ્યત્વે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૮ના સુધારા સાથે રૂ. ૭૨,૬૭૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી પણ નિરસ રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦ના ઘટાડા સાથે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૩૦૩ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૫૬૬ના મથાળે રહ્યા હતા.

## સેન્સેક્સ પોઝિટીવ ઝોનમાં પાછો ફર્યો, પરંતુ ૭૪,૦૦૦ની સપાટી પુન: હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યો!

મુંબઇ: એશિયન બજારોના મિશ્ર સંકેતો વચ્ચે એચડીએફસી બેન્ક, ટીસીએસ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મારુતિ, ઇન્ફોસિસ અને ભારતી એરટેલ જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ્સ શેરોમાં ભારે લેવાલીનો ટેકો મળવાથી મંગળવારે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી ઊંચા સ્તરે બંધ થવામાં સફળ રહ્યાં હતાં.

રાબેતા મુજબની અફડાતફડીમાંથી પસાર થઇને ત્રીસ શેર ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ સત્રને અંતે ૧૬૫.૩૨ પોઇન્ટ અથવા ૦.૨૨ ટકા વધીને ૭૩,૬૬૭.૯૬ પોઇન્ટ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, બેરોમીટર ૫૦૧.૫૨ પોઇન્ટ વધીને ૭૪,૦૦૪.૧૬ના સ્તરે પહોંચ્યો હતો પરંતુ ત્યાં ટકી શક્યો નહોતો. જ્યારે વ્યાપક પાયો ધરાવતો એનએસઇનો પચાસ શેરવાળો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૩.૦૫ પોઇન્ટ અથવા ૦.૦૧ ટકાનો નજીવો વધારો નોંધાવીને ૨૨,૩૩૫.૭૦ પોઇન્ટની સપાટી પર લગભગ ફ્લેટ બંધ રહ્યો હતો. સેન્સેક્સ કંપનીઓમાં એચડીએફસી બેન્કની સ્ક્રીપ બે ટકાથી વધુ ઉછળી હતી. ટીસીએસ, મારુતિ, ઈન્ફોસીસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલના શેરમાં સારી લેવાલી સાથે ઉછાળો રહેતા ટોપ ગેઇનર બન્યા હતા. જ્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, જેએસડબલ્યુ સ્ટીલ, આઇટીસી, ટાટા મોટર્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને નેસ્લે ટોપ લુઝર્સ રહ્યાં હતાં.

મૂડીબજારમાં ઘણા સમય બાદ કોઇ શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયો છે. ઇન્ટિગ્રેટેડ માર્કેટિંગ સર્વિસ કંપની આર કે સ્વામીનો શેર એનએસઇ પર તેના રૂ. ૨૮૮ના ઇશ્યુ ભાવ સામે ૧૩.૧૯ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૨૫૦ના ભાવે અને બીએસઇ પર ૧૨.૫ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૨૫૨ના ભાવે એનએસઇ પર લિસ્ટેડ થયો હતો. ભારત હાઇવે ઇન્વીટ તેના રૂ. ૧૦૦ના ઇશ્યૂ ભાવ સામે માત્ર એક ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૦૧ના ભાવે અને એનએસઇ પર ૧.૧ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧.૧૦ના ભાવે લિસ્ટ થયો હતો.

ક્રિએટીવ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ (વીએફએક્સ) સ્ટુડિયો, ફેન્ટમ ડિજિટલ ઇફેક્ટ્સ લિમિટેડે ટિપેટ સ્ટુડિયોમાં ૮૦ ટકાનો બહુમતી હિસ્સો મેળવવા માટે ટર્મ શીટને અંતિમ સ્વરૂપ આપી દીધું છે આ એક્વિઝિશન ફેન્ટમ એફએક્સને ઓસ્કાર વિજેતા ફિલ્મ નિર્માતા ફિલ ટીપેટ દ્વારા સ્થાપિત સુપ્રસિદ્ધ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ પ્રોડક્શન કંપનીની કામગીરી પર નિયંત્રણ આપશે, જે જુરાસિક પાર્ક અને સ્ટારવોર્સ માટે પ્રખ્યાત છે.

ટોચની સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ હેડે જણાવ્યું હતું કે, પાછલા દિવસની તીવ્ર પ્રોફિટ બુકિંગ પછી મંગળવારે સ્થાનિક બજારમાં રેન્જબાઉન્ડ ટ્રેડિંગ જોવા મળ્યું હતું. જોકે, સેબીના ફંડોને આદેશને કારણે વેલ્યુએશન્સ અંગે ઊભી થયેલી ચિંતા વચ્ચે મિડ અને સ્મોલ-કેપ શેરો વેચવાલીના દબાણ હેઠળ રહ્યા હતા.

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

૧લો માળ, એક્ષ્ટેન્શન બિલ્ડિંગ, F/સાઉથ વોર્ડ, ડૉ. B.A. રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ ''ઈ-ટેન્ડર'' મંગાવે છે :

| વર્ણન | ઈ-ટેન્ડર નંબર | બીડ સ્કુટીની ફી (રૂા.) | બાના રકમ ડિપોઝિટ (રૂ.) | કોન્ટ્રાક્ટ મુદત | બીડ પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટે પાકતી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| F/સાઉથ વોર્ડમાં SWD લાઈન પર વિવિધ પ્રકારના મેનહોલ કવર માટે પ્રોટેક્ટિવ સેફ્ટી ગ્રીલ્સનું ફેબ્રિકેશન, સપ્લાય અને ઈન્સ્ટોલેશન | ૨૦૨૪_ MCGM_ ૧૦૩૨૫૧૭_૧ | ૧૭,૭૦૦/- (૧૫,૦૦૦/- + GST) | ૪,૨૭,૦૬૬/- | ૯૦ દિવસ | ૧૧.૦૩.૨૦૨૪ ૧૬.૦૦ કલાકે | ૧૭.૦૩.૨૦૨૪ ૧૬.૦૦ કલાકે |

પાત્રતા માપદંડ અને વધુ વિગતો માટે :

લોગ ઓન કરો : NIC પોર્ટલ https://www.mahatenders.gov.in

અથવા આસીસ્ટન્ટ કમિશનર F/સાઉથ વોર્ડ
કિર્તી મહાલ હૉટેલ, ડૉ. B.A. રોડ,
પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.
ફોન. ૦૨૨-૨૪૧૩૪૫૬૦
ઈમેલ id : ae01swm.fs@gov.in
ની ઓફીસમાં સંપર્ક કરો.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM)
F/સાઉથ વોર્ડ

PRO/3352/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**આરોગ્ય વિભાગ**

કે. બી. ભાભા હૉસ્પિટલ, R. K. પાટકર માર્ગ, બાન્દ્રા(પ.), મુંબઈ-૪૦૦૦૫૦.

**ઈ-ક્વોટેશન નોટિસ/ ઈ-ટેન્ડર નોટિસ**

નં. એચઓ/૧૪૭૯૦/KBB/ તા. ૧૨-૩-૨૦૨૪

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર (MCGM) લાયક કોન્ટ્રેક્ટરો/ વિક્રેતા પાસેથી આ લાઈનમાં લેતી દેતી કરનારા પાસેથી મંગાવે છે.

ઈ-ક્વોટેશન/ ઈ-ટેન્ડર વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | પેરામીટર્સ | | વિગતો | |
|---|---|---|---|---|
| ૧ | ઈ-ક્વોટેશન / બીડ નં. | : | 2024_MCGM_1032246 | |
| ૨ | વિભાગ | : | પેરીફેરલ હોસ્પિટલ | |
| ૩ | ઈ-ક્વોટેશનનો વિષય | : | K. B. ભાભા હોસ્પિટલ, બાન્દ્રા (પ.) ખાતે સંલગ્ન કામો સાથે રુગ્ણ મિત્ર માટે ફુલ્લી ઇક્વીપ્ડ પૉર્ટેબલ ઓફિસ હેલ્પ ડેસ્કનું SITC | |
| ૪ | સંપર્ક વિગતો | : | મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ<br>ટેલી.: ૦૨૨ ૨૬૪૨૨૭૭૫ એક્ષ્ટે. ૪૭૧૨/૪૬૦૦<br>ઈ-મેઈલ : bhabha.bandra@yahoo.com | |
| ૫ | અગત્યની તારીખો | : | વિગતો<br>પ્રારંભ તારીખ<br>ઓનલાઈન ઈ-ક્વોટેશન ડાઉનલોડ કરવાની | તારીખથી / સમયથી<br>૧૩.૦૩.૨૦૨૪ના<br>૧૩.૦૦ ક. થી |
| | | | ઓનલાઈન ઈ-ક્વોટેશન સુપ્રતિની છેલ્લી તારીખ | ૧૯.૦૩.૨૦૨૪ના<br>૧૩.૩૦ ક. |

ઈ-ક્વોટેશન મહાટેન્ડર્સથી ડાઉનલોડ કરી શકાશે. અથવા ટેલિ. નં. ૦૨૨ ૨૬૪૨૨૭૭૫ એક્ષ્ટે.: ૪૬૦૦/ ૪૭૧૨ ઉપર અમારો સંપર્ક કરો.

તારીખ : ૧૨.૦૩.૨૦૨૪
સ્થળ : મુંબઈ

સહી/-
ડે. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ
કે. બી. ભાભા હોસ્પિટલ, બાન્દ્રા (પ.)

PRO/3384/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાયન**

**ઈ-ટેન્ડર નોટિસ**

**નંબર LTH/૪૩૮/R તા. ૧૨.૦૩.૨૦૨૪ના**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. ઈ-ટેન્ડર કોપી ઈ-પ્રોક્યોરમેન્ટ સેક્શન હેઠળ મહાટેન્ડર્સ પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોજીટ (બારડી) રૂ. | ઈ-ટેન્ડર સ્ક્રુટીની ફી રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | L.T.M.G. હોસ્પિટલમાં ફાર્મસી વિભાગ ખાતે ડિસ્ટીલેડ વોટર પ્લાન્ટની ફાર્મસી વિભાગ અને AMC કોન્ટ્રાકટ ખાતે સમારકામ કાર્ય. [બીડ નં. ૨૦૨૪_MCGM_૧૦૩૨૯૧૩_૧] | ૯,૦૦૦/- | ૧૨૦૦/- + ૧૮% GST | ૧૩/૩/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨૦/૩/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૨ | L.T.M.G. હોસ્પિટલ પ્રિમાઈસિસ ખાતે વિવિધ આઈટમોની સમારકામ, પેઈન્ટીંગ અને મોડીફાઈંગ [બીડ નં. ૨૦૨૪_MCGM_૧૦૩૨૮૮૯_૧] | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + ૧૮% GST | ૧૩/૩/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨૦/૩/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૩ | ૩ વર્ષની મુદત માટે L.T.M.G. હોસ્પિટલ ખાતે વિવિધ OT ટેબલોની વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ [બીડ નં. ૨૦૨૪_MCGM_૧૦૩૨૯૦૧_૧] | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + ૧૮% GST | ૧૩/૩/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨૦/૩/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૪ | L.T.M.G. હોસ્પિટલમાં સેમિનાર હોલ અને વિવિધ કામો ખાતે ઓકોસ્ટીક ફલોરિંગની જોગવાઈ અને ફિક્સિંગ [બીડ નં. ૨૦૨૪_MCGM_૧૦૩૨૯૦૭_૧] | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + ૧૮% GST | ૧૩/૨/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨૦/૩/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |

BMCમાં નોંધાયેલ લોકો સહિત તમામ બિડરોએ સ્ટેન્ડિંગ ડિપોઝિટ ચૂકવી દીધી છે, તેમણે બૃહદ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનને બારડી ચૂકવવાની જરૂર છે. ટેન્ડરરે બિડ ઓનલાઇન સુપ્રત કરવાની સાથે મહા ટેન્ડર પોર્ટલ દ્વારા નિર્દિષ્ટ રકમની બારડી ચૂકવવી પડશે.

ઇ-ટેન્ડર બિડર્સે નોંધ લેવી જોઇએ કે, આ ઇ-ટેન્ડર નોટીસ અંગે જારી કરાયેલ કોઇપણ સુધારા BMC પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારમાં કોઇ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

**નોંધ:** a) ઉપરોક્ત ટેન્ડર માટે પાત્રતા માપદંડો અપલોડ કરાયેલ ઇ-ટેન્ડર સૂચનામાંથી મ્યુનિસિપલ વેબસાઇટ પર http://www.mcgm.gov.in & https://mahatenders.gov.in સંદર્ભ લો.

b) બિડરે પૂર્વ-લાયકાતની શેડયૂલમાં ઉલ્લેખિત માહિતી સંબંધિત દસ્તાવેજી પૂરાવા અપલોડ કરવાના રહેશે.

BMC કોઇપણ કારણ આપ્યા વિના ઉપરોકત કામો માટે મળેલ કોઇપણ અરજી સ્વીકારવાનો અને કોઇપણ તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

**બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશના કમિશનરના આદેશથી.**

સહી/-
ડીન
L.T. M. G. હોસ્પિટલ

PRO/3375/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ)

Dy.HE(M&E)/M-IIIA/૭૩૫૫/PP તા.૧૧/૦૩/૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ સમાપ્તિ તારીખ અને સમય મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૪_MCGM_૧૦૩૨૩૬૧ | ફિલ્ટર પ્લાન્ટ M-IIIA, પાંજરાપુર ખાતે ન્યુમેટિક એક્ટયુએટર (MOR અને લિમિટ સ્વીચ સાથે)ની બદલી. |

ઈચ્છુક ટેન્ડરરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મહારાષ્ટ્ર સરકારની (મહાટેન્ડર્સ) વેબસાઈટ http://mahatenders.gov.inની મુલાકાત લેવી.

**સહી/-**
(A.S. ભોઈર)
**Dy.H.E.(M&E)/M-IIIAPP.** i/c

PRO/3346/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

ચીફ એન્જિનિયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ)નો વિભાગ

નં. E.E.MECH/૪૮૨૮/REF તા. ૧૨-૩-૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ડિપાર્ટમેન્ટ | ચી. એન્જી. (M&E) |
| સબ ડિપાર્ટમેન્ટ | ડે.ચી. એન્જી. (M&E) શહેર/એક્ઝિ. એન્જી. મીકે. (રેફ્રીજરેશન) |
| બીડ નંબર્સ | ૧) ૨૦૨૪_MCGM_૧૦૩૨૩૭૯_૧<br>૨) ૨૦૨૪_MCGM_૧૦૩૨૪૨૮_૧<br>૩) ૨૦૨૪_MCGM_૧૦૩૨૪૮૫_૧ |
| વિષય | ૧) એક વર્ષની મુદત માટે વિવિધ BMC હૉસ્પિટલ/ ઓફિસ ખાતે વિવિધ AC પ્લાન્ટનું ઓપરેશન. E.E.મીકે./Ref./T-૧૦૨ તારીખ ૧૨.૦૩.૨૪<br>૨) ત્રણ વર્ષ માટે નાયર હૉસ્પિટલ ડેન્ટલ કૉલેજમાં એર કન્ડીશનીંગ સિસ્ટમની વ્યાપક સેવા અને જાળવણી કોન્ટ્રાક્ટ ૦૧.૦૬.૨૦૨૪થી ૩૧.૦૫.૨૦૨૭. E.E.મીકે./Ref./T-૧૦૩ તારીખ ૧૨.૦૩.૨૪<br>૩) ત્રણ વર્ષ મુદત માટે વડાલા ફાયર બ્રિગેડ કમાન્ડન્ટ સેન્ટર ખાતે બે શીફ્ટમાં ૨૭૦ TR (૩ નં. x ૯૦ TR) કેપેસીટ સેન્ટ્રલ એર કન્ડીશનીંગ પ્લાન્ટનું ઓપરેશન. E.E.મીકે./Ref./T-૧૦૪ તારીખ ૧૨.૦૩.૨૪ |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૧૩.૦૩.૨૦૨૪ સ. ૧૧.૦૦ ક. |
| પ્રી બીડ મીટિંગ | ૨૦.૦૩.૨૦૨૪ બ. ૧૫.૦૦ ક. |
| બીડ સમાપ્તિ તારીખ અને સમય | ૦૨.૦૪.૨૦૨૪ સાં. ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | http://portal.www.mcgm.gov.in |
| સંપર્ક અધિકારીનું નામ | શ્રી. એ. કે. જંભોરે |
| લેન્ડલાઈન નં. | -- |
| મોબાઈલ નં. | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈ-મેઈલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
એ.કે. જંભોરે
ઈ.ઈ.મીકે. (રેફ્રિજરેશન)

PRO/3369/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(હાઈડ્રોલિક એન્જીનિયર્સ વિભાગ)

**ઈ-ટેન્ડર નોટિસ**

**બૃહન્મુંબઈ મહાનગર પાલિકાના કમિશનર દ્વારા નીચે જણાવેલા કાર્ય માટે** ત્રણ પેકેટ સિસ્ટમમાં **આઈટમ રેટ આધારે** લાઈનમાં ડીલ કરતી પેઢીઓને ઓનલાઈન ટેન્ડર માટે આમંત્રણ આપવામાં આવે છે:-

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | 2024_MCGM_1032779 (આઈટમ રેટ ધોરણે) |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | AEWW(M)WS/N-II ડીવીજન હેઠળ હનૂમાન ટેકરી પંપીંગ સ્ટેશન, બોરીવલી (પૂર્વ) ખાતે સંલગ્ન કામો તથા કંટ્રોલ પેનલ સાથે સેન્ટ્રીફ્યુગલ પંપ સેટસની ડીઝાઇન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમીશનીંગ. |
| ટેન્ડરની સ્ક્રૂટીની ફી | રૂા. ૧૭,૭૦૦/- (રૂા. ૧૫૦૦૦/- +૧૮% GST લાગુ પડવા મુજબ) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત) | NA, આઈટમ રેટ ટેન્ડર |
| બિડ સિક્યોરિટી ડિપોઝિટ / ઈએમડી | રૂા. ૨,૩૦,૦૦૦/- ટેન્ડરરે URL https://mahatenders.gov.in ઉપર GOMના પેમેન્ટ ગેટવેઝ દ્વારા બારડીની સંપૂર્ણ રકમ ચૂકવવી પડશે. બીડરે પેકેટ 'એ'માં બીડ સુપ્રતિ સાથે ઓનલાઈન ચૂકવેલ બારડીની સ્કેન કોપી અપલોડ કરવી જોઈશે. |
| સમય મર્યાદા | ૧૨ માસ (ચોમાસા સહિત) |
| ટેન્ડર જારી કરવાની અને વેચાણની તા. | ૧૨-૦૩-૨૦૨૪ના સવારે ૧૧.૦૦ ક. |
| ટેન્ડરના વેચાણની છેલ્લી તા. સમય અને બીડ સિક્યોરિટીની પ્રાપ્તી | ૨૬/૦૩/૨૦૨૪ બ. ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ એ, બી અને પેકેટ સી (ઓનલાઈન) જમા કરાવવા માટે | ૨૬/૦૩/૨૦૨૪ સાંજે ૪.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ સભા | ૧૫/૦૩/૨૪ |
| પેકેટ એ ખુલશે | ૨૮/૦૩/૨૦૨૪ સાંજે ૩.૦૧ ક. બાદ |
| પેકેટ B ખુલશે | ૦૨/૦૪/૨૦૨૪ સાંજે ૩.૧૦ ક. બાદ |
| પેકેટ C ખુલશે | ૧૨/૦૪/૨૦૨૪ બપોરે ૩.૦૦ ક. બાદ |
| વેબસાઈટ | Https://mahatenders.gov.in |
| સંપર્ક માટેનું સરનામું | આસીસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્ક (મેઈન્ટેનન્સ), પશ્ચિમી પરાં/ ઉત્તર, મ્યુનિ. માર્કેટ બિલ્ડિંગ, પાવનધામ મંદિર સામે, મહાવીર નગર, હાર્મોની ટાવર નજીક, બોરીવલી (પ.), મુંબઈ-૪૦૦૦૯૨. |
| બિડ ખુલવાનું સ્થળ | આસીસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્ક (મેઈન્ટેનન્સ), પશ્ચિમી પરાં/ ઉત્તર, મ્યુનિ. માર્કેટ બિલ્ડિંગ, પાવનધામ મંદિર સામે, મહાવીર નગર, હાર્મોની ટાવર નજીક, બોરીવલી (પ.), મુંબઈ-૪૦૦૦૯૨ની ઓફિસમાં ઓનલાઈન. |

આ ટેન્ડર ડોક્યુમેન્ટ ટ્રાન્સફરેબલ નથી.
બીએમસી કોઈ પણ કે બધી અરજી કોઈ પણ કારણ જણાવ્યા વિના સ્વીકારવાનો કે નકારવાનો અબાધિત હક ધરાવે છે.

સહી/-
EE (M) MW

સહી/-
ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (મેઈન્ટેનન્સ)

PRO/3386/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**K.E.M. હોસ્પિટલ, પરેલ**

નંબર KEMH/૫૧૮૪/AEME તારીખ ૧૨.૦૩.૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

| | | | |
|---|---|---|---|
| ડિપાર્ટમેન્ટ | | : | ડિપાર્ટમેન્ટ KEM હોસ્પિટલ |
| બીડ આમંત્રણ નંબર | | : | બીડ નંબર ૨૦૨૪_MCGM_૧૦૧૬૧૩૩ |
| વિષય | | : | KEM હોસ્પિટલના AKD વોર્ડમાં વિવિધ આનુષંગિક કામો હાથ ધરવા. |
| બીડનું વેચાણ | | : | તારીખ ૧૩.૦૩.૨૦૨૪ના ૧૬.૦૦ ક.થી<br>તારીખ ૨૦.૦૩.૨૦૨૪ના ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | | : | https://portal.mcgm.gov.in<br>https://www.mahatenders.gov.in |
| A) | સંપર્ક અધિકારી | : | આસી. એન્જીનીયર (M & E) KEM |
| B) | નામ | : | શ્રીમતી મનીષા જાદવ / શ્રી કેતન ગાવડે |
| C) | ટેલીફોન | : | ૦૨૨૨૪૧૦૭૭૬૮/૭૪૫૭ |
| D) | ઈમેઈલ ID | : | ae02me.kem@mcgm.gov.in |

સહી/-
ડીન (KEMH)

PRO/3381/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(સ્યૂઅરેજ ઓપરેશન વિભાગ)

**ઈ-ટેન્ડર નોટીસ**

**બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન**

| | |
|---|---|
| વિભાગ | ચી.એ.(S.O.) |
| સેક્શન | ડે.ચી.એ.(S.O.)P&C |
| ટેન્ડર નંબર | ૨૦૨૪_MCGM_૧૦૩૨૩૩૨ |
| વિષય | **S.O. વિભાગના GISમાં ડેટા અપડેટ અને સમગ્ર મુંબઈના સીવર નેટવર્કના પુનઃ માન્યતા સર્વેક્ષણની કામગીરી** |
| ટેન્ડરની સેલિંગ | ૧૩-૦૩-૨૦૨૪ સમય: સ. ૧૧:૦૦થી |
| | ૧૬-૦૪-૨૦૨૪ સમય: બ. ૧૬:૦૦ સુધી |
| ડાઉનલોડ ફોર્મ | http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ: | |
| a) નામ | શ્રી અનીલકુમાર ભોઈતે (એક્ષિક્યૂટીવ એન્જિનિયર) |
| b) ટેલિ.નં.(ઓફિસ) | ૦૨૨-૨૪૨૨૬૧૩૩, ૯૮૬૭૩૨૯૭૮૯ |
| c) ઈ-મેલ સરનામું | eetnsumc.so@mcgm.gov.in |

સહી/-
(૧૧.૦૩.૨૦૨૪)
E.E.(S.O.) Trg.& SUMC

PRO/3365/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**મ્યુનિસિપલ આર્કિટેક વિભાગ**

૩જો માળ, એન્જિનિયરિંગ હબ, ડૉ. ઈ મોઝેસ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮.
ફોન: ૦૨૨-૨૪૯૫ ૭૮૦૨, ઈમેલ: ma@mcgm.gov.in
ચી.એ./M.A./૩૭૩૨/I તા: ૧૨/૦૩/૨૦૨૪.

**ટુંકી ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (B.M.) |
| પેટા-વિભાગ | મ્યુનિસિપલ આર્કિટેક વિભાગ |
| ટેન્ડર ID | ૨૦૨૪_MCGM_૧૦૩૨૨૯૭ |
| વિષય | ગામ દેવનાર, ગોવંડી, મુંબઈના ગામ બોરલા અને C.T.S. નંબર ૩૦૧/ 1A, ૩૦૬ (pt), ખાતે C.T.S. નં. ૩૭૨, (pt), ૩૭૧/ ૧ ધરાવતી જમીન પર શતાબ્દી હોસ્પિટલ કોમ્પ્લેકસ ખાતે નવા હોસ્પિટલ બિલ્ડીંગ ખાતે ફર્નિચર અને ઈન્ટેરિયર કામની સૂચિત |
| ટેન્ડર-વેચાણ | ૧૩/૦૩/૨૦૨૪ ૧૪.૦૦ કલાકથી<br>૦૪/૦૪/૨૦૨૪ ૧૫:૦૦ કલાક સુધી. |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ: | S.E. (આર્કિટેક)/ Sr. આર્કિટેક (W.S.) |
| નામ | શ્રી. સંતોષ વી. જગતાપ/ શ્રી. દિપક એન. બારસ્કર |
| ટેલિ. નંબર | ૯૨૦૯૬૯૬૦૯૪ / ૯૦૦૪૬૬૬૪૫૬ |
| ઈમેલ-id | ma@mcgm.gov.in |

સહી/-
(સુરેન્દ્ર એસ. બોરાલે)
મ્યુનિસિપલ આર્કિટેક્ટ

PRO/3357/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**Mumbai Housing and Area Development Board**
A Regional Unit of Maharashtra Housing and Area Development Authority

म्हाडा MHADA

**Main Portal: https://mahatenders.gov.in**

Dy. Chief Officer (Marketing)/Mumbai Housing and Area Development Board, Regional Board of Maharashtra Housing and Area Development Authority, Room No. 240, 1st Floor Gruhanirman Bhavan, Bandra East, Mumbai - 400051 has invited online bid from registered bidder for online E-tender to allotment of amenity plot in Malad-Malwani, Charkop-Kandivali, Tagore Nagar-Vikhroli, Kannamwar Nagar-Vikhroli, Sion-Pratikshanagar, Oshiwara- Jogeshwari on lease.

**Online E-Tender Schedule**

| Sr.No. | Information | Details |
|---|---|---|
| 1. | Tender Publish Date | 14/03/2024 |
| 2. | Date for Downloading the Tender Document | 14/03/2024 by 3.30 PM |
| 3. | Pre-bid Meeting | 02/04/2024 by 3.00 PM |
| 4. | Last Date for Downloading the Tender Document | 26/04/2024 by 3.30 PM |
| 5. | Last Date (Deadline) for Submission of Bids | 26/04/2024 by 5.30 PM |
| 6. | Opening of Technical Bid at Dy.Chief Officer (Marketing)/Mumbai Board, Room No.240, 1st Floor, Gruhanirman Bhavan, Bandra (E), Mumbai 400 051 | 30/04/2024 by 3.30 PM |
| 7. | Financial Bid Opening date | To be Intimated to eligible Bidders |

1) All tender process being proceeding of online E-tender basis. A two stage (Technical & Financial Bid) selection procedure shall be adopted. So bidder shall submit his tender in two packets. All the information, terms & conditions will be published in **https://mahatenders.gov.in** and MHADA website **https://mhada.gov.in**
2) E-tender Terms and Conditions are mentioned in Tender Document. The Tender Document can be downloaded before submitting the bid form, from the site **https://mahatenders.gov.in**
3) Tender Application Amount of ₹ 5,000/- + 18% GST Totalling to ₹ 5,900/- (non-refundable) as well as EMD amount as mentioned in Annexure-I of the Tender will be required to pay through online mode.
4) The bidders are requested to deposit the EMD through Online Payment Gateway as integrated in the **https://mahatenders.gov.in**
5) First Intimation Letter will be issued within 30 days from the Opening of Financial bid and Financial bid eligible Tenderers have been informed separately on **https://mahatenders.gov.in** The Tender will be opened in the Office of Dy. Chief Officer (Marketing)/Mumbai Board, Room No. 240, 1st Floor, Gruhanirman Bhavan, Bandra (E), Mumbai 400 051.
6) Bidders can produce all relevant documents at the time of submission of the bid.
7) Bidders must procure Digital Signature Certificate as per Information Technology Act-2020 using digital sign and encrypt their electronic bids.
8) The bidders are requested to read all information mentioned in Tender Document before submitting the EMD.
9) The bidder shall submit his bid online through e-tendering Portal **http://mahatenders.gov.in** Helpline No. 022 66405126.
10) The Chief Officer/Mumbai Board has right to accept or reject any tender bid without assigning any reason. All the rights are reserved with Chief Officer/ Mumbai Board about this e-tender process.

**Sd/-**
**Dy. Chief Officer (Marketing)**
**Mumbai Housing And Area Development Board, Mumbai**

CPRO/A/350

હાશ

# આખરે કર્ણાક પુલ ઑગસ્ટના અંત સુધીમાં સેવા માટે ખુલ્લો મુકાશે

## ઓવરહેડ વાયરનાં સ્થળાંતરને લીધે કામ એક મહિનો આગળ ઠેલાયું

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી મસ્જિદ બંદર સ્ટેશન વચ્ચે ત્રણ ઓવરહેડ વાયરના સ્થળાંતરનું કામ મધ્ય રેલવે કરવાનું છે. આને કારણે માર્ચ મહિનામાં મધ્ય રેલવે તરફથી મેગા બ્લોક મળવાનો ન હોવાથી કર્ણાક બંદર પુલ પર ૫૦૦ ટન વજનનું ગર્ડર બેસાડવાનું હવે એપ્રિલ મહિનામાં મુહૂર્ત નીકળશે. આને કારણે હવે પુલ ઓગસ્ટના અંત સુધીમાં સેવામાં આવે શક્યતા છે, એવી માહિતી પાલિકાએ આપી હતી. મસ્જિદ બંદર રેલવે સ્ટેશનથી અમુક જ અંતરે આવેલા પી. ડિમેલો રોડને જોડનારા ૧૫૪ વર્ષ જૂના કર્ણાક પુલનો પાલિકા તરફથી પુનર્વિકાસનું કામ ચાલી રહ્યું છે. દક્ષિણ મુંબઈમાં મસ્જિદ બંદર, સીએસએમટી, મોહમ્મદ અલી રોડ વિસ્તારના વેપારીઓ માટે ટ્રાન્સપોર્ટેશન કરવા કર્ણાક પુલ મહત્ત્વનો છે. ૨૦૧૮માં આઈઆઈટીએ કરેલા સિક્યોરિટી ઓડિટ બાદ આ પુલ જોખમી હોવાનું જાહેર કરીને પુલનું પુનર્બાંધકામનું કામ કરવાની ભલામણ કરવામાં આવી હતી. ૧૯મી નવેમ્બર ૨૦૨૨ના રોજ આ પુલને તોડી પાડવામાં આવ્યો હતો. ત્યાર બાદ પાલિકાના પુલ વિભાગ તરફથી પુલના પુનર્બાંધકામનું કામ હાથ ધરાવમાં આવ્યું હતું. મે, ૨૦૨૪ સુધી પુલનું કામ પૂરું કરવાનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો હતો. આ માટે અંદાજે બાવન કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ પુલની નીચેનાં અતિક્રમણો તેમ જ વ્યાવસાયિક ગાળાઓ કામમાં અડચણરૂપ બની રહ્યાં હતાં. ૧૨ અતિક્રમણો હટાવવાનો પડકાર પ્રશાસનની સામે હતો. આમાં મોટા ભાગનાં બાંધકામો હટાવવામાં આવતાં કામને ગતિ મળી હતી. મધ્ય રેલવેના સીએસએમટીથી મસ્જિદ બંદર સ્ટેશનના પૂર્વ તરફના ટાટા પાવર કંપનીની દિશા તરફ પુલના પાયને ઉભારવામાં આવ્યા હતા. આ કામને યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું હતું, જ્યારે પશ્ચિમ દિશાએ ઉત્તર તરફ કામ ચાલી રહ્યું છે. ત્રણ ઓવરહેડ વાયર સ્થળાંતર કરવાનું કામ મધ્ય રેલવે કરવાનું છે. આને કારણે જ પુલ પર ગર્ડર લોંચ કરવાનું કામ એપ્રિલના અંતમાં થશે, એવું પ્રશાસને જણાવ્યું હતું. ■

# માતાની જાતિ દીકરાને આપવા માટે અરજી

## હાઈ કોર્ટનો સામાજિક ન્યાય વિભાગને જવાબ આપવાનો આદેશ

મુંબઈઃ પિતાને બદલે માતાની જાતિ દીકરાને અપાય એ માટે હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. માતાનું કાસ્ટ સર્ટિફિકેટ દીકરાને આપવાનો આદેશ કોર્ટે આપવો, એવી માગણી કરતી અરજી પોતે માતાએ જ કરી છે.

આંચકાદાયક વાત તો એ છે કે કાસ્ટ સર્ટિફિકેટ નકાર્યા બાદ તેની વિરુદ્ધ અપીલ કરવા માટે અધિકૃત સત્તા જ નથી. કોર્ટે તેની ગંભીર દખલ લીધી છે. સામાજિક ન્યાય વિભાગના પ્રધાન સચિવ અને વિશેષ સહકારી વિભાગે તેનો જવાબ રજૂ કરવો, એવો આદેશ ન્યાયાધીશ નીતિન જામદાર અને ન્યાયાધીશ એમ.એમ. સાઠયેની ખંડપીઠે આપ્યો છે. આ અંગે મંગળવારે સુનાવણી થશે. માતાનું કાસ્ટ સર્ટિફિકેટ લઇને તેના આધારે દીકરાને શિક્ષણનો લાભ મળી શકે કે નહીં, એ મુદ્દે અરજી દ્વારા સ્પષ્ટ થવાની શક્યતા છે. રાજ્ય સરકાર તરફથી વકીલ એસ.એચ. કંકાળે દલીલ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સંપદા હીરેએ અરજી કરી છે. સંપદા કુણબી છે. તેને ઓબીસીમાં આરક્ષણનો લાભ મળે છે. તેનાં લગ્ન ડો. જયદીપ પવાર સાથે થયાં હતાં. બંનેને દીકરો થયો. ત્યાર બાદ થોડા (જુઓ પાનું ૪) ▶▶

## હવે બાળકના નામ પછી લગાવાશે માતાનું નામ

### ત્યારબાદ પિતાનું નામ અને અટક

મહારાષ્ટ્ર સરકારે મહિલાઓને સન્માનિત કરવા કેબિનેટમાં મોટો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્રમાં હવે બાળકોના નામ પછી માતાનું નામ લખવામાં આવશે. મહારાષ્ટ્રમાં હવે બાળકનું નામ, પછી માતાનું નામ, પછી પિતાનું નામ અને છેલ્લે અટક લખવામાં આવશે. આ નિર્ણય પહેલી મે, ૨૦૨૪થી મહારાષ્ટ્રમાં લાગુ કરવામાં આવશે. શિંદે સરકારની કેબિનેટ બેઠકમાં સર્વસંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રના મહિલા આરોગ્ય અને બાળવિકાસ પ્રધાન અદિતિ તટકરેએ આ અંગે વધુ માહિતી આપતાં કહ્યું હતું કે આ નિર્ણય હેઠળ પણ જો નામની પહેલા માતાનું નામ ઉમેરવાનું હોય તો સુધારો કરવાની જોગવાઈ પણ આ નિર્ણયમાં રાખવામાં આવી છે.■



**'કોસ્ટ સેવર' કોસ્ટલ રોડઃ** લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તે કોસ્ટલ રોડ આખરે મુંબઈગરાઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ રોડના કારણે પ્રવાસનો સમય તો ઓછો થશે જ, પણ તેની સાથે સાથે ઈંધણની બચત પણ થશે, એટલે કે પરોક્ષ રીતે પ્રદૂષણ પણ ઓછું થશે તેમ જ સમયની સાથે સાથે પૈસાની પણ બચત થશે. મંગળવારે કુલ ૧૬,૩૩૧ વાહનોએ કોસ્ટલ રોડ પરથી પ્રવાસ કર્યો હતો.

(અમય ખરાડે)

# મહાયુતિની બેઠકની વહેંચણી સંઘે અટકાવી

મુંબઈઃ લોકસભાની ચૂંટણી બારણે ટકોરા દઇ રહી છે ત્યારે સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંનેના ગઠબંધનમાં બેઠકોની વહેંચણી લગભગ નક્કી થઇ ગઇ છે. જોકે, મહારાષ્ટ્રમાં મહાયુતિમાં બેઠકોની ફાળવણીનો મુદ્દો હજી પણ જ્વલંત છે અને કયો પક્ષ કેટલી બેઠકો ઉપરથી લડશે તે નક્કી થઇ શક્યું નથી. તેવામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) બેઠકોની ફાળવણી અંગે મહાયુતિમાં દખલ દઇ રહી હોવાના અહેવાલ મળી રહ્યા છે.

જો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નામે જ નેતાઓ ચૂંટણી જીતવાનું વિચારી (જુઓ પાનું ૪) ▶▶

## ભાજપ દ્વારા ધુરંધરોને ટિકિટ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઇ ગયું છે અને સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંને દ્વારા પોતાના ઉમેદવારી માટેની પહેલી યાદી પણ બહાર પાડી દેવાઇ છે. એવામાં મહારાષ્ટ્રના રાજકારણમાં હજી સુધી બેઠકની વહેંચણીનો મુદ્દો ગૂંચવાયેલો છે. જોકે, આ વખતે લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠક જીતવાનું લક્ષ્ય રાખનારી ભાજપ મહારાષ્ટ્રમાં (જુઓ પાનું ૪) ▶▶

# ભાજપને ૪૦૦ બેઠક મળી તો પછી ક્યારેય ચૂંટણી નહીં થાયઃ ઉદ્ધવ ઠાકરે

## બંધારણ બદલવા માટે ૪૦૦ બેઠકનું લક્ષ્ય હોવાનો ઉદ્ધવનો દાવો

મુંબઈઃ બંધારણમાં જડમૂળથી ફેરફાર કરવા માટે ભાજપ ૪૦૦ બેઠકો જીતવા માગતી હોવાનું શિવસેના(ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું. જો ભાજપ ૪૦૦ બેઠકો જીતી જાય તો દેશમાં પછી કોઇ ચૂંટણી નહીં યોજાય એવો પ્રહાર ઉદ્ધવે ભાજપ ઉપર કર્યો હતો. ઉદ્ધવે યવતમાળના રાળેગાંવમાં સભાને સંબોધતા કહ્યું હતું કે લોકોએ તેઓ કયા ખતરાનો સામનો કરી રહ્યા છે તે તેમણે જાણવું જોઇએ. તેઓ લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠકો જીતવાની વાતો કરહી રહ્યા છે. તેમને ૪૦૦ બેઠકો દેશના વિકાસ માટે નથી જોઇતી. તેમને દેશનું બંધારણ બદલાવવું છે. ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરના જે બંધારણ ઉપર મેં મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શપથ લીધા, તે (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

Vietnam
SA PA - HA LONG BAY CRUISE -
HANOI - DANANG - HOI AN - HO CHI MINH




DEP DATES: 07th MAR | 21st MAR | 13th APR | 27th APR | 04th MAY | 07th MAY | 11th MAY | 14th MAY | 21st MAY | 25th MAY | 28th MAY | 08th JUN | 20th JUN

PACKAGE INCLUSIONS
- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, VinWonders, Basket Boat Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073 /74

# થાણે પાલિકાની બસમાં મહિલાઓને ટિકિટમાં ૫૦ ટકા છૂટ

## સિનિયર સિટિઝનને મફત પ્રવાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે મહાનગરપાલિકા સંચાલિત બસમાં મહિલાઓને ટિકિટમાં ૫૦ ટકા છૂટ તો સિનિયર સિટિઝનને ૧૦૦ ટકા મફત પ્રવાસની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. આ યોજનાનો શુભારંભ બુધવાર ૧૨ માર્ચ, ૨૦૨૪થી કરવામાં આવવાનો છે.

થાણે મહાનગરપાલિકાએ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં પોતાના પરિવહન ઉપક્રમની બસમાં ૬૦ વર્ષથી ઉપરના નાગરિકોને વિનામૂલ્ય (જુઓ પાનું ૪) ▶▶

### પ્રેમસંબંધ સામે વિરોધ

# માતાએ ગળું દબાવી પુત્રીને મારી નાખી

મુંબઈઃ પ્રેમસંબંધ સામે વિરોધને લઇ ઝઘડો થયા બાદ ૧૯ વર્ષની પુત્રીએ માતાની આંગળીમાં બચકું ભરતાં રોષે ભરાયેલી માતાએ ગળું દબાવીને તેની હત્યા કરી હોવાની ઘટના બાંદ્રા વિસ્તારમાં બની હતી. નિર્મલનગર પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરી માતા ટીના બાગડે (૪૦)ની ધરપકડ કરી હતી. ખેરવાડી વિસ્તારમાં નથુ ગણપત ચાલમાં રહેતી ટીના બાગડેની પુત્રી ભૂમિકા કોલેજમાં ભણતી હતી અને રોહિત નામના યુવક સાથે તેના પ્રેમસંબંધ હતા. આની જાણ માતાને થતાં તેણે વિરોધ કર્યો હતો. આથી બંને વચ્ચે વારંવાર ઝઘડા થવા લાગ્યા (જુઓ પાનું ૪) ▶▶

MARUTI SUZUKI COMMERCIAL
નવી સુપર કેરી સુપરપાવર સાથે!
ભારતની સૌથી શક્તિશાળી મિનિ ટ્રક*



સુપર શક્તિશાળી એન્જિન સુપર પર્ફોર્મન્સ સાથે | સુપર હેન્ડલિંગ અને સ્થિરતા | સુપર આરામદાયક | એન્જિન ઇમોબિલાઇઝર સાથે સુપર સલામતી અને 18+ સલામતી ફીચર્સ | CNG + PETROL CNG + 5L ઇમરજન્સી પેટ્રોલ ટેન્ક સુપર માઇલેજ
HIGHEST EVER OFFER UP TO ₹42 500* CNG ₹72 500* PETROL
NEW SUPER CARRY
WWW.MARUTISUZUKICOMMERCIAL.COM | પૂછપરછ માટે ટોલ ફ્રી નંબર 1800 102 1800/1900 1800 150 પર કૉલ કરો.
EXCLUSIVE MARUTI COMMERCIAL SHOWROOMS: MUMBAI: AUTOMOTIVE MANUFACTURERS PVT. LTD., APMC MARKET, VASHI: 9930832310; EXCELL AUTOVISTA, KONGAON: 9082362358. FORTPOINT AUTOMOTIVE PVT. LTD., BHIWANDI: 40791111, 9594974633 LALBAUG: 9594974633; PRAKASH AUTO PVT. LTD., ULHASNAGAR: 9322925800; SAI SERVICE PVT. LTD., VASAI: 8291981905, 9594952104; SHIVAM AUTOZONE, ANDHERI: 8082585555 BOISAR: 9870931111 CHEMBUR: 7777049199; SIMRAN MOTORS PVT. LTD., TAKKA: 8691043034, 9223161400; VELOX MOTORS, THANE: 9867567607, 9111949494. AHER AUTO PRIME LLP, DOMBIVLI: 9967080334.
નિયમો અને શરતો લાગુ. સ્થનાત્મક વિઝ્યુલાઇઝેશન. વાહન પરનો કાળો કાચ લાઇટિંગ ઇફેક્ટને લીધે છે. દર્શાવવામાં આવેલ ફીચર્સ અને એક્સેસરીઝ સ્ટાન્ડર્ડ ફીટમેન્ટનો ભાગ ન હોય તેમ બની શકે છે. ઉપયોગમાં લેવાયેલી છબીઓ ઉદાહરણના હેતુ માટે છે.*દાવાની માન્યતા JATO DYNAMICS દ્વારા કરવામાં આવી છે. (27-03-2023)

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.